પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાનાઃ ૧૬
તા. ૧૭-૯-૨૦૨૫, બુધવાર
વર્ષઃ ૧૪, અંકઃ ૧૬૩

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સુવિચાર**
માણસ જેટલું બતાવીને જીવતો હોય છે, એના કરતાં વધારે અંદર દબાવીને જીવતો હોય છે..

**વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને ગુજરાતમાં સેવા કાર્યોનો અમૃતોત્સવ**
(વાંચો છેલ્લા પાને)

## જનનાયક-વિશ્વના સૌથી લોકપ્રિય નેતાને જન્મદિનની અઢળક શૂભકામના

### ૧૪૦ કરોડ ભારતવાસીઓનાં હૈયે આજે અનેરો હરખઃ દેશભરમાં સેવાકાર્યો સાથે ઉજવણી

**અબતક, રાજકોટ**

ભારતના અમૃતકાળના સ્વપ્નદ્રષ્ટા વિશ્વના સૌથી લોકપ્રિય નેતા નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસની દેશ સહિત દુનીયાભરમાં હર્ષોલ્લાસ સાથે સેવાકાર્યો થકી ઉજવણી કરવામાં આવી રહી છે. પોતાના સમગ્ર જીવનને દેશવાસીઓની સેવા માટે અર્પણ કરી દેનાર જનનાયકના પ્રાગટયોત્સવની ઉજવણી કરવા લોકોના હૈયે ભારે હરખ જોવા મળી રહ્યો છે.

ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદ્રી મુર્મુ ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડા, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિતના નેતાઓએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની શુભકામના પાઠવી હતી. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભકામના પાઠવતા જણાવ્યું હતુ કે, નરેન્દ્રભાઈ મોદી માત્ર એક નામ નથી પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરનું સુખનું સરનામું છે.

નરેન્દ્રભાઈએ પોતાના જીવનની દરેક ક્ષણ રાષ્ટ્રને સમર્પીત કરી છે. સતત ૧૪ વર્ષ સુધી મુખ્યમંત્રી તરીકે ગુજરાતની સેવા કર્યા બાદ છેલ્લા ૧૧ વર્ષથી તેઓ વડાપ્રધાન તરીકે દેશની ૧૪૦ કરોડની જનતાની સેવા કરી રહ્યા છે. ગુજરાતને ગ્રોથ એન્જિન બનાવનાર નરેન્દ્રભાઈ હવે ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થ વ્યવસ્થા બનાવવા માટે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી દીધી છે.

નરેન્દ્રભાઈ મોદી પ્રખર રાષ્ટ્રભકત છે. તેઓએ ૨૬ મેના ૨૦૧૪ના રોજ ભારતની શાસન ધૂરા સંભાળ્યા બાદ ભારતનો અદ્વિતીય વિકાસ થયો છે. તેઓ સતત ત્રીજી વખત ભારતના પ્રધાન મંત્રી બન્યા હતા. દેશવાસીઓને તેઓના નેતૃત્વ પર ખૂબજ વિશ્વાસ છે. પીએમ તરીકેના ૧૧ વર્ષના કાર્યકાળમાં તેઓએ કલમ ૩૭૦ હટાવી દીધી છે. અયોદયામાં ભવ્ય રામ મંદિરનું નિર્માણ, પી.એલ.આઈ. સ્કીમ, ત્રિપલ તલાક, વકફ બોર્ડના કાયદામાં સુધારા જેવી અનેક ઉપલબ્ધી હાંસલ કરી છે. આજે માત્ર ભારત જ નહી વિશ્વના ૭૫ દેશોમાં રકતદાન કેમ્પ થકી નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિનની ઉજવણી કરવામાં આવી રહી છે.

આજથી દેશભરમાં સ્વચ્છતા પખવાડિયાનો આરંભ કરવામાં આવ્યો છે. દેશભરમાં દિવાળી જેવો માહોલ જોવા મળી રહ્યો છે. સેવા કાર્યો થકી દેશવાસીઓ પોતાના હૃદય સમ્રાટ નેતાના જન્મદિનની વધામણા કરી રહ્યા છે.

### રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ સહિતના વિશ્વભરના નેતાઓએ વડાપ્રધાનને જન્મદિનની શુભકામના પાઠવી




# નરેન્દ્ર મોદી@75

### જનતા સાથે જોડાયેલું નેતૃત્વ, પ્રધાનમંત્રી મોદીનું પ્રેરક જીવનઃ ગૃહમંત્રી અમિત શાહ

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છાઓ આપતા કહ્યુ હતું કે આજે દેશને સમર્પિત જીવન જીવતા નેતા, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મ થયો હતો. આજે તેઓ ૭૫માં વર્ષમાં પ્રવેશી રહ્યા છે. મોદીનાં નેતૃત્વ હેઠળ ભારતે સર્વસમાવેશક વિકાસ મોડેલ અપનાવ્યો છે - જનધન, ઉજ્જવલા, આયુષ્માન ભારત અને આવાસ જેવી યોજનાઓથી કરોડો લોકોને સીધી રાહત મળી છે. કઠિન સમયમાં તેમણે અડગ રહીને આર્ટિકલ ૩૭૦ની રદબાતલ, ત્રિપલ તલાકનો અંત, નોટબંધી અને જીએસટી જેવા ઐતિહાસિક નિર્ણયો લીધા. કોરોના મહામારી દરમિયાન ભારતે વેક્સીન બનાવીને વિશ્વને (અનુ. આઠમા પાને)



### ટ્રમ્પે મિત્ર મોદીને જન્મદિવસની શુભકામનાઓ પાઠવી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના ૭૫મા જન્મદિવસની શુભકામનાઓ પાઠવી હતી. ટ્રમ્પે 'ટ્રુથ સોશિયલ' પરની એક પોસ્ટમાં જણાવ્યું કે તેમણે મોદી સાથે ફોન પર વાત કરી હતી અને તેમને જન્મદિવસની શુભેચ્છાઓ આપી હતી. ટ્રમ્પે મોદીના કામની પ્રશંસા કરતા કહ્યું કે તેઓ ''ખૂબ જ સારું કામ'' કરી રહ્યા છે. આ પોસ્ટમાં ટ્રમ્પે એવો પણ દાવો કર્યો કે વડાપ્રધાન મોદીએ તેમનો રશિયા-યુક્રેન યુદ્ધનો અંત લાવવામાં મદદ કરવા બદલ આભાર માન્યો. આના જવાબમાં, વડાપ્રધાન મોદીએ પણ 'એક્સ' પર ટ્રમ્પનો આભાર માન્યો અને યુક્રેન સંઘર્ષના શાંતિપૂર્ણ સમાધાન માટેની ટ્રમ્પની પહેલને સમર્થન આપ્યું. મોદીએ ભારત-યુએસ ભાગીદારીને વધુ મજબૂત કરવા માટે પોતાની પ્રતિબદ્ધતા પણ વ્યક્ત કરી.



### રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી મોદીને જન્મદિવસની શુભેચ્છા પાઠવી

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના ૭૫માં જન્મદિવસ નિમિત્તે શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડીયા પ્લેટફોર્મ 'એક્સ' પર જન્મદિવસના શુભેચ્છા સંદેશમાં તેમણે પ્રધાનમંત્રીને જન્મદિવસના અભિનંદન આપી તેમના સારા સ્વાસ્થ્ય અને દીર્ઘાયુની કામના કરી હતી.

# વેપાર કરાર મુદ્દે ભારત અને અમેરિકા વચ્ચે ૭ કલાકની મેરેથોન બેઠક

### બન્ને પક્ષે હકારાત્મક વલણઃ હવે આગામી દિવસોમાં ફરી બીજી બેઠક યોજી વેપાર કરાર માટેની વાતચીતને આગળ ધપાવાશે

**અબતક, નવી દિલ્હી**

ભારત અને અમેરિકા વચ્ચે ગઈકાલે વેપાર કરાર પર ૭ કલાક સુધી બેઠક ચાલી હતી. બંને દેશો વચ્ચેની બેઠક સકારાત્મક રહી હતી અને ભવિષ્યમાં પણ ટેરિફ જેવા ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. આ બેઠકમાં અમેરિકા તરફથી મુખ્ય વાટાઘાટકાર બ્રેન્ડન લિંચ અને ભારત તરફથી અધિક સચિવ રાજેશ અગ્રવાલ હાજર રહ્યા હતા.

હકીકતમાં, યુએસ ટીમ વેપાર કરાર અંગે દિલ્હીમાં લાંબી વાતચીત કરી હતી. આ બેઠક એક દિવસીય બેઠક હતી. હવે યુએસ ટીમ પરત જશે. જોકે, આગામી બેઠક ટૂંક સમયમાં યોજાવાની છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા આપવામાં આવેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આજે ૭ કલાક સુધી ચાલેલી બેઠકમાં ટ્રેડ ડીલના વિવિધ પાસાઓ પર સકારાત્મક અને દૂરંદેશી ચર્ચા થઈ હતી. આ બેઠકમાં વેપાર કરારને ટૂંક સમયમાં પૂર્ણ કરવાના પ્રયાસોને વધુ તીવ્ર બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર તણાવ ઘટાડવા અંગે પણ બેઠકમાં ચર્ચા થઈ હતી. ત્યારે ભારત સતત ટેરિફનો મુદ્દો ઉઠાવી રહ્યું છે. શક્ય છે કે ટેરિફ પર પણ બેઠક દરમિયાન ચર્ચા થઈ હોત. આ ઉપરાંત ભારત અમેરિકામાં તેના નાના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા અંગે પણ ચર્ચા કરી શકે છે.

આ બેઠકમાં અમેરિકાએ પોતાનો દૃષ્ટિકોણ પણ રજૂ કર્યો હશે, જેમાં ભારતીય બજારમાં કૃષિ અને ડેરી ક્ષેત્ર માટે ખુલ્લા પ્રવેશની માંગણી સામેલ હોઈ શકે છે. અમેરિકા ભારતમાં તેના ડેરી અને કૃષિ ઉત્પાદનો વેચવા માગે છે, (અનુ. આઠમા પાને)

### ટેરિફ ઝીંક્યા બાદ ભારતે મચક ન દેતા ટ્રમ્પ ઢીલા પડ્યાં

છેલ્લા કેટલાક દિવસોથી ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધોમાં ટેરિફને લઈને તણાવ જોવા મળી રહ્યો હતો. આ દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ભારત પ્રત્યે નરમ વલણ અપનાવ્યું હતું અને પીએમ મોદીને પોતાના નજીકના મિત્ર ગણાવ્યા હતા અને તેમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જેના જવાબમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'હું પણ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને મળવા આતુર છું.'



### રૂપિયા ૧.૦૨ લાખ કરોડના કરારો સાથે સંબંધો મજબૂત કરવા ટ્રમ્પ બ્રિટન પહોંચ્યા

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ કિંગ ચાર્લ્સ ત્રીજાના આમંત્રણ પર બીજી વાર બ્રિટનના ઐતિહાસિક રાજ્ય પ્રવાસે પહોંચ્યા છે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના સંબંધોને મજબૂત કરવાનો છે. લંડન નજીક સ્ટેનસ્ટેડ એરપોર્ટ પર તેમનું આગમન થયું. આ મુલાકાત બે રાજ્ય પ્રવાસો માટે આમંત્રણ મેળવનારા ટ્રમ્પને પ્રથમ યુએસ નેતા બનાવે છે, જે તેમનો અગાઉનો ૨૦૧૯નો પ્રવાસ ક્વીન એલિઝાબેથ ૨ દ્વારા આયોજિત કરાયો હતો. સુરક્ષા વ્યવસ્થા કડક રાખવામાં આવી છે અને તેમનું શેડ્યૂલ મધ્ય લંડનથી દૂર રાખવામાં આવ્યું છે, જ્યાં વિરોધ પ્રદર્શનો યોજાવાની શક્યતા છે. યુકે સરકારને આશા છે કે આ મુલાકાત દરમિયાન રૂપિયા ૧.૦૨ લાખ કરોડના પરમાણુ અને ટેકનોલોજી પ્રોજેક્ટ્સને આવરી લેતા કરારો પર હસ્તાક્ષર કરવામાં આવશે, જેનાથી બંને દેશોની ''અતૂટ મિત્રતા'' વધુ ગાઢ બનશે. આ મુલાકાત (અનુ. આઠમા પાને)



## યમનના બંદર ઉપર હુથીના લશ્કરી ઠેકાણા ઉપર ઈઝરાયેલનો હુમલો

### હવાઈ સંરક્ષણ પ્રણાલીએ ઈઝરાયેલના લડાકુ વિમાનોને પાછા ધકેલ્યા હોવાનો હુથીઓનો દાવો, જ્યારે અનેક લશ્કરી સરંજામ નષ્ટ કર્યાનો ઈઝરાયેલનો દાવો

**અબતક, નવી દિલ્હી**

ઈઝરાયલે યમનના હોદેઈદા બંદર પર હુમલો કર્યો છે. હુથી બળવાખોરોનો દાવો છે કે આ કાર્યવાહીમાં તેમણે લશ્કરી માળખાને નિશાન બનાવ્યું છે, જે તેમના હવાઈ સંરક્ષણમાં ઘૂસવા માટે કરવામાં આવ્યું હતું. હુથી પ્રવક્તા યાહ્યા સારીએ જણાવ્યું હતું કે ઈઝરાયલી વિમાનોને તેમના હવાઈ સંરક્ષણને કારણે પીછેહઠ કરવાની ફરજ પડી હતી. તેમણે કહ્યું હતું કે હવાઈ સંરક્ષણ દ્વારા ઉભા થયેલા પડકારને કારણે કેટલાક ઈઝરાયલી વિમાનોને યમનના હવાઈ ક્ષેત્રમાંથી પીછેહઠ કરવાની ફરજ પડી હતી.

જૂથના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઈઝરાયલે યમનના બંદર શહેર હોદેઈદા પર હવાઈ હુમલા શરૂ કર્યા પછી ઈરાન સમર્થિત હુથી બળવાખોરોએ તેમના હવાઈ સંરક્ષણને સક્રિય કર્યા હતા. પ્રવક્તા યાહ્યા સારીએ એક્સ પર પોસ્ટ કર્યું હતું કે, ''અમારી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ હાલમાં ઈઝરાયલી વિમાનોનો સામનો કરી રહી છે જે આપણા દેશ પર હુમલો કરી રહ્યા છે.''

ઈઝરાયલી સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે (અનુ. આઠમા પાને)

## યુદ્ધ વિરામ માટે મધ્યસ્થી સ્વીકારવાનો ભારતે ઈન્કાર કર્યાનું અંતે પાકે કબૂલ્યું

### 'ઓપરેશન સિંદૂર' બાદ ટ્રમ્પની શાંતિ વાટાઘાટોના દાવાને પાકિસ્તાન નાયબ વડા પ્રધાન અને વિદેશ મંત્રી રદિયો આપ્યો

**અબતક, રાજકોટ**

પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ મંત્રી મોહમ્મદ ઈશાક ડારે એક મોટો ખુલાસો કર્યો છે. તેમણે સ્વીકાર્યું કે ભારતે ''ઓપરેશન સિંદૂર'' દરમિયાન કોઈ પણ ત્રીજા પક્ષની મધ્યસ્થીનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો. ડારનું આ નિવેદન અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાઓથી તદ્દન વિપરીત છે. ટ્રમ્પે વારંવાર દાવો કર્યો હતો કે અમેરિકાએ ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ સ્થાપવા માટે મધ્યસ્થીની ભૂમિકા ભજવી હતી, પરંતુ હવે પાકિસ્તાન તરફથી જ આ વાતનો રદિયો મળ્યો છે. આ ખુલાસો વૈશ્વિક મંચ પર ભારતની અડગ નીતિને પુનરાવર્તિત કરે છે.

અલ જઝીરા સાથેની વાતચીતમાં ઈશાક ડારે જણાવ્યું કે પાકિસ્તાન મધ્યસ્થી માટે તૈયાર હતું, પરંતુ ભારતે સ્પષ્ટપણે કહ્યું કે આ મુદ્દો દ્વિપક્ષીય છે. ડારે કહ્યું કે ૧૦ મેના રોજ જ્યારે સેક્રેટરી રૂબિયો મારફતે યુદ્ધવિરામની ઓફર આવી, ત્યારે તેમને કહેવામાં આવ્યું હતું કે ટૂંક સમયમાં ભારત સાથે વાટાઘાટો થશે. જોકે, ૨૫ જુલાઈના રોજ રૂબિયો સાથેની બેઠકમાં તેમને જાણ થઈ કે ભારતે આ વાતચીતને દ્વિપક્ષીય મુદ્દો કહીને નકારી કાઢી છે. પાકિસ્તાન વ્યાપક વાટાઘાટો ઈચ્છતું હતું, (અનુ. આઠમા પાને)



સુરક્ષિત દર્દી, સ્વસ્થ સમાજ

# સુરક્ષા પહેલા, આરોગ્ય હંમેશાઃ આજે વિશ્વ દર્દી સુરક્ષા દિવસ

## આ વર્ષની ઉજવણી થીમ ‘‘દરેક નવજાત શિશુ અને દરેક બાળક માટે સલામત સંભાળ’’ છે, જેનું સૂત્ર ‘‘શરૂઆતથી જ દર્દીની સલામતી’’ છે, જે અપૂરતી સંભાળને કારણે થતા જોખમોને ટાળે છેઃ નબળી આરોગ્ય સંભાળને કારણે વિશ્વભરમાં દર વર્ષે લાખો લોકો મૃત્યુ પામે છે કે ઈજાગ્રસ્ત થાય છે

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજના યુગમાં દર્દીને ગમે ત્યારે ઈમરજન્સીમાં હોસ્પિટલે લઈ જવા પડતો હોય છે, આવા સમયે તાત્કાલિક સારવાર જીવન બચાવી શકતી હોય છે. જે શારીરિક મુશ્કેલી હોય તેના નિષ્ણાત તબીબો પાસે જો આપણે સમયસર પહોંચી જઈએ તો સારવાર, સંભાળ અને તાત્કાલિક સારવારથી સારા પરિણામો મળતા હોય છે. કોઈપણ દવાખાનું નાનું કે મોટું દર્દીની સુરક્ષા પ્રથમ ક્રમે હોય છે. આજે વિશ્વ દર્દી સુરક્ષા દિવસ છે ત્યારે વાંચકો માટે અત્રે લેખ પ્રસ્તુત છે. ૨૦૧૯ થી વૈશ્વિક સ્તરે ઉજવાતા આ દિવસની ઉજવણી સાથે લોકોમાં તેની જાગૃતિ લાવવી ખૂબ જ જરૂરી છે. આ વર્ષની ઉજવણી થીમ અને સૂત્રમાં ‘‘દરેક નવજાત શિશુ અને દરેક બાળક માટે સલામત સંભાળ’’ છે, જે બાળરોગ અને નવજાત શિશુ સંભાળમાં મજબૂત સલામતીની જરૂરિયાત તરફ ધ્યાન દોરે છે. ‘‘શરૂઆતથી દર્દીની સલામતી!’’ છે, જે જન્મથી જ બાળકોના અધિકારોનું રક્ષણ કરવાના મહત્વ પર ભાર મૂકે છે.બાળકોની અસુરક્ષિત સંભાળ પ્રત્યેની નબળાઈને રેખાંકિત કરે છે, અને તેમને સુરક્ષિત કરતી સિસ્ટમોને મજબૂત બનાવવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂકે છે. વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા સંચાલિત સત્તાવાર વૈશ્વિક આરોગ્ય દિવસોમાંથી એક છે. તે દર્દી સલામતીના પડકારો પ્રત્યે જાગૃતિ લાવવા અને વિશ્વભરમાં કાર્યવાહીને પ્રોત્સાહન આપવા માટે બનાવવામાં આવ્યો હતો. આ દિવસ આરોગ્યસંભાળ કાર્યકરો, નીતિ નિર્માતાઓ અને દર્દીઓને અટકાવી શકાય તેવી તબીબી ભૂલો ઘટાડવા માટે એક સહિયારી પ્રતિબદ્ધતામાં પણ એક કરે છે. તબીબી સેવાઓનો લાભ લેતા વીસમાંથી એક દર્દીને ટાળી શકાય તેવી દવાના નુકસાનની અસર થવાની સંભાવના છે, અને ચારમાંથી એક દર્દી જીવલેણ બીમારીઓનો ભોગ બની શકે છે.દવાથી થતું નુકસાન એ ટાળી શકાય તેવા નુકસાનનું મુખ્ય કારણ છે, તે તબીબી સંભાળમાં થતા કુલ ટાળી શકાય તેવા નુકસાનના લગભગ ૫૦ ટકા માટે જવાબદાર છે. દવાના નુકસાનનો સૌથી વધુ દર વૃદ્ધ દર્દીઓમાં જોવા મળે છે, ત્યારબાદ સઘન સંભાળ એકમ અને કટોકટીની દવાનો ક્રમ આવે છે.

દર્દીઓને દવાઓ લખતી વખતે, આપતી વખતે અને દેખરેખ રાખતી વખતે દવાની ભૂલ થઈ શકે છે. પ્રિસ્ક્રિપ્શન, વહીવટ અને દેખરેખના ધોરણો અંગે સારી રીતે તાલીમ પામેલા કુશળ આરોગ્ય વ્યાવસાયિકોને નિયુક્ત કરીને, ક્લિનિકલ ટીમ વચ્ચે યોગ્ય સંકલન કરીને, અને દર્દીઓને દવાની આડઅસરો અને દવાના ઉપયોગની યોગ્ય રીત વિશે શિક્ષિત કરીને દવાના નુકસાનને ઘટાડી શકાય અને ટાળી શકાય છે. વિશ્વ દર્દી સલામતી દિવસ એ જનજાગૃતિ વધારવા, હિસ્સેદારો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા અને દર્દીની સલામતી સુધારવા માટે વૈશ્વિક પગલાં લેવાનો એક અવસર છે. WHO બાળરોગ અને નવજાત શિશુ સંભાળમાં ટાળી શકાય તેવા નુકસાનને દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવાની હાકલ કરે છે, જે ‘સુરક્ષિત બાળજન્મ’, ‘દર્દીની સલામતીને પ્રાથમિક્તા આપવી’, ‘આરોગ્ય કાર્યકર સલામતી’, ‘દવા સલામતી’, ‘દર્દી અને પરિવારની સંલગ્નતા’ અને ‘નિદાન સલામતી’ પર અગાઉના અભિયાનોના પ્રયાસોના આધારે કરવામાં આવ્યું છે. વિશ્વ દર્દી સલામતી દિવસ ૨૦૨૫ નો ઉદ્દેશ્ય અર્થપૂર્ણ સુધારાઓ લાવવા અને દરેક બાળકના સલામત અને ગુણવત્તાયુક્ત સંભાળના અધિકારને પુનઃપુષ્ટિ કરવાનો છે.






આ દિવસ દર્દીઓ અને તેમના પરિવારોને આરોગ્ય સંભાળમાં સામેલ થવા માટે પ્રોત્સાહિત કરે છે, કારણ કે તેમના સહયોગથી સારવાર વધુ સુરક્ષિત બની શકે છે. આ પહેલ દર્દીઓને થતી ઈજાઓ અને મૃત્યુને અટકાવવા માટે લેવાયેલુ એક મહત્વપૂર્ણ પગલું છે. WHOના અંદાજ મુજબ, નબળી આરોગ્યસંભાળને કારણે વિશ્વભરમાં દર વર્ષે લાખો લોકો મૃત્યુ પામે છે કે ઈજાગ્રસ્ત થાય છે. વિશ્વ દર્દી સલામતી દિવસના મુખ્ય ઉદ્દેશોમાં દર્દીની સલામતીના મહત્વ વિશે સમાજમાં જાગૃતિ લાવવી. દર્દીઓની સલામતી સુધારવા માટે આરોગ્ય સંભાળ સંસ્થાઓ, સરકારો અને વ્યક્તિઓને પગલાં લેવા પ્રોત્સાહિત કરવા. સલામત તબીબી પ્રેક્ટિસ અને ભૂલો ઘટાડવા માટેની નવીન પદ્ધતિઓ અપનાવવી. દર્દીઓને તેમની પોતાની સલામતીમાં સક્રિય ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવા. આ દિવસ એ માત્ર એક દિવસની ઉજવણી નથી, પરંતુ આરોગ્યસંભાળ પ્રણાલીમાં કાયમી સુધાર લાવવાની પ્રતિબદ્ધતા છે. દર્દીની સલામતી એ આપણી સહિયારી જવાબદારી છે. દર્દીની સુરક્ષા માત્ર તબીબી ભૂલો અટકાવવા પૂરતી સીમિત નથી. તેમાં ચેપ નિયંત્રણ, દવાઓનો યોગ્ય ઉપયોગ, અને સંભાળની ગુણવત્તા સુધારવા જેવા અનેક પાસાંઓનો સમાવેશ થાય છે. દર્દીઓ, તેમના પરિવારો, અને આરોગ્ય કર્મચારીઓએ સાથે મળીને આ દિશામાં કામ કરવું જોઈએ. ગંભીર માંદગીમાં દર્દીને તાત્કાલિક સારવારની સાથે હૃદય, કિડની ફેલ્યોર, કે કેન્સર જેવા ચોક્કસ રોગ માટે નિષ્ણાત ડોક્ટર દ્વારા સારવાર આપવામાં, શિશુઓ અને બાળકોને આરોગ્ય સંભાળમાં, ખાસ કરીને સઘન સંભાળ એકમોમાં, સર્જિકલ સેટિંગ્સમાં અને દવા વહીવટ દરમિયાન, નુકસાનના અપ્રમાણસર ઊંચા જોખમોનો સામનો કરવો પડે છે. ઈમરજન્સીમાં દર્દીની સારવાર માટે, સૌ પ્રથમ ABC (એરવે, બ્રીધિંગ, સર્ક્યુલેશન) પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. દર્દીને સ્થિર રાખવા અને તરત જ જરૂરી તબીબી સારવાર આપવી એ સૌથી મહત્વપૂર્ણ બાબત છે.

### ઈમરજન્સીમાં દર્દીનો જીવ બચાવવામાં આ મશીનો ઉપયોગી

દર્દીની જોખમી અને ગંભીર પરિસ્થિતિમાં વેન્ટિલેટર એક એવું મશીન છે, જે દર્દીને શ્વાસ લેવામાં મદદ કરે છે, જ્યારે તે જાતે શ્વાસ લઈ શકતા નથી, ત્યારે ઓક્સિજન અને હવાના મિશ્રણને ફેફસાંમાં પમ્પ કરે છે, જેથી શરીરને પૂરતો ઓક્સિજન મળી રહે.

**ઓક્સિજન કોન્સન્ટ્રેટરઃ** આ મશીન હવામાંથી ઓક્સિજનને અલગ કરીને શુદ્ધ ઓક્સિજન પૂરો પાડે છે. તે ઓક્સિજન ટેન્ક કરતાં વધુ સુરક્ષિત અને અનુકૂળ છે, ખાસ કરીને જ્યારે દર્દીને લાંબા સમય સુધી ઓક્સિજનની જરૂર હોય ત્યારે ઉપયોગી છે.ડિફિબ્રિલેટર એક એવું મશીન છે જે હૃદયના ધબકારા અનિયમિત હોય ત્યારે ઈલેક્ટ્રિક શોક આપીને તેને સામાન્ય સ્થિતિમાં લાવે છે. તે ખાસ કરીને કાર્ડિયાક અરેસ્ટના કેસમાં અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ મશીનો ઈમરજન્સીમાં દર્દીનો જીવ બચાવવામાં ખૂબ જ મદદરૂપ થાય છે.

**દર્દીને ઈમરજન્સીમાં જીવન સહાયક સારવાર, સઘન સંભાળ, નિષ્ણાતની સારવાર અને શસ્ત્ર ક્રિયાનું મહત્વ વધી જાય છેઃ નવજાત સંભાળમાં ૯૭ ટકા સુધી પ્રતિકૂળ ઘટનાને અટકાવી શકાય છે**

**દર્દીની ગંભીર સ્થિતિમાં સઘન સારવાર સંભાળ એકમ (ICU)માં સારવાર આપવામાં આવે છે, જેમાં વેન્ટિલેટર, ઈંટ ફ્લુઈડ્સ અને સતત દેખરેખનો સમાવેશ થાય છેઃ ગંભીર માંદગીમાં દર્દીને તાત્કાલિક અને વિશેષ સારવારની જરૂર પડે છે**

# મોબાઈલ આપણા હાથમાં હોવો જોઈએ, આપણું જીવન મોબાઈલના હાથમાં નહીં

૨૧મી સદી ટેકનોલોજી અને ડિજિટલ યુગની સદી કહેવાય છે. આજે સ્માર્ટફોન, કમ્પ્યુટર, ઈન્ટરનેટ અને સોશિયલ મીડિયા આપણા જીવનના અભિન્ન અંગ બની ગયા છે. ટેકનોલોજીનો યોગ્ય ઉપયોગ માનવ જીવનને સરળ, સુવિધાસભર અને ઝડપથી આગળ વધારનારાં છે. પરંતુ દુર્ભાગ્યે, તેના અતિરેક ઉપયોગને કારણે ’ડિજિટલ લત’ જેવી સમસ્યા ઝડપથી વિકસી રહી છે. આ લત માનવીય સંબંધોને ખોખલા બનાવી રહી છે.ધીમે ધીમે પરિવાર, સમાજ અને માનવ જીવનનાં મૂળભૂત મૂલ્યોને નષ્ટ કરી રહી છે.

ડિજિટલ લત શું છે?

કોઈપણ વસ્તુનો મર્યાદિત ઉપયોગ લાભદાયી છે, પરંતુ તેનો અતિરેક ઉપયોગ હાનિકારક છે. મોબાઈલ, ગેમ્સ, સોશિયલ મીડિયા, વેબ સીરીઝ, ચેટિંગ અને ઓનલાઈન ગેમિંગમાં અતિશય સમય પસાર કરવો, તેના વિના અશાંતિ અનુભવવી, અને જીવનની અન્ય જરૂરી પ્રવૃત્તિઓની અવગણના કરવી - તેને જ ’ડિજિટલ લત’ કહેવાય. દિવસની શરૂઆત મોબાઈલની સ્ક્રીનથી થાય અને અંત પણ મોબાઈલ સાથે થાય ! પરિવાર સાથે બેસીને ભોજન કરતા સમયે પણ આંખો મોબાઈલ પર જ રહે. મિત્રતા, રમતો, વાચન કે સામાજિક વાતચીતમાં રસ ઓછો થઈ જાય. આવી પરિસ્થિતિઓ દર્શાવે છે કે વ્યક્તિ ડિજિટલ લતનો શિકાર થઈ રહ્યો છે.

**ડિજિટલ લતનાં પરિણામોઃ**

**૧. માનવીય સંબંધોનું વિસર્જનઃ** માનવ જીવનનું સૌંદર્ય સંબંધોમાં છે. પરંતુ આજે સંબંધો ધીમે ધીમે ’ઓનલાઈન’ થઈ રહ્યા છે. પરિવાર સાથે વાત કરવાની જગ્યા પર મેસેજ ફોરવર્ડ થવા લાગ્યા છે. મમ્મી જ્યારે બાળકને જમવા માટે નીચે બોલાવે ત્યારે બાળક ઉપરથી મમ્મીને એવો મેસેજ કરે છે કે, જમવામાં શું બનાવ્યું છે ? ફોટો ફોરવર્ડ કર પછી નીચે આવું...! મિત્રતા હવે હૃદયથી નહીં, પરંતુ ફેસબુક કે ઈન્સ્ટાગ્રામના ’લાઈક’ અને ’કોમેન્ટ’થી માપવામાં આવે છે. દાંપત્ય જીવનમાં પતિ-પત્ની વચ્ચેનો સંવાદ ઘટી રહ્યો છે,કારણ કે સમય મોટાભાગે મોબાઈલ પર જ વીતે છે. બાળકો અને માતા-પિતાની વચ્ચેની લાગણીસભર વાતચીત ધીમે ધીમે ગાયબ થઈ રહી છે.



ડિજિટલ લતઃ માનવીય સંબંધોનો અંત

**૨. માનસિક અસરોઃ** ડિજિટલ લત માનસિક સ્વાસ્થ્યને ગંભીર અસર કરે છે. સતત સ્ક્રીન સામે રહેવાના કારણે ચિંતા, એકલતા અને નિરાશા વધે છે.લાઈક-કોમેન્ટ પર આધારિત જીવનશૈલી આત્મવિશ્વાસને નષ્ટ કરે છે. સામાજિક તુલના (Social Comparison)થી ઈર્ષા, ડિપ્રેશન અને અસંતોષ વધે છે.

**૩. શારીરિક અસરોઃ** આંખોની તકલીફ, માથાનો દુખાવો, ઊંઘનો અભાવ, કમર-પીઠની સમસ્યાઓ. બાળકોમાં શારીરિક રમતો ઘટી રહી છે, જેના કારણે સ્થૂળતા અને બીમારીઓ વધી રહી છે.મોડે સુધી મોબાઈલ વાપરવાને કારણે શરીરની પ્રાકૃતિક ઘડિયાળ બગડી રહી છે.

**૪. શૈક્ષણિક અને વ્યવસાયિક નુકસાનઃ** વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં વધારે સમય મોબાઈલ કે ગેમમાં વેડફે છે. એકાગ્રતા ઘટે છે, યાદશક્તિ નબળી પડે છે. કાર્યસ્થળ પર પણ કાર્યક્ષમતા ઘટે છે, કારણ કે મન સતત ફોનની સૂચનાઓમાં ફસાયેલું રહે છે.

**૫. માનવીય સંબંધો પર સીધી અસરઃ** માનવીય સંબંધો વિશ્વાસ, લાગણી અને સંવાદ પર આધારિત છે. પરંતુ ડિજિટલ લત તેને ખોખલા કરી રહી છે.

* **પરિવારમાં અંતર** - પહેલાં સાંજે આખો પરિવાર ભેગો બેસીને વાતચીત કરતો, હવે દરેક સભ્ય પોતાના મોબાઈલમાં વ્યસ્ત રહે છે.

* **મિત્રતા વર્ચ્યુઅલ બની ગઈ છે** - હવે મિત્રો સાથેની મુલાકાતની જગ્યાએ વિડિયો કોલ કે ઓનલાઈન ચેટિંગ જ મિત્રતાનો આધાર બની ગયું છે.

* **સંસ્કારનો અભાવ** - બાળકો વાલીઓ સાથે સમય ન વિતાવે, વાલીઓ પણ બાળકો સાથે વાત કરતાં વધારે મોબાઈલમાં વ્યસ્ત રહે છે. પરિણામે સંસ્કાર, માનવતા અને લાગણીઓ ધીમે ધીમે ઓગળી રહી છે.

* **દાંપત્ય સંબંધોમાં તણાવ** - દંપતી વચ્ચેના મતભેદો અને અવગણનાનું એક મોટું કારણ ડિજિટલ લત બની ગયું છે.

**ઉદાહરણોઃ** ઘણી વાર જોવા મળે છે કે માતા-પિતા બાળકને ખવડાવવા માટે મોબાઈલ પર કાર્ટૂન કે ગીત મૂકી દે છે. એથી બાળક ખોરાક તો ખાઈ લે છે, પણ સંવાદ અને લાગણીનો પુલ બંધાતો નથી. બાળક સ્વાદ ઓળખતા શીખતું નથી એટલું જ નહીં બલકે ઓવર ઈટીંગની પણ ખબર રહેતી નથી.

ચિંતનની પાંખે



વિઠ્ઠલભાઈ વઘાસિયા
Vdvaghasia@gmail.com.

મિત્રો સાથે પિકનિકમાં ગયેલા યુવાનો મોટાભાગનો સમય ’સેલ્ફી’ લેતા અને પોસ્ટ કરવામાં પસાર કરે છે, પરંતુ હૃદયથી મોજ-મજા કરવાનું ભૂલી જાય છે. કેટલાક કેસોમાં તો ઓનલાઈન ગેમ્સના કારણે વિદ્યાર્થીઓએ આત્મહત્યા સુધીનો રસ્તો પસંદ કર્યો છે.

**ડિજિટલ લતમાંથી બહાર આવવા માટે ઉપાયઃ** ૧. ડિજિટલ ડિટોક્સ (Digital Detox) દરરોજ ચોક્કસ સમય માટે મોબાઈલ-ઈન્ટરનેટથી દૂર રહો. પરિવાર સાથે સમય વિતાવો, પુસ્તકો વાંચો, પ્રકૃતિ વિહાર કરો.

**૨. પરિવારમાં નિયમો બનાવોઃ** ભોજન સમયે મોબાઈલનો ઉપયોગ ન કરવો. રાત્રે સૂતા પહેલાં એક કલાક ફોન બંધ રાખવો. પરિવાર સાથે દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ વાતચીત કરવી.

**૩. વૈકલ્પિક પ્રવૃત્તિઓઃ** જેવી કે રમતગમત, સંગીત, ચિત્રકામ, બાગબગીચા, વાચન જેવી પ્રવૃત્તિઓમાં રસ વિકસાવવો.

**૪. જાગૃતિઃ** શાળાઓ, કોલેજો અને સમાજમાં ડિજિટલ લતના જોખમો અંગે જાગૃતિ અભિયાન ચલાવવું જોઈએ.

**૫. સંસ્કારનો સંચારઃ** વાલીઓએ બાળકોને સમય આપવો જોઈએ. સંબંધોમાં લાગણી, પ્રેમ અને સમજણ જાળવવી જોઈએ.

**ઉપસંહારઃ** ટેકનોલોજી માનવ જીવનને આગળ ધપાવતું શક્તિશાળી સાધન છે, પરંતુ તેનો અતિરેક ઉપયોગ વિનાશક સાબિત થઈ રહ્યું છે. ડિજિટલ લતના કારણે માનવીય સંબંધો ખતમ થઈ રહ્યા છે, પ્રેમ-લાગણીની જગ્યાએ વર્ચ્યુઅલ દુનિયા છવાઈ રહી છે.

અંતે એક વાત યાદ રાખવી જોઈએ - માનવીય સંબંધો જ જીવનની સાચી સંપત્તિ છે. જો આપણે ટેકનોલોજીનો સંતુલિત ઉપયોગ કરી, પરિવાર અને સમાજ સાથે જીવંત સંબંધ જાળવીશું તો જ સાચા અર્થમાં જીવન સફળ અને સુખી બની રહેશે.

‘મોબાઈલ આપણા હાથમાં હોવો જોઈએ, આપણું જીવન મોબાઈલના હાથમાં નહીં.’

‘રામજીભાઈ ઘરમાં છે ?’ દરવાજે આવી રામજીભાઈ આગંતુકને પૂછે છે, ’બોલો શું કામ છે ?’ ’મારા દીકરાના લગ્ન છે, આ કંકોત્રી આપવા આવ્યો છું.’ આગંતુકે જવાબ આપ્યો. રામજીભાઈનો પ્રત્યુત્તર, ’તમે વોટ્સએપ નથી વાપરતા ? વોટ્સએપમાં મોકલી દેવાય ને...! ધક્કો ખાવાની જરૂર નહોતી.’

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૭-૦૯-૨૦૨૫ બુધવાર**
૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (ઝમકુડી)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પોટેટો ટોર્નેડો)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.દેવાંગી ઓઝા)
૦૪:૩૦ થી ૦૪:૫૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૪:૫૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (ચણીયા ચોલી સ્ટોરી)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૦૦ થી ૦૭:૨૦ દાંડિયા ધમાલ
૦૭:૨૦ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૮-૦૯-૨૦૨૫ ગુરુવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા(પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

### તા.૧૮-૯-૨૦૨૫ ગુરૂવાર

**વિક્રમ સંવત** ૨૦૮૧ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૫
**તિથી** ભાદરવા વદ બારશ બારશનું શ્રાધ્ધ ગુરૂપુષ્યમૃતયોગ
**નક્ષત્ર** પુષ્ય
**યોગ** શિવ **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૬.૩૬ **સુર્યાસ્તઃ** ૬.૪૭
**ચંદ્ર રાશી** કર્ક
**રાશિ અક્ષર** ડ.હ
**દિશાશૂળ** દક્ષિણ તરફ
**રાહુકાળ** બપોરે ૧.૩૦ થી ૩
**દિવસનાચોઘડીયા** શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ
**રાત્રીનાચોઘડીયા** અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ,અમૃત
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૦૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૯૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | ૫ | ૬ | ૨ | | | | |
| | | | ૩ | | | | | ૬ |
| | ૩ | | | | ૯ | | ૪ | |
| | ૨ | | | | ૬ | | ૫ | |
| ૭ | | | | ૫ | | | | ૩ |
| | ૫ | | | | | ૭ | | |
| | ૪ | ૮ | | ૬ | ૧ | | | |
| ૬ | | | ૪ | | | | ૨ | |
| | ૧ | | | ૮ | | | ૩ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૯૭ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૪ | ૧ | ૭ | ૨ | ૬ | ૮ | ૩ |
| ૩ | ૮ | ૨ | ૫ | ૪ | ૬ | ૯ | ૧ | ૭ |
| ૬ | ૧ | ૭ | ૯ | ૩ | ૮ | ૫ | ૪ | ૨ |
| ૭ | ૯ | ૫ | ૨ | ૮ | ૧ | ૩ | ૬ | ૪ |
| ૨ | ૬ | ૮ | ૩ | ૯ | ૪ | ૧ | ૭ | ૫ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૫ | ૭ | ૨ | ૯ | ૮ |
| ૪ | ૨ | ૯ | ૮ | ૧ | ૫ | ૭ | ૩ | ૬ |
| ૫ | ૭ | ૧ | ૪ | ૬ | ૩ | ૮ | ૨ | ૯ |
| ૮ | ૩ | ૬ | ૭ | ૨ | ૯ | ૪ | ૫ | ૧ |

## આવતીકાલનું રાશિફળ

### તા.૧૮.૯.૨૦૨૫, ગુરુવાર, સંવંત ૨૦૮૧, ભાદરવા વદ બારસ, પુષ્ય નક્ષત્ર, શિવ યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ કર્ક (ડ,હ) રહેશે



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ (અ,લ,ઈ) :** નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય,શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** તમારા વિચારોને અમલમાં મૂકી શકો, ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.

**કર્ક (ડ,હ) :** ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.

**સિંહ (મ,ટ) :** કોઈ બાબતને અહમનો પ્રશ્નના બનાવવો, વાદ વિવાદથી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.

**કન્યા (પ,ઠ,ણ) :** અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય, દિવસ સારો રહે.

**તુલા (ર,ત) :** સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશથી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.

**મકર (ખ,જ) :** સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય,શુભ દિન.

**કુંભ (ગ ,સ,શ) :** ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.

**મીન (દ,ચ,ઝ,થ) :** વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

# નરેન્દ્ર મોદી... માત્ર એક નામ નથી પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરના સુખનું સરનામુ છે !

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને જન્મદિવસ નિમિતે શબ્દોના સાથીયા થકી શુભકામના પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

**''પ્રારબ્ધને અહીંયાં ગાંઠે કોણ?**
**હું પડકાર ઝીલનારો માણસ છું.**
**હું તેજ ઉછીનું લઉં નહીં,**
**હું જાતે બળતું ફાનસ છું''.**

આ કાવ્યપંકિતના રચયિતા છે નરેન્દ્ર મોદી

નરેન્દ્ર મોદી... માત્ર એક નામ નથી, પરંતુ છેવાડાના માનવીના ચહેરા પરના સુખનું સરનામું છે. શાળા પ્રવેશોત્સવથી શાળામાં પ્રવેશ પામનાર વિદ્યાર્થી સુયોગ્ય શિક્ષણ પ્રાપ્ત કરી મેડિકલ ક્ષેત્રે પ્રવેશ મેળવે, ત્યારે તેના આત્મવિશ્વાસનો આધાર છે. આયુષ્માન ભારત યોજનાથી વગર કોઈ ખર્ચે શ્રેષ્ઠ સારવાર પ્રાપ્ત કરનારા વ્યક્તિના ભાવાશ્રુનું કારણ છે મોદી.

પોતે સંઘર્ષ વેઠીને અને પડકારો ઝીલીને પણ રાષ્ટ્રના જન-જનના જીવનને સમૃદ્ધ કરનારા અને વિકસિત ભારત ૨૦૪૭ માટેનો સંકલ્પ લઈને ચાલતા નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિગત જીવનનું ૭૫મું વર્ષ એ રાજ્ય, રાષ્ટ્ર અને વિશ્વ માટે એક અમૃતમય બાબત ગણી શકાય. તેમ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું.

ચીન અને પાકિસ્તાન સાથેના યુદ્ધ વખતે મહેસાણા રેલવે સ્ટેશન પર આવતા-જતા સેનાના જવાનોની સેવાના અભિયાનમાં સક્રિય ભાગીદારી નોંધાવનારા બાળ નરેન્દ્રથી લઈને વડાપ્રધાન તરીકે જીવનની પ્રત્યેક ક્ષણ રાષ્ટ્ર માટે સમર્પિત કરનાર નરેન્દ્રભાઈની આ રાષ્ટ્રસેવા જ સાચા અર્થમાં તેઓનું વ્યક્તિગત જીવન છે.

આ વર્ષે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ ઉજવી રહ્યું છે, ત્યારે ઈ.સ.૧૯૭૨માં ગુજરાત પ્રાંત પ્રચારક લક્ષ્મણરાવ ઈનામદાર (વકીલ સાહેબ)ના અપાર સ્નેહ અને માર્ગદર્શન થકી સંઘના પ્રચારક થકી રાષ્ટ્ર નિર્માણની દિશામાં મોદીજીએ એક સુવર્ણ અધ્યાય લખવાની જે શરૂઆત કરી હતી તેનું સ્મરણ થાય છે. સંઘની રાષ્ટ્રભાવના, શિસ્ત, ત્યાગ, બલિદાન અને સમર્પિતતાના ભાવને જીવનમંત્ર બનાવી માનવતાવાદ અને રાષ્ટ્રવાદની ભાવનાને જન-જન સુધી લઈ જવા માટે સંકલ્પિત થનાર મોદી સાહેબે આ વર્ષના સ્વાતંત્ર્ય દિને લાલ કિલ્લાની પ્રાચીર પરથી સંઘ માટે જે ઉદગાર વ્યક્ત કર્યા તે સંઘ માટેનો તેમનો અહોભાવ દર્શાવે છે.

ભાજપમાં ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રીની જવાબદારીથી લઈને આજે ભાજપને વિશ્વના સૌથી મોટા પક્ષ સુધી પહોંચાડવાના આ મહાયજ્ઞમાં મોદી સાહેબે પણ પોતાના સમય અને શક્તિની આહુતિ આપવાનું કાર્ય કર્યું છે.

**- ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદી**

જયારે મોદીજીએ ગુજરાતમાં શાસનધૂરા સંભાળી ત્યારે કચ્છમાં આવેલા ભૂકંપ, વાવાઝોડા, પ્રજાનો શાસન વ્યવસ્થામાં અવિશ્વાસ, નિરાશાનું વાતાવરણ, અસંતુલિત અર્થવ્યવસ્થા જેવી બાબતોથી ગુજરાત ઘેરાયેલું હતું અને સબળ તથા સક્ષમ નેતૃત્વની લોકોને અપેક્ષા અને આશા હતી.

૭મી ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતને એક એવું નેતૃત્વ મળ્યું જેણે ટેન્કર રાજ,



માફિયા રાજ, કર્ફ્યુ રાજ જેવા બધા 'નકારાત્મક રાજ'ને વિદાય આપી અને સાચા અર્થમાં 'વિકાસરાજ'ને પ્રસ્થાપિત કર્યું.

આ એક સંયોગ જ કહી શકાય કે મોદીજીએ વર્ષ ૨૦૦૧માં ગુજરાતનું નેતૃત્વ સંભાળ્યું એ વર્ષ ૨૧મી સદીનું પ્રથમ વર્ષ હતું. ક્યાં એ ૨૧મી સદીના પ્રથમ વર્ષમાં વિવિધ સમસ્યાઓથી ઘેરાયેલું ગુજરાત અને ક્યાં આજના વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો સંકલ્પ અને તે સાકાર કરવા માટેનો ગુજરાતનો પ્રયત્ન.

**- ગુજરાત બન્યું ગ્રોથ એન્જિન**

વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૧૪ સુધીનો સમયગાળો ગુજરાત માટે અનોખો રહ્યો. વિકાસનાં ઉચ્ચત્તમ ધોરણો પ્રસ્થાપિત કરવાની શરૂઆત મોદીજીએ પંચશક્તિ (જળ, જન, રક્ષા, ઊર્જા અને જ્ઞાન)ના સફળ આયોજન થકી કરી. જેના કારણે પ્રજાને સ્પર્શતા અગત્યના ક્ષેત્રોમાં આમૂલ પરિવર્તન આવ્યું.

જો નિયત સાફ હશે તો પ્રજાનો સાથ હંમેશા મળી રહેશે. સક્રિય રાજનીતિના આ ૨૪ વર્ષ અને એકપણ કાળી ટીલી નહીં. આઝાદ ભારતના રાજકીય ઈતિહાસમાં આવું વ્યકિતત્વ અને આવી લોકપ્રિયતા ભાગ્યે જ અન્ય કોઈ નેતાએ પ્રાપ્ત કરી હશે અને તેની પશ્ચાદભૂમાં છે.

**- નરેન્દ્રભાઈએ ગુજરાતમાં ઉર્જા ક્રાંતિથી અંધારા ઉલેચ્યા**

મોદીજીએ જયારે ગુજરાતમાં સેવા દાયિત્વ સંભાળ્યું ત્યારે અપુરતી વીજળી, સિંચાઈ માટે પાણીની વ્યવસ્થાઓનો અભાવ અને મર્યાદિત આંતરમાળખાકિય સુવિધાઓનો પડકાર હતો.

શ્રી નરેન્દ્રભાઈએ જ્યોતિગ્રામ યોજનાથી ૨૪ x ૭ વીજળી છેક ગામડાઓ સુધી પહોંચાડી. સૌર ઊર્જાના મહત્તમ ઉત્પાદન માટે કચ્છમાં રિન્યુએબલ એનર્જી પાર્ક અને ગ્રીન ગ્રોથને વેગ આપ્યો એટલું જ નહિ, પર્યાવરણના પડકારોને પહોંચી વળવા દેશ ભરમાં પહેલીવાર કલાયમેટ ચેન્જ વિભાગ પણ તેમણે કાર્યરત કરાવ્યો.

**- ગુજરાતમાં વાવ્યાં કૃષિક્રાંતિના બીજ**

મોદીજીએ ગુજરાતના કૃષિ વિકાસ દરને ડબલ ડિજિટ પર પહોંચાડ્યો. 'સુજલામ સુફલામ' અને 'સૌની' યોજના અને રાજયવ્યાપી વિરાટ કેનાલ નેટવર્ક તૈયાર કરીને મા નર્મદાના નીર ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ સુધી પહોંચાડ્યા.

કૃષિ મહોત્સવ'ની પહેલ તો સમગ્ર દેશ માટે અનુસરણીય બની રહી. ''લેબ ટુ લેન્ડ''ના સૂત્ર સાથે કૃષિ વૈજ્ઞાનિકોના જ્ઞાનનો સીધો લાભ ખેડૂતોને મળવા લાગ્યો. સાથે જ, સોઈલ હેલ્થ કાર્ડ થકી ખેડૂતો પોતાની જમીનની પ્રકૃતિ અને ગુણવત્તાના આધારે ખેતી કરતા થયા. આ બધાનું પરિણામ એ આવ્યું કે એક સમયે ગુજરાતના અનેક ખેડૂતો, જે માત્ર વરસાદ પર આધારિત રહેતા, તે વર્ષમાં ત્રણ-ત્રણ પાક લેતા થયાં.

આજે તો સમગ્ર દેશમાં કિસાન સન્માન નિધિ યોજનાથી ખેડૂતોના ખાતામાં પ્રતિવર્ષ રૂ.૬૦૦૦ની આર્થિક સહાય આપવામાં આવે છે. સાથે જ, લઘુત્તમ ટેકાના ભાવમાં માતબર વધારો કરીને મોદીજીએ ખેડૂતોની આર્થિક સમૃદ્ધિના દ્વાર ખોલી દીધા છે.

**- યુવા બન્યા 'નૂતન ગુજરાત - નૂતન ભારત'ના ઘડવૈયા**

આજે તો ભારતના યુવાનોને ''જોબ સીકર'' નહીં, પરંતુ ''જોબ ગીવર'' બનાવવાના લક્ષ્ય સાથે મોદીજીએ સમગ્ર દેશમાં 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા'ના માધ્યમથી યુવાનોને ઈનોવેશન આધારિત સ્ટાર્ટઅપ્સ શરૂ કરવા તમામ પ્રકારની મદદ પૂરી પાડી છે. ગુજરાત પણ આઈ-ક્રિએટથી લઈને આઈ-હબ જેવી સંસ્થાનોના માધ્યમથી સ્ટાર્ટઅપ રેન્કિંગમાં મોખરે રહ્યું છે.

**- નારીશકિતનું સાચા અર્થમાં સન્માનઃ**

મોદીજી જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે મહિલાઓ માટે અલાયદો વિભાગ સરકારમાં શરૂ કર્યો. ચિરંજીવી યોજના, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે ૫૦ ટકા અનામત, મહિલા ઔદ્યોગિક પાર્કની સ્થાપના જેવી પહેલથી 'નારીશક્તિ'ને સાચા અર્થમાં શકિત તરીકે પ્રસ્થાપિત કર

એ માતૃશકિતના અપાર આશીર્વાદથી નરેન્દ્રભાઈ સતત ત્રીજી વાર વડાપ્રધાન તરીકે જન-જનના વિશ્વાસનું પ્રતીક બન્યા છે.

**- પ્રવાસન ક્ષેત્રને મળી નવી ઊંચાઈઓઃ**

મોદીજીના શાસનકાળ પહેલા ગુજરાતનું પ્રવાસન ક્ષેત્ર સુયોગ્ય સ્થિતિમાં ન હતું, પરંતુ આજે કચ્છનું ધોરડો અને રણોત્સવ વૈશ્વિક ફલક પર બિરાજમાન છે. ધોરડોને બેસ્ટ ટુરિઝમ વિલેજનો એવોર્ડ પણ મળ્યો છે.

કચ્છમાં ભૂકંપ પછીના ઝડપી પુનર્વસનની સ્મૃતિમાં નિર્માણ થયેલું સ્મૃતિવન પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

**- 'વિકાસ પણ, વિરાસત પણ' મંત્રને સાકાર કરતું ગુજરાતઃ**

વાઈબ્રન્ટ નવરાત્રિ, વર્લ્ડ હેરિટેજ સિટીમાં અમદાવાદનો સમાવેશ, સોમનાથ મંદિરની કાયાકલ્પ, અંબાજી, પાવાગઢ જેવા ધાર્મિક સ્થળો ખાતે શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ વગેરે મોદીજીના 'વિકાસ પણ, વિરાસત પણ'ના મંત્રનો ઉદઘોષ અને વાસ્તવિક અમલીકરણ પણ છે.

**- વાઈબ્રન્ટ ઔદ્યોગિક ક્ષેત્ર, એક આગવું પ્રદાનઃ**

વાઈબ્રન્ટ શબ્દ જાણે ગુજરાત માટે જ બન્યો હોય એવી પ્રતીતિ થાય છે. વાઈબ્રન્ટ સમિટ થકી ગુજરાતના ઔદ્યોગિક ક્ષેત્રમાં લાખો લોકોને રોજગારી મળી અને શ્રેષ્ઠ માળખાગત સુવિધાઓ ઊભી થઈ. ગિફ્ટ સિટી, ધોલેરા, એસ.આઈ.આર., ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ જેવી પહેલો થકી ગુજરાત આજે ઉદ્યોગ જગત માટે પસંદગીનું રાજ્ય બન્યું છે.

- મોદી સાહેબના ૭૫મા વર્ષે...

મોદીજી એ વાતનું જીવંત ઉદાહરણ છે કે, જો સ્વયંમાં વિશ્વાસ અને જનતા જનાર્દનનો પ્રેમ સાથે હોય તો કલ્પનાતિત પરિણામો હાંસલ કરી શકાય છે. આજે ભારતના લોકો મોદીજીને એક નેતા તરીકે નહીં પરંતુ વિકસિત ભારતના ઘડવૈયા તરીકે જોઈ રહ્યા છે. તેમના ૭૫મા જન્મદિવસ અવસરે મોદી સાહેબને આપણે એટલું અવશ્ય કહી શકીએ કે, આપે કંડારેલા વિકાસના રાજમાર્ગ પર ગુજરાત અવિરતપણે આગળ વધતું રહેશે અને વિકાસના અસીમ અજવાળા જગમાં પાથરતું રહેશે. મોદીજીના જ શબ્દોમાં કહીએ તો..

**અમે અજવાળા પાથરશું,**
**જગમાં અજવાળા પાથરશું**
**એકતા, સમતા, મમતાને**
**અમે જતન કરી જાળવશું**
**અમે અજવાળા પાથરશું**




# અલગ -અલગ થીમ સાથેની ૭૫ રંગોળી થકી નરેન્દ્રભાઈને જન્મદિનની શુભકામના

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મ દિવસની ઉજવણી અંતર્ગત સ્વચ્છતા હી સેવા થીમ આધારિત રાજકોટ મહાનગરપાલિકા અને મિશન સ્માર્ટ સિટી ટ્રસ્ટ-ચિત્રનગરીના સંયુક્ત ઉપક્રમે આજે પૂજ્ય મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે રંગોળી ઉત્સવનો શુભારંભ કરવામાં આવ્યો હતો.૮૨ કલાકારો દ્વારા અંદાજીત ૪૦૦ કિલો ચિરોડી કલરના ઉપયોગથી અલગ અલગ ૨૫ થી વધુ થીમ પર ૭૫ રંગોળી બનાવવામાં આવી હતી.

રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે સુતરની દોરી કટ કરી શુભારંભ કરવામાં આવ્યો હતો.ઉપસ્થિત મહાનુભાવોએ કલાકારો દ્વારા બનાવવામાં આવેલ તમામ ૭૫ રંગોળી નિહાળી હતી.






## ૮૨ કલાકારોની કલા નિખારી ઊઠી:શહેરીજનો કાલ સુધી રંગોળી નિહાળી શકશે

આ તકે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સાંસદ રામભાઈ મોકરીયા, શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો.દર્શિતા શાહ, શહેર મહામંત્રી અશ્વિનભાઈ મોલિયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, રાજુભાઈ ધ્રુવ, સેનિટેશન કમિટી ચેરમેન નિલેશભાઈ જલુ, કાયદો અને નિયમોની સમિતિ ચેરમેન કંકુબેન ઉઘરેજા, કોર્પોરેટર અલ્પાબેન દવે, કુસુમબેન ટેકવાણી, નાયબ કમિશનર સી.કે.નંદાણી, એચ.આર.પટેલ, પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકી, સહાયક કમિશનર બી.એલ. કાથરોટીયા, મેનેજર કૌશિક ઉનાવા ઉપસ્થિત રહ્યા હતા.

આ રંગોળી ઉત્સવની વિશિષ્ટતા એ છે કે, ગોંડલના એક એવા કલાકાર કે જેનો ઉપયોગ પોલીસ ખાતામાં કોઈ ગુનેગારનો સ્કેચ બનાવવામાં થાય છે એવા ભાવેશભાઈ બગથરીયાએ અહી રંગોળી બનાવી હતી. અન્ય કલાકારોની વાત કરીએ તો નાનામાં નાના ૧૪ વર્ષથી લઈને ૬૦ વર્ષના વરિષ્ઠ કલાકારોએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો. અલગ અલગ ૨૫થી વધુ થીમ જેમાં સૌથી વધુ સ્વચ્છોત્સવ, શહેરી વિકાસ વર્ષ, ઓપરેશન સિંદૂર, અમૃત મિશન અને ચંદ્રયાન જેવી થીમો ઉપર ૮૨ કલાકારો દ્વારા અંદાજિત ૫૦૦ માનવ કલાકના શ્રમથી અંદાજિત ૪૦૦ કિલો ચિરોડી કલરનો ઉપયોગ કરી ૭૫

(અનુ. આઠમા પાને)




# આર્થ્રોસ્કોપી સર્જન ડો.કૌશલ પટેલનું રિસર્ચ આર્ટિકલ ઓર્થોપેડિકની આંતરરાષ્ટ્રીય જર્નલમાં પસંદગી પામ્યું

## હવે ઘૂંટણના લીગામેન્ટની ઈન્જરી નવીનતમ ટેકનિકની મદદથી રાજકોટ ખાતે જ આંતરરાષ્ટ્રીય કક્ષાની સારવાર ડો. કૌશલ પટેલ પાસે મળી રહેશે

**અબતક, રાજકોટ**




રાજકોટના નામાંકિત આર્થ્રોસ્કોપી સર્જન ડો.કૌશલ પટેલ કે જે ઘૂંટણ અને ખંભાના લીગમેન્ટ તેમજ ખંભાના સાંધા બદલવાની સર્જરીના સુપરસ્પેશિયાલિસ્ટ ડોક્ટર છે. તાજેતરમાં તેમણે રમતગમત સાથે સંકળાયેલા લોકો જેવા કે એથ્લીટ કે અન્ય રમતમાં જ્યારે ઘૂંટણના લિગામેન્ટની ઈન્જરી થાય ત્યારે તેમને સર્જરીની મદદથી ઉત્તમ પરિણામ આપતી તેમજ ઝડપથી સ્પોર્ટ્સ રમી શકાય તેવી સર્જરીની ટેક્નિકનું સંશોધન પેપર ઓર્થોપેડિકની આંતરરાષ્ટ્રીય જર્નલમાં મોકલ્યું હતું. Combined ACL and ALL ligament reconstruction using hamstring graft Indian Journal of Orthopaedicમાં પ્રકાશિત થયું. આ પદ્ધતિથી રમતગમત સાથે સંકળાયેલા લોકો કે જેમને ઘૂંટણના લીગામેન્ટની ઈન્જરી થાય છે અને તેની સારવાર માટે વિદેશ જવું પડતું હતું તેના બદલે આ નવીનતમ ટેકનિકની મદદથી રાજકોટ ખાતે જ આંતરરાષ્ટ્રીય કક્ષાની સારવાર ડો. કૌશલ પટેલ પાસે મળી શકશે.

ડો. કૌશલ પટેલે આર્થ્રોસ્કોપી અને સ્પોર્ટ્સ મેડિસિનના વિશ્વનાપાયોનીયર કન્ટ્રી સાઉથ કોરિયામાં સેન્ટ મેરી હોસ્પિટલ ખાતે લીગામેન્ટની ઈજા તથા તેની સારવાર માટે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. તેમજ ઘૂંટણ તથા ખંભાના લીગામેન્ટની ઈજાઓ અને તેની સારવારની એડવાન્સ ટેકનોલોજીનો ફ્રાન્સની સેન્ટી ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે પણ અભ્યાસ કરેલ છે. ડો. કૌશલ પટેલ ઘૂંટણના લીગામેન્ટની ઈજા, ઘૂંટણની ગાદીની ઈજા, ઘૂંટણનો સાંધો બચાવવાનું ઓપરેશન, ખંભાના લીગામેન્ટની ઈજા, ફ્રોઝન શોલ્ડર, ખંભાનું વારંવાર ઉતરી જવું, સોલ્ડર રિપ્લેસમેન્ટ તમામના દુરબીનથી ઓપરેશન કરવાના નિષ્ણાંત સર્જન છે. અત્યાર સુધીમાં આ પ્રકારના ૩૦૦૦ થી વધુ ઓપરેશનનો અનુભવ ધરાવે છે. આ બધી સારવારનું ઉચ્ચ શિક્ષણ તેમણે સાઉથ કોરિયા અને ફ્રાન્સ ખાતે મેળવેલ છે. હાલમાં તેઓ રાજકોટની શિવ ઓર્થોપેડીક સુપરસ્પેશિયાલીટી હોસ્પિટલ, બાલાજી હોલની બાજુમાં, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે સેવા આપે છે.

# સર્જનતાના દેવતા વિશ્વકર્મા જયંતીની ભાવભેર ઉજવણી

## કારીગરો અને કર્મચારીઓએ મશીનો અને સાધનોને પવિત્ર બનાવી કાર્યક્ષમતા અને પ્રગતિ માટે આશિર્વાદ પ્રાપ્ત કર્યા





તસવીર: શૈલેષ વાડોલિયા

**અબતક, રાજકોટ**

આજે વિશ્વકર્મા જયંતી ઉત્સાહપૂર્વક ઉજવાઈ રહી છે. હિન્દુ ધર્મમાં ભગવાન વિશ્વકર્માને દેવોના શ્રેષ્ઠ શિલ્પકાર અને સૃષ્ટિના નિર્માતા તરીકે માનવામાં આવે છે. આ તહેવાર ખાસ કરીને કારીગરો, એન્જિનિયરો, વાસ્તુકારો, મજૂરો અને ફેકટરી કામદારો માટે મહત્વપૂર્ણ છે, જેમણે આજે પોતાના કાર્યસ્થળો, મશીનો અને સાધનોની પૂજા કરીને ભગવાન વિશ્વકર્માના આશીર્વાદ મેળવ્યા.

ભક્તો સવારે સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્રો પહેરી, વર્કશોપ અને ફેક્ટરીઓની સફાઈ કર્યા પછી રંગોળી બનાવી, ફૂલ, ઘીનો દીવો અને ધૂપ સાથે પૂજા કરે છે. મંત્રોચ્ચારમાં ૐ આધાર શક્તપે નમઃ, ૐ કૂમયિ નમઃ અને ૐ અનન્તમ નમઃનો જાપ કરવામાં આવે છે.

હિન્દુ ધર્મશાસ્ત્રો અનુસાર, વિશ્વકર્મા બ્રહ્માજીના પ્રથમ એન્જિનિયર હતા જેમણે દ્વારકાધીશની દ્વારકા, ઈન્દ્રનો સ્વર્ગલોક, શિવજીનું ત્રિશૂળ અને

(અનુ. આઠમા પાને)

# દર્દીની 'સલામતી' સંભાળ જ તેને જીવનદાન આપે: ડો.તેજસ મોતીવરસ

## દર્દી અને તેના પરિવારજનોનો સહયોગ ટ્રીટમેન્ટ સરળ બનાવે

રિપોર્ટર-અરૂણ દવે
કેમેરામેન દર્શન વાડોલીયા

**અબતક, રાજકોટ**

આજે ઈન્ટરનેશનલ પેશન્ટ સેફટી દિવસ છે. જે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૨૦૧૯થી વૈશ્વિકસ્તરે ઉજવાય છે. આ દિવસની વિશેષ માહિતી માટે અબતક સાથે ગોકુલ હોસ્પિટલનાં ક્રિટીકલ કેરના નિષ્ણાંત ડોકટર તેજશ મોતીવરસે જણાવેલ કે આજનો દિવસ દર્દીની સંભાળ સાથે તેના પરિવારજનોના સહયોગ વિશે અગત્યનો છે.



ડો. મોતીવરસે જણાવેલ કે ઈમરજન્સીમાં દર્દી આવે ત્યારથી જ તેની સારવાર-સંભાળ ખુબજ અગત્યની હોય છે.નિષ્ણાંત મેડીકલ સ્ટાફ સાથે જે તે રોગના નિષ્ણાંત તબીબોનો રોલ મહત્વનો હોય છે.

દર્દીના સગાઓને તેના પેશન્ટની ટ્રીટમેન્ટ વિષયક માહિતી મેળવવાનો અધિકાર હોય છે. જીવન સહાયક સઘન સંભાળ દર્દી માટે અતી આવશ્યક હોય છે. દર્દીની ટ્રીટમેન્ટમાં સારા કે નરસા પરિણામો વિષયક પણ ડોકટર સગાઓને માહિતી આપતા હોય છે.

દર વર્ષે એક થીમ સાથે ઉજવણી કરાતા આ વર્ષે પ્રારંભથી જ સલામતીની વાત કરવામાં આવી છે. જે બાબતે ડો.મોતીવરસે અબતકને જણાવેલ કે પહેલા નબળી આરોગ્ય સંભાળ ને કારણે મૃત્યુ થતા પણ આજે અદ્યતન મેડીકલ સુવિધા સુરક્ષા સંભાળને કારણે દર્દીને જીવતદાન મળી જાય છે.

લોકોને સંદેશ આપતા ડોકટર તેજસ મોતી વરસે જણાવેલ કે રોગ ન થાય તે માટે પ્રારંભથી જ આપણે સેફટી-સંભાળ રાખીએ તો આપણે તંદુરસ્ત જીવન-સ્વસ્થ જીવન શૈલી સાથે જીવી શકીએ છીએ.


# રાજકોટ ડીસીપી ઝોન-૧ તરીકે હેતલ પટેલે ચાર્જ સંભાળ્યો

## સજનસિંહ પરમારની મહેસાણા એસઆરપી ખાતે બદલી થતાં ભવ્ય વિદાયમાન

**અબતક, રાજકોટ**

રાજકોટના ડીસીપી ઝોન-૧ તરીકે આઈપીએસ અધિકારી હેતલ પટેલે મંગળવારે સાંજે ચાર્જ સંભાળ્યો હતો. ડીસીપી સજનસિંહ પરમારની મહેસાણા એસઆરપી જૂથ ખાતે બદલી થતાં તેમને ભવ્ય વિદાયમાન અપાયું હતું.

પ્રાપ્ત વિગત અનુસાર તાજેતરમાં ૭૪ આઈપીએસ અને ૩૧ એસપીએસ અધિકારીઓની સાગમટે બદલીનો આદેશ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં રાજકોટના ડીસીપી ઝોન-૧ સજનસિંહ પરમારની મહેસાણા એસઆરપી જૂથ, ડીસીપી ઝોન-૨ જગદીશ બંગરવાની રાજકોટના ડીસીપી ક્રાઈમ, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહની સાબરકાંઠા અને ડીસીપી ટ્રાફિક પૂજા યાદવની ડાંગ ખાતે બદલી કરવામાં આવી હતી. અન્ય તમામ અધિકારીઓની બદલી થતાં તેમણે અન્યત્ર ચાર્જ સંભાળી લીધો હતો પરંતુ નવ નિયુક્ત ડીસીપી હેતલ પટેલ તાલીમમાં હોય તેમણે ગઈકાલે સાંજે ડીસીપી ઝોન-૧ તરીકે ચાર્જ સંભાળ્યો હતો.



મૂળ મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના નાગરવાડા ગામના લેઉઆ પટેલ સમાજના દીકરી હેતલ પટેલ વર્ષ ૨૦૧૧ માં પોલીસબેડામાં ડીવાયએસપી તરીકે નિયુક્તિ પામ્યાં હતા. ૧૦ વર્ષ સુધી તેમણે અલગ અલગ શહેર-જિલ્લામાં ફરજ બજાવ્યા બાદ વર્ષ ૨૦૨૧ માં તેમને આઈપીએસ અધિકારી તરીકે નિયુક્ત કરી પ્રથમ વાવ અને વાલિયા એસઆરપી જૂથના કમાન્ડન્ટ તરીકે નિમણૂક આપવામાં આવી હતી. ત્યારબાદ તેઓ સુરત ખાતે ડીસીપી સ્પેશિયલ બ્રાન્ચ અને કંટ્રોલ તરીકે ફરજ બજાવી રહ્યા હતા. જ્યાંથી તેમની બદલી રાજકોટના ડીસીપી ઝોન-૧ તરીકે કરવામાં આવી હતી. રાજકોટ ખાતે ચાર્જ સંભાળ્યા બાદ પોલીસ અધિકારીઓ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે 'અબતક' સાથેની ટેલિફોનિક વાતચીતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે તેમનો પ્રાથમિક ઉદ્દેશ્ય રહેશે તેવું જણાવ્યું હતું.

જયારે ડીસીપી સજનસિંહ પરમારની મહેસાણા ખાતે બદલી થતા તેમણે ગઈકાલે ચાર્જ છોડ્યો હતો. ત્યારે પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા ગઈકાલે તેમના પર પુષ્પવર્ષા કરી ભવ્ય વિદાયમાન અપાયું હતું.

# "સ્વચ્છોત્સવનો આરંભ:જયુબિલી ગાર્ડન અને બસ પોર્ટમાં સફાઈ







## આગામી ૩૧મી ઓકટોબર સુધી સફાઈ ઝુંબેશ હાથ ધરાશે:વિવિધ વિસ્તારોને કરશે ચોખા ચણાંક

**અબતક, રાજકોટ**

સ્વચ્છ ભારત મિશનની ૧૧ મી વર્ષગાંઠની સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ને આજથી ૩૧ મી ઓક્ટોબર સુધી સ્વચ્છોત્સ્વ તરીકે ઉજવશે.જેનો આજે શુભારંભ કરવામાં આવ્યો છે. સ્વચ્છોત્સ્વ અંતર્ગત સેન્ટ્રલ બસ પોર્ટ આસપાસ તથા જયુબિલી ગાર્ડનની સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.

ભારત સરકાર તથા ગુજરાત સરકારશ્રી દ્વારા ૨-જી ઓક્ટોબરના રોજ પૂજ્ય મહાત્મા ગાંધીજીને જન્મ જયંતિની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આદોલનની ઉજવણીને આહવાન કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત મિશનના ૧૧ મી વર્ષગાંઠની સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ ને આજ થી આગામી ૩૧ મી ઓક્ટોબર,૨૦૨૫ સુધી સ્વચ્છોત્સ્વ તરીકે ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ સ્વચ્છોત્સ્વ અંતર્ગત પબ્લિક ટ્રાન્સપોર્ટ, ધાર્મિક અને પ્રવાસન સ્થળ, નદી તળાવ, સર્કલ, પ્રતિમાઓ, ખુલ્લા પ્લોટ, શહેરના એન્ટ્રી પોઈન્ટ, ફૂટપાથ, માર્કેટ અને વાણિજ્ય વિસ્તારની સફાઈ અર્થે ઝુંબેશ ચલાવવામાં આવનાર છે તેમજ જનજાગૃતિ અર્થે સાંસ્કૃતિક ઉત્સવ, સ્વચ્છતા રેલી, યોગ શિબિર, સ્વચ્છ વોર્ડ સ્પર્ધા, શૈક્ષણિક સંસ્થાની ભાગીદારી, સાઈકલોથોન, સ્વચ્છતા શપથ, ભીંતચિત્રો બનાવવા, સેલ્ફી પોઈન્ટ ઈન્સ્ટોલેશન અને માનવ શૃંખલા, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર, એક પેડ માં કે નામ વૃક્ષારોપણ, સ્વચ્છ ફૂડ સ્ટ્રીટ, શેરી નાટક, રીડયુસ-રિયુઝ-રીસાઈકલ સિધ્ધાંતને આગળ વધારવા માટે કેમ્પ, સ્વચ્છતા સંવાદ, વેસ્ટ ટુ આર્ટ ફેસ્ટ વગેરે કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે.

શહેરના બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, રીક્ષા સ્ટેન્ડ, રાજ્ય ધોરી માર્ગ તથા રાષ્ટ્રીય ધોરી માર્ગની સફાઈ, શહેરના મુખ્ય માર્ગની સફાઈ, બજાર અને વાણિજ્ય વિસ્તારની સફાઈ, પબ્લિક ટોયલેટ તથા કોમ્યુનિટી ટોયલેટની સફાઈ માટે સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. ઢેબરભાઈ રોડ પર આવેલ સેન્ટ્રલ એસ.ટી. બસ સ્ટેશન આસપાસ તથા શહેરના જયુબિલી ગાર્ડન આસપાસ શ્રમદાન અને સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી. શ્રમદાન ઝુંબેશ પહેલા મહાનુભાવો દ્વારા પૂજ્ય મહાત્મા ગાંધીજીની પ્રતિમાને પુષ્પાંજલી કરવામાં આવી હતી

આ શ્રમદાન અને સઘન સફાઈ ઝુંબેશમાં કેબિનેટ મંત્રી

(અનુ. આઠમા પાને)

# શિવાય રેસીડેન્સીના બિલ્ડર વિરેન સિંધવે રૂ. ૨.૫૦ કરોડની ઠગાઈ આચરી

## મવડી વિસ્તારમાં આવેલા એપાર્ટમેન્ટના ૧૭ ફ્લેટ ગીરવે મૂકી વર્ષ ૨૦૧૯ માં માંડવરાયજી ક્રેડિટ કો. ઓપરેટિવ સોસાયટીમાંથી લોન મેળવી લીધી : બાદમાં ફ્લેટધારકોને બોજારહિત દસ્તાવેજ કરી દીધો

## તાજેતરમાં ફ્લેટધારકોને ક્રેડિટ સોસાયટીએ નોટિસ ફટકારતા ભાંડો ફૂટ્યો: બિલ્ડરને પૂછા કરતા નાણાં નહિ હોવાનું કહી હાથ ઉંચા કરી દીધા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં કરોડોની ઠગાઈનો વધુ એક બનાવ સામે આવ્યો છે. મવડી રોડ પર બાપા સીતારામ ચોક નજીક આવેલ શીવાય ફ્લેટના ૧૭ ફ્લેટ ગીરવે મૂકી બિલ્ડરે ૨.૫૦ કરોડની લોન લઈ ઠગાઈ આચરતાં તાલુકા પોલીસ મથકમાં છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. વર્ષ ૨૦૨૦ માં ફ્લેટ ધારકોને બોજા રહિતના દસ્તાવેજ કરી આપ્યાં બાદ મંડવરાયજી ક્રેડિટ કો. ઓપરેટિવ મંડળીની રૂપીયા વસુલ કરવાની ફ્લેટ ધારકોને નોટીસ મળતાં જ બિલ્ડરે રૂપીયા નહિ હોવાનું કહીં હાથ ઊંચા કરી દેતાં ફ્લેટ ધારકો મુશ્કેલીમાં મુકાયા છે.

રાજકોટ શહેરના રાધાનગરના ગુલાલ વિહાર સોસાયટી શેરી નંબર-૨ માં રહેતા ૪૦ વર્ષીય શિક્ષિકા હેતલબેન મોહનીશભાઈ ટીલાળાએ તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં બિલ્ડર વિરેન બાબુભાઈ સિંધવનું નામ આપતાં પોલીસે ઠગાઈની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી હતી. શિક્ષિકાએ જણાવ્યું હતું કે, હું કોટડાસાંગાણી તાલુકાના મોટા માંડવા પ્રાથમીક શાળામાં છ વર્ષથી શિક્ષક તરીકે નોકરી કરું છું. મારા પરીવારમાં હું તથા મારા પતિ મોહનીશભાઈ, બે દિકરીઓ, સાસુ કિરણબેન, દાદી સાસુ સાથે રહીએ છીએ.વધુમાં શિક્ષિકાએ જણાવ્યું હતું કે, અમે રાજકોટ શહેરમાં સમાવિષ્ટ મવડીના રેવન્યુ સર્વે નંબર ૧૮૧ ની બિનખેડવાણ અને રહેણાંકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નંબર ૧૬ પૈકીની જમીન ચો.મી. આશરે ૧૭૨-૩૩-૫૭ તથા રે. સર્વે નંબર ૧૮૨ પૈકીની બિનખેડવાણ અને રહેણાકના હેતુ માટે ઈમારત બાંધવાની મંજુરીવાળા પ્લોટસ પૈકી પ્લોટ નંબર ૨૧ પૈકીની જમીન ચો.મી.આ. ૨૩૧-૭૪-૨૨ તથા પ્લોટ નંબર-૨૩ પૈકીની જમીન ચો.મી.આ. ૨૭૫-૪૦-૬૦ આમ મળી કુલ જમીન ચો.મી.આ. ૭૧૯-૪૮-૩૯ ઉપરના મકાન અમે વે.દ.અ.નં.૩૫૮૯ તા.૨૨/૦૫/૨૦૧૮ થી બિલ્ડર વિરેનભાઈ બાબુભાઈ સિંધવ (રહે. વંદના હેરીટેઝ, બ્લોક નંબર બી-૪૦૨ પી.ડી. માલવીયા કોલેજ પાછળ, ગોંડલ રોડ, રાજકોટ) પાસેથી ફ્લેટ ખરીદ કરેલ હતો, જેનુ નામ શિવાય ફ્લેટ છે અને આ શિવાય ફ્લેટમાં કુલ ૩૨ ફ્લેટ આવેલા છે. જેમાં મારા ફ્લેટ નંબર-૫૦૩ ના છે. અમે આ ફ્લેટ એક્સીસ બેંકની લોનથી ખરીદ કરેલ હતો. બાદ આ ફ્લેટ મારા દિયર

### સરકારી શાળાના શિક્ષિકાની ફરિયાદ પરથી તાલુકા પોલીસ મથકમાં બિલ્ડર વિરેન સિંધવ વિરુદ્ધ ગુનો દાખલ

કિશનભાઈ અશ્વીનભાઈ ટીલાળાને રહેવા માટે આપેલ હતો.તા.૨૬/૦૫/૨૦૨૦ ના રોજ બપોરના સાડા બાર વાગ્યે બિલ્ડર વિરેનભાઈ બાબુભાઈ સિંધવએ અમને વેચાણ દસ્તાવેજ કરી આપેલ હતો.

બાદ ગઈ તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ હુ મારા ઘરે હાજર હતી. ત્યારે દિયર કિશનભાઈનો ફોન આવેલ કે, રજીસ્ટર એડી. મારફતે તમારા ઘરે એક ટપાલ આવેલ છે, જેમાં શુક્લા એન્ડ શુક્લા એડવોકેટની તમારા નામની નોટીસ છે. જે નોટીસ માંડવરાયજી ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લી. દ્વારા મોકલવામાં આવેલ છે. જે નોટીસમાં કેવીનભાઈ જીતેન્દ્રભાઈ પંડ્યા (રહે.એ-૧૩૦૨ રાધા રેસીડેન્સી, ૧૫૦ ફુટ રીંગ રોડ, માધાપર ચોકડી, રાજકોટ)ના સભ્ય દરજ્જે વીરેનભાઈ બાબુભાઈ સિંધવએ તેમની માલીકીની સ્થાવર મિલ્કત રૂ. ૫૦ લાખ તા. ૨૨/૦૪/૨૦૧૯ ના રોજ ૧૫ ટકા ના દરે તેમના ધંધાના વિકાસ માટે કેસ ક્રેડીટ ધિરાણ લીધેલ છે અને તેના લોન ખાતા નંબર એ-૧૩૭-૬૪૦૦૦૦૩૫ છે. આ ધિરાણમાં (૧) બાબુભાઈ માધાભાઈ સિંધવ (૨) હેમલભાઈ દીપકભાઈ સોમૈયા ધિરાણની રકમ ભરપાઈ કરી આપવાની સંપુર્ણ જવાબદારી સ્વીકારી જામીન થયેલ છે. શિવાય ફ્લેટસ એપાર્ટમેન્ટમાં કુલ-૩૨ ફ્લેટો આવેલ છે જેમાંથી ૧૭ ફ્લેટો ધિરાણ સવલતની જામીનગીરીમાં વીરેનભાઈ બાબુભાઈ સિંધવ દ્વારા સોસાયટી જોગ ઈક્વીટેબલ મોરગેજ કરી આપેલ છે અને માંડવરાયજી ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી.એ વીરેનભાઈ બાબુભાઈ સિંધવ તથા જામીનદારો પાસેથી ઈક્વીટેબલ મોરગેજ કરી આપેલ ફ્લેટોવાળી મિલ્કત વસુલ મેળવવા માટે રાજકોટના બોર્ડ ઓફ નોમીનીઝની કોર્ટના લવાદ કેસ નં.૨૮૪/૨૦૨૩ થી રૂ.૫૩,૭૭,૯૦૬/- ની રકમ તથા તા.૦૧/૦૫/૨૦૨૩ થી વસુલ થતા સુધી ૧૫ ટકા વ્યાજ તથા ૨ ટકા વધારાના વ્યાજ સહિતની રકમ વસુલ મેળવવા માટે દાવો કરવામાં આવેલ છે. આ દાવામાં બોર્ડ ઓફ નોમીનીઝ દાવા મુજબની દાદ મંજુર કરી સ્થાવર મિલ્કતથી લેણુ વસુલ કરી શકીએ તેવુ હુકમનામું તા.૧૩/૦૩/૨૦૨૪ ના રોજ કરેલ છે. બોર્ડ ઓફ નોમીનોઝ સાહેબના હુકમનામા અન્વયે સહકારી કાયદા મુજબ જીલ્લા રજીસ્ટ્રારમાંથી વસુલાત કરવા માટેનુ જરૂરી પ્રમાણપત્ર મેળવી રાજકોટના સીવીલ જજની કોર્ટમાં લેણી રકમ વ્યાજ સહીત રૂ.૬૬,૩૫,૨૩૭ તથા તે રકમ ઉપર તા.૦૧/૦૯/૨૦૨૪ થી વસુલ થતા સુધીના ૧૫+૨ ટકા લેખે કરારની શરતો મુજબના ચડતા વ્યાજ તથા ઈક્વીટેબલ મોરગેજ કરી આપેલ મિલ્કતોથી તથા દાવાના ખર્ચ સહિતની રકમ વસુલ થાય તેવી દરખાસ્ત કરેલ છે. તેમજ આ નોટીસ મળ્યેથી દિવસ-૧૫ માં દરખાસ્ત મુજબની વ્યાજ સહીતની રકમો ભરપાઈ કરવા તમે જેની પાસેથી ફ્લેટ ખરીદ કરેલ છે તેને રકમો ભરપાઈ કરવા અથવા કરાવવા જાણ કરવામાં આવે છે. જે કરવામાં કસુર થયેથી શિવાય ફ્લેટ્સ એપાર્ટમેન્ટમાં ફ્લેટ નંબર-૫૦૩ થી વસુલાતની કાર્યવાહી કરવામાં આવશે તેમજ કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે તેવુ નોટીસમાં લખેલ હતું.

જેથી અમે તથા શિવાય એપાર્ટમેન્ટના (૧) પ્રજ્ઞાબેન નિલેશભાઈ ચૌહાણ (૨) જોશનાબેન રમેશભાઈ ડાંગરીયા (૩) ભારતીબેન દિનકરરાય જોશી (૪) જયેશ ભાઈ દુલેરાય પંડ્યા (૫) મંજુલાબેન ભીખાભાઈ ભંડેરી (૬) કૃષ્ણાબેન અનીલભાઈ સાવલીયા (૭) રેખાબેન પ્રશાંતભાઈ ધામેલીયા (૮) અંકીતાબેન ગૌરવભાઈ રોજાસરા (૯) ક્રીષ્નાબેન પંકજભાઈ મહેરા તથા અન્ય ફ્લેટ ધારકોને નોટીસ આવેલ હતી. આ તમામ લોકોએ અમારી શિવાય સોસાયટીના બિલ્ડર વીરેનભાઈ સિંધવને ફોન કરી સોસાયટીમાં આવવા જણાવેલુ હતું અને અમે બધા ભેગા થયેલા હતા.

બાદ વીરેનભાઈ સાથે વાત કરતા તેમણે જણાવેલ કે, વર્ષ ૨૦૧૯ માં મે માંડવરાયજી ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી. ખાતેથી આ બિલ્ડીંગની ફાઈલ મુકી રૂ.૨.૫૦ કરોડની લોન લીધેલ છે અને જેમાંથી રૂ. ૨ કરોડ ચૂકતે કરી દીધેલ છે અને બાકીના રૂ. ૫૦ લાખ અને તેનું વ્યાજ ભરવાનુ બાકી છે. હાલ મારી પાસે પૈસા નથી તેમ વાત કરેલ હતી.

જેથી બિલ્ડર વિરેન સિંધવએ વર્ષ ૨૦૧૯ માં માંડવરાયજી કેડીટ કો.ઓપરેટીવ સોસાયટીમાંથી રૂ.૨.૫૦ કરોડની શિવાય બિલ્ડીંગની ફાઈલ મુકી લોન લીધેલ અને તા.૨૬/૦૫/૨૦૨૦ માં બિલ્ડરે ફરીયાદી અને ફ્લેટના બીજા માણસોને ફ્લેટના અલગ અલગ વેચાણ દસ્તાવેજ કરી આપી જે વેચાણ દસ્તાવેજમાં વેચાણ આપેલ ફ્લેટ કે તેની સમગ્ર "શિવાય" ઉપરની સમગ્ર મિલ્કત કે જમીન ઉપર સરકારી કે સહકારી કે બેંકનુ, પેઢીનું, નિગમનુ, સહકારી મંડળીનુ કે અન્ય કોઈ વ્યક્તિનુ કોઈપણ પ્રકારનુ કરજ, બોજો નથી કે કોઈનો ચાર્જ હક્ક, અગ્રહક્ક, ખાધાખોરાકીનો હક્ક, કે કોઈ જામીનગીરીનો કે કોઈપણ પ્રકારનો હક્ક નથી અને સર્વ પ્રકારના બોજા રહિત બીજા વગરની મિલ્કત તમોને વેચાણ આપેલ છે તેવુ લખેલ છે. જેથી આરોપીએ ૧૭ ફ્લેટની ફાઈલ મૂકી રૂ.૨.૫૦ કરોડની લોન લઈ છેતરપીંડી આચરી હતી.

બનાવ અંગેની ફરીયાદ પરથી તાલુકા પોલીસે ગુનો નોંધી પીએસઆઈ એમ.આઈ.શેખ અને ટીમે તપાસ હાથ ધરી હતી.

### બે કરોડ ચૂકવી દીધા છે અને હવે બાકીના નાણાં ચૂકવવા મારી પાસે પૈસા નથી કહી બિલ્ડર છટકી ગયો

ફ્લેટ ધારકોએ શિવાય સોસાયટીના બિલ્ડર વીરેનભાઈ સિંધવને ફોન કરી સોસાયટીમાં આવવા જણાવેલુ હતું અને અમે બધા ભેગા થયેલા હતા.

બાદ વીરેનભાઈ સાથે વાત કરતા તેમણે જણાવેલ કે, વર્ષ ૨૦૧૯ માં મે માંડવરાયજી ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લી. ખાતેથી આ બિલ્ડીંગની ફાઈલ મુકી રૂ.૨.૫૦ કરોડની લોન લીધેલ છે અને જેમાંથી રૂ. ૨ કરોડ ચૂકતે કરી દીધેલ છે અને બાકીના રૂ. ૫૦ લાખ અને તેનું વ્યાજ ભરવાનુ બાકી છે.

હાલ મારી પાસે પૈસા નથી તેમ વાત કરેલ હતી.


### જાયે તો જાયે કહા ઔર કરે તો કરે ક્યાં જેવી ફ્લેટધારકોની સ્થિતિ: બિલ્ડર નાણાં નહિ ચૂકવે તો ગીરવે મુકાયેલ ફ્લેટમાંથી વસુલાત કરાશે તેવી નોટીસ મળ્યે ભારે ઉહાપો

# રતનપર નજીકથી બોલેરોમાં ક્રૂરતાપૂર્વક બાંધેલા બે પશુઓને જીવદયાપ્રેમીઓએ મુક્ત કરાવ્યા

## વાંકાનેરના એઝાઝ લાખા અમરસરથી પ્રાણીઓ ભરી સદર બજારમાં મુકવા જતો'તો : કુવાડવા પોલીસ મથકમાં ગુનો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલ મોરબી રોડ પર રતનપર પાસે જીવદયા પ્રેમીઓએ શંકાસ્પદ બોલેરો કાર અટકાવી પોલીસને જાણ કરી હતી. બોલેરોમાંથી એક ભેંસ અને એક પાડો ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં આવ્યા હતાં. આ પશુ વાંકાનેરના અમરસરથી ભરી સદર બજારમાં લઈ જતા હતા પશુની હેરફેર માટે કોઈ જરૂરી પરવાનગી ન હોય અને પશુને ક્રૂરતાપૂર્વક બાંધ્યા હોય આ અંગે જીવદયાપ્રેમીની ફરિયાદ પરથી પોલીસે બોલેરો ચાલક વિરોધ ગુનો નોંધ્યો છે.શહેરના મોરબી રોડ પર સેટેલાઈટ ચોક પાસે રહેતા જીવદયાપ્રેમી ભાવિનભાઈ ઘનશ્યામભાઈ ધિયાડ(ઉ.વ ૩૫) દ્વારા કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે બોલેરો પીકપ વાહન નંબર જીજે ૩ ઝેડ ૭૮૦૫ ના ચાલક એઝાઝ અબ્બાસભાઈ લાખા (રહે. વાંકાનેર) નું નામ આપ્યું છે.



ભાવિનભાઈ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલ રાત્રિના ત્રણેક વાગ્યા આસપાસ તેઓને માહિતી મળી હતી કે, બોલેરો નંબર જીજે-૦૩-ઝેડ-૭૮૦૫ માં કોઈપણ પ્રકારની પરમીટ વગર વાંકાનેરથી પશુ ભરીને રાજકોટ તરફ આવે છે. જે મીતાણા થઈ રાજકોટ ખાતે ગાડી આવશે જેથી તેમની ટીમના સભ્યોએ રતનપર ગામ દ્વારકાધીશ હોટલ પાસે ઉભા રહ્યા હતા. દરમિયાન રાત્રિના ચારેક વાગ્યે આસપાસ પોલીસ કંટ્રોલ રૂમમાં જાણ કરી પોલીસ ગાડી બોલાવી હતી અને તેમને આ બાબતે વાત કરી હતી. ત્યારબાદ સવારે પાંચેક વાગ્યે આસપાસ બોલેરો પીકપ ગાડી અહીંથી પસાર થતાં તેને ઉભી રખાવી હતી. ગાડીમાં જોતા અંદર એક ભેંસ અને પાડો જોવા મળ્યો હતો.

બાદમાં ચાલક નીચે ઉતારી તેની પૂછતાછ કરતા તેનું નામ એઝાઝ અબ્બાસભાઈ લાખા (ઉ.વ ૨૩ રહે. ખાટકીપરા, શેરી નંબર-૧, વાંકાનેર) હોવાનું જણાવ્યું હતું. આ પશુ ક્યાંથી લાવ્યો અને ક્યાં લઈ જાય છે? તે બાબતે પૂછતા કહ્યું હતું કે, વાંકાનેરના અમરસર ગામથી નીજામભાઈ પાસેથી બોલેરોમાં પશુ ભરી સદર બજારમાં મકસુદભાઈને આપવા માટે જાઉં છું તેવું કહ્યું હતું. તેની પાસે પશુની હેરફેર અંગે જરૂરી મંજૂરી કે પરવાનગી અંગેના કાગળ માંગતા નહીં હોવાનું જણાવ્યું હતું. વાહનમાં પશુ હલનચલન કરી ન શકે તે રીતે તેને દોરડાથી બાંધેલ હોય જેથી આ અંગે જીવદયાપ્રેમીએ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે રૂપિયા બે લાખની કિંમતની બોલેરો કબજે કરી આ શખસ વિરુદ્ધ પશુક્રૂરતા અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# પથિકાશ્રમ નજીકથી ચોરાઉ વાહન સાથે તસ્કર ઝડપાયો

## તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો : ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

**અબતક, રાજકોટ**



ક્રાઈમ બ્રાન્ચની ટીમે જામનગર રોડ પર પથિકાશ્રમ નજીકથી ચોરાઉ વાહન સાથે તસ્કરને દબોચી તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ વાહનચોરીના ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

ડીસીપી ક્રાઈમ જગદીશ બંગરવા અને એસીપી ક્રાઈમ બી બી બસિયા દ્વારા શહેરી વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, લૂંટ, ચિલઝડપ સહિતના મિલ્કત સંબંધી અનડિટેક્ટ ગુના શોધી કાઢવા આપવામાં આવેલી સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ આર ગોંડલીયા, એમ એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વનરાજ સિંહ ડોડીયાની ટીમ શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ અમિતકુમાર અગ્રાવત, હેડ કોન્સ્ટેબલ જયરાજભાઈ કોટીલા અને દિલીપભાઈ બોરીચાને મળેલ સંયુક્ત બાતમીના આધારે જામનગર રોડ પર આવેલ પથિકાશ્રમ સામેથી ચોરાઉ વાહન યામાહા આર એક્સ ૧૦૦ જેના નંબર જીજે-૦૩-એલ-૫૫૮૮ જેની કિંમત રૂ.૨૦,૦૦૦ સાથે વિષ્ણુ ઉર્ફે દિનુ ચીમનભાઈ ખાંટ (ઉવ ૨૩ રહે. કેસરી પુલ ફૂટપાથ ઉપર, રાજકોટ મૂળ રહે. ગૌરીદળ,રાજકોટ)ને ઝડપી લેવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચે તસ્કરને ઝડપી લેતા તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો હતો. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલા શખ્સ વિરુદ્ધ શહેરના અલગ અલગ પોલીસ મથકમાં ચાર ગુના નોંધાઈ ચૂક્યાનું સામે આવ્યું છે.

# દુષ્કર્મના ગુનામાં મદદગારી કરનાર બે મિત્રોને દસ- દસ વર્ષની સજા

## વોન્ટેડ સૂત્રધાર પકડાયા બાદ તેની સામે ટ્રાયલ ચલાવવા હુકમ : પીડીતાને સાત લાખનું વળતર ચૂકવવા હુકમ

**અબતક , રાજકોટ**

શહેરમા રહેતી ૧૬ વર્ષની સગીરાને પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારવાના ગુનાના કેસની સુનાવણી દરમિયાન મુખ્ય આરોપી દિવ્યેશ મકવાણા ચાલુ ટ્રાયલ દરમિયાન નાસી ગયેલ હોય તેઓને નાસતા ફરતા જાહેર કરી ચેતન ગોહિલ અને પિયુષ મેઘનાથ સામે કેસ ચાલી જતા અદાલતે મદદગારી કરનાર બે શખ્સને ૧૦ ૧૦ વર્ષની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે. જ્યારે પીડિતાને સરકારશ્રીની યોજનાઓ મુજબ ૭ લાખનું વળતર ચૂકવવા અદાલતે હુકમ કર્યો છે જ્યારે નાસી છૂટેલા સૂત્રધાર ને ફરારી જાહેર કરવામાં આવ્યો છે. વધુ વિગત મુજબ શહેરના પ્ર.નગર વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની રહેતી સગીરા ને દિવ્યેશ મકવાણા નામના શખ્સે પ્રેમ જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી અવારનવાર દુષ્કર્મ ગુજારીયાની અંગેની મદદગારી કરનાર દિવ્યેશના મિત્ર ચેતન ગોહિલ અને પિયુષ મેઘનાથ સહિત શખ્સો સામે પીડીતાના વાલી એ પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. બાદ પોલીસે ત્રણેય શખ્સની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરવામાં આવ્યા હતા બાદ તપાસની દ્વારા અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવતા પોકસો કોર્ટમાં કેસ ચાલવા પર આવ્યો હતો. ત્રણે શખ્સ જામીન પર મુક્ત થયા હતા.આ કામ ના મુખ્ય આરોપી દિવ્યેશ મકવાણા ચાલુ ટ્રાયલ દરમિયાન નાસી ગયેલ હોય તેઓને નાસતા ફરતા જાહેર કરવામાં આવેલ હતો. બાદ ચેતન ગોહિલ અને પિયુષ મેઘનાથ સામેની



સરકારી વકીલ આબીદ સોસન

કોર્ટ દ્વારા સુનાવણી હાથ ધરવામાં આવી હતીજેમાં સરકાર પક્ષે ૧૫ થી વધુ દસ્તાવેજી પુરાવાઓ તથા ભોગબનનાર ફરિયાદી ડોક્ટર અને પંચ તેમજ તપાસનીશ અધિકારી ૮ જેટલા સાહેદો ની જુબાનીઓ લેવામાં આવેલી તમામ સાહેદો અને દસ્તાવેજી પુરાવા ને ધ્યાને લેતા ચેતન ગોહિલ અને પિયુષ મેઘનાથ સામે પુરાવો વધુ મજબૂત થયેલો અને બંને આરોપી એ ગુન્હા માં મહત્વ ની ભૂમિકા ભજવેલા નું કોર્ટ ના રેકર્ડ પર આવતા આ તમામ બાબતો ને ધ્યાન માં લેતા ચેતન ગોહિલ અને પિયુષ મેઘનાથ સામે ના કેસ સાબિત કરવામાં ફરિયાદ પક્ષ સફળ થયેલ હોય અને મદદનીશ સરકારી વકીલ આબિદ સોસન ની ધારદાર દલીલને ધ્યાને લેતા આ કામના મદદગારી કરનાર ચેતન ગોહિલ અને પિયુષ મેઘનાથ સહિત બંને આરોપીને સ્પેશિયલ પોકસો જજ વીએ રાણા આ કામ ના આરોપીઓ ને ૧૦ વર્ષ સખ્ત કેદ ની સજા અને ૫ હજાર નો દંડ તેમજ ભોગબનનાર ને વિકિટમ વળતર યોજના માંથી સાત લાખ નું વળતર ચૂકવવાનો હુકમ કરેલો આ કામ ના મુખ્ય આરોપી દિવ્યેશ મકવાણા પકડાયા બાદ તેની સામે ટ્રાયલ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ સદરહુ કામમાં સરકાર પક્ષે મદદનીશ સરકારી વકીલ આબીદ સોસન રોકાયેલ હતા.


નં. જન્મ-મરણ/રજી. કેસ નં. ૧૦૬/૨૦૨૫

**-:: જાહેર નોટિસ ::-**

આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદારશ્રી મોહનભાઈ સોમાભાઈ સુણાએ તેઓના જન્મની નોંધ જન્મ રજીસ્ટરે દાખલ કરવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અપીલ દાખલ કરેલ છે. તેઓની અપીલ અરજી મુજબ તેઓનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૬૪ ના રોજ રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના ચીખલીયા મુકામે થયેલ છે.

સદરહું અપીલ સામે જો કોઇને વાંધો - તકરાર હોય તો તેઓએ જાતે અથવા તેમના કાયદેસરના મુખત્યાર મારત સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની કોર્ટ, ધોરાજી સમક્ષ આ નોટીસ પ્રસિધ્ધ થયાના દિવસ-30 માં વાંધો તકરાર રજુ કરી શકે છે. જો કોઈ વાંધા-તકરાર રજુ કરવામાં નહી આવે તો કોર્ટ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

કોર્ટનો સિક્કો

(એન.એમ. તરખાલા)
સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ
ધોરાજી



**નામ બદલાવેલ છે**

હું અફઝલભાઈ પરીયટ આ સાથે જાહેર કરૂ છું કે મારા પુત્રનું નામ ફઝલેમોઈન અફઝલભાઈ પરીયટમાંથી બદલીને ફઝલેમોઈન આબઝલ પરીયટ કરેલ છે તેથી હવેથી મારો પુત્ર ફઝલેમોઈન આબઝલ પરીયટ નામથી ઓળખાશે.



જા.નં.: 5170 તા.: 15/9/25

**મોરબી મહાનગરપાલિકા**

**નેહરુગેટ ઘડિયાળ રિપેરિંગ કરવાનું કામ**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | કામની અંદાજીત રૂ. |
|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તાર માં આવેલ નેહરુ ગેટ ની ઘડિયાળ રીપેર કરી ચાલુ કરવાનું કામ. | 3,00,000 /- |

મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તાર માં આવેલ નેહરુ ગેટ પર સ્થિત ઘડિયાળ રિપેરિંગ કરવાં ના કામ માટે રસ ધરાવતા તથા સમાંન પ્રકાર ના કામ નો અનુભવ ધરાવતી એજન્સીઓ એ ઘડિયાળ નું રૂબરૂ નિરીક્ષણ કરી કામ કરવા માટે આમંત્રિત કરવામાં આવે છે આ કામગીરી માં રસ ધરાવતા ઉમેદવારો એ જરૂરિયાત મુજબ ના ડોક્યુમેન્ટ્સ તથા ક્વોટેશન તા: 24-09-2025 સમય 2:00 સુધી માં મોરબી મહાનગરપાલિકા પહોંચી જાય તે રીતે RPAD થી પહોંચાડવાનું રહેશે કવર પર નેહરુગેટ ઘડિયાળ રિપેરિંગ કરવાનું કામ નો ઉલ્લેખ કરવાનો રહેશે.

નાયબ કમિશનર
મોરબી મહાનગરપાલિકા

માહિતી -રાજ-૯૫૭-૨૫-૨૬



**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

નં. WR-RJT0COMM(PARK)/4/2021-O/o SR DCM/RJT/WR

**પાર્કિંગ અને પે એન્ડ યુઝના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી**

ટેન્ડર નોટીસ નં. RJT-PARK-PAY&USE25-04-03

રાજકોટ ડિવિઝન માટે નીચે જણાવેલ કેટલોગ્સ પર ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | સમયગાળો | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| E-PARK-04-25 | 1. PARKING-RJT-OKHA-MX-18-25-2<br>2. PARKING-RJT-DWK-MX-19-25-2<br>3. PARKING-RJT-HAPA-MX-6-25-1<br>4. PARKING-RJT-SUNR-MX-9-25-1 | (પાર્કિંગ-મિક્સ્ડ) | ૦૩ વર્ષ | તા.૦૧-૧૦-૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે |
| E-PAYUSE-03-25 | 1. PnU-RJT-DWK-Toi-4-25-2 | (પે એન્ડ યુઝ-ટોયલેટ્સ) | ૦૩ વર્ષ | તા.૦૧-૧૦-૨૦૨૫ ના ૧૫:૩૦ કલાકે |

ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટની વિગતો (ઈ-હરાજી લિઝીંગ) વેબસાઈટ www.ireps.gov.in પર આવનાર ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, યુનિટ : રાજકોટ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબ્ધ છે. RJT-120

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly



**નર્મદા જળસંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,**

જાહેર નિવિદા

સરકારશ્રીની યોજનાની બહોળી પ્રસિદ્ધિ અર્થે

**ખેડૂતોએ સ્વખર્ચે બનાવેલ ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરાવવાનો રાજ્ય સરકાર ઉઠાવશે ખર્ચ**

ooooooooo

**લાભ લેવા માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ : તા. ૧૦ ઓક્ટોબર સુધી ઓનલાઈન અરજી કરી શકશે**

ooooooooo

ખેતી અને ખેડૂતને આર્થિક રીતે સદ્ધર બનાવવા માટે રાજ્ય સરકાર અનેક પાસાઓ પર વિચાર કરીને જગતના તાતને વિવિધ કલ્યાણકારી યોજનાઓ થકી મદદરૂપ બની રહી છે. ત્યારે નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ દ્વારા પાણીની અછત વાળા વિસ્તારોમાં ખેતરમાં ખેત તલાવડી સંદર્ભે વધુ એક મહત્વની યોજના અમલમાં મુકવામાં આવનાર છે. જેમાં ખેડૂતોએ સ્વ ખર્ચે બનાવેલ ખેત તલાવડીઓમાં સરકારશ્રીના ખર્ચે જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવામાં આવશે.

આ યોજના અંતર્ગત મોરબી જિલ્લાનો સમાવેશ થયો છે. જેમાં ખેડૂતોએ સ્વ ખર્ચે બનાવેલ લઘુત્તમ ૫૦૪ ચો.મીટર અને મહત્તમ ૨૪૬૦ ચો.મીટરની જીઓમેમ્બ્રેન ફીટ કરી આપવાનો લાભ આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે મહત્તમ ૨૪૬૦ ચો.મીટર કરતા જીઓમેમ્બ્રેન ફીટ કરવાના કિસ્સામાં વધારાના જીઓમેમ્બ્રેન અને તેના ફીટીંગનો ખર્ચે ખેડૂતોએ જાતે ભોગવવાનો રહેશે.

**ઓનલાઈન અરજી કરવા અંગેની જરૂરી વિગતો**

જીઓમેમ્બ્રેન ફીટ કરાવીને લાભ મેળવવા ઈચ્છુક ખેડૂત ખાતેદારોએ તા. ૧૦ ઓક્ટોબર સુધીમાં https://gtalavadi.gujarat.gov.in/index.php વેબસાઈટ ઉપર ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં ખેડૂતનું નામ, સરનામું, મોબાઈલ નંબર અને આધારકાર્ડની નકલ અપલોડ કરવાની રહેશે. તેમજ ખેત તલાવડી બનાવવા માંગતા હોય તો ખેતરનો સર્વે નંબર/ બ્લોક નંબર અને વિસ્તાર ખેતરનાં ૭/૧૨ તથા ૮-અના ઉતારાની નકલ મુકવાની રહેશે. વધુમાં સ્વખર્ચે ખેત તલાવડીનું ખોદકામ કરવા અંગે, મરામત, સાફ સફાઈ, જાળવણી ખર્ચ કરવા અંગેની બાંહેધરી. સ્વખર્ચે ખેત તલાવડી ખોદકામ કર્યા હોવા અંગેની મરામત, સાફ સફાઈ અને જાળવણી સ્વખર્ચ કરવા અંગેની બાંહેધરી અપલોડ કરવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે પાણીની અછતવાળા વિસ્તારોમાં ખેડૂતોને ખેત તલાવડી ઘણી મદદરૂપ બને છે. જો આ ખેત તલાવડીમાં જીઓમેમ્બ્રેન ફીટ કરવામાં આવે તો ચોમાસા દરમિયાન વરસાદી પાણી સીધે સીધુ જમીનમાં ઉતરી જતું નથી. તેથી સંગ્રહીત થયેલ પાણીનો વરસાદ ખેંચાઈ અથવા વચગાળાના સમયમાં વરસાદ પડે નહી તો તેવા સંજોગોમાં સંગ્રહીત પાણીનો ઉપયોગ કરીને પાક બચાવવામાં અને રવિ સિંચાઈમાં કરી શકાય છે. તેમજ ખેડૂતોના પાકને પૂરક પાણી પુરૂં પાડવાની સાથો સાથ ઉપજમાં વધારો કરી શકાય અને ભૂર્ગભ જળમાં બચાવ કરી શકાય.

મોરબીનાં ખેડૂતોએ આ યોજના અંગે વધુ માહિતી માટે નીચે દર્શાવેલ કચેરીનો રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક સાધવા જણાવવામાં આવે છે.

**કચેરીનું નામ** -: કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, તાલુકા સેવા સદન લાલ બાગ રૂમ નં ૧૫૨ મોરબી ૨ મોરબી ૩૬૩૬૪૨ ગુજરાત રાજ્ય (ફોન ૦૨૮૨૨ - ૨૪૧૦૩૫)

માહિતી -રાજ-૯૫૯-૨૫-૨૬

તંત્રી લેખ

# નમોત્સવ – અમૃતોત્સવ



૧૪૦ કરોડ હિંદુસ્તાનીઓના હૃદય સમ્રાટ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આજે જન્મદિવસ છે.પ્રખર રાષ્ટ્રભકત, પુરુષાર્થી અને પ્રજાવત્સલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જેવા શાસક મળતા તે ભારત જેવા લોકશાહી રાષ્ટ્રમાટે નસીબની વાત છે. નરેન્દ્રભાઈ મોદીનો ૭૫મો જન્મદિવસ અમૃત મહોત્સવ તરીકે ઉજવાય છે.

ભારત માતાના સપૂત, વૈશ્વિક કક્ષાએ સર્વાધિક લોકપ્રિય નેતા, પ્રખર રાષ્ટ્રવાદી વિચારક-ચિંતક અને પ્રખર દેશભકત નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પ્રજા શાંતિ- સલામતિ અનુભવી રહી છે.

વૈશ્વિક રાજનૈતિક અરાજકતા-અંધાધૂંધી ના કપરા કાળમાં નરેન્દ્રભાઈ મોદીની ભારતના હિત ના રક્ષણ માટે કોઈ પણ વિદેશી તાકાત સામે નહી ઝૂકવાની નીતિના પરિણામે વૈશ્વિક સ્તરે ભારતનું વજન વધ્યુ છે. નરેન્દ્રભાઈ મોદી દેશની જનતાના હ્દયમાં બિરાજે છે.આજે કોઈ પણ દુશ્મન દેશ ભારત સામે આંખ ઉઠાવવાની કોશિશ કરી શકતો નથી.કરોડો ભારતીયો સુરક્ષિત અને સલામત બન્યો છે.

નરેન્દ્રભાઈ મોદી ૨૦૦૧થી ૨૦૧૪ સુધી ગુજરાતના સફળ યશસ્વી મુખ્યમંત્રી રહ્યા. એ સમયે તેઓએ ગુજરાતમાં વિકાસની અનેક દીર્ઘદ્રષ્ટિ ભરેલી મહત્વાકાંક્ષી યોજનાઓ અમલમાં મૂકી હતી અને ગુજરાતને વિકાસ અને પ્રગતિ ના ઉચ્ચ શિખર ઉપર પહોચાડ્યું હતું. તેઓએ ૨૬મે ૨૦૧૪ના રોજ ભારત ના ૧૫ માં પ્રધાનમંત્રી બન્યા ત્યારથી વડાપ્રધાન તરીકે સતત અવિરત દેશની સેવા કરી રહ્યા છે.તેઓના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે રેલવે સુરક્ષા, આધુનિકીકરણ, યુપીઆઈ, વિક્સિનેશન ડ્રાઈવ અને પાસપોર્ટ સુવિધાઓ વગેરેમાં પણ ઘણો બદલાવ કર્યો છે. આ ૧૧ વર્ષ દરમિયાન રામમંદિર બનીને તૈયાર થઈ ગયું એ સૌથી મોટી ઉપલબ્ધિ છે. દેશના વિકાસને ગતિ પ્રદાન કરવા અને લોકોનાં જીવનમાં બદલાવ લાવવા માટે તેમની સરકારે અનેક પ્રયાસો કર્યા છે. તાજેતરમાં જ જી.એસ.ટી.ના દરોમાં ધરખમ ઘટાડો કરીને પ્રજાને રાહત આપી છે અને ખાસ કરીને ગરીબ અને મધ્યમવર્ગના જીવન ધોરણને ઊંચું લાવવા પ્રયાસ કર્યો છે. વડાપ્રધાનના પ્રયાસોના કારણે સ્વદેશી વસ્તુઓનું મૂલ્ય સમજ્યા અને વિદેશી વસ્તુઓનો ઉપયોગ પણ ઘટાડ્યો. કૌશલ યોજનાથી યુવાનોને યોગ્ય દિશા મળી, તો મેઇક ઇન ઇન્ડિયા મિશનથી સ્ટાર્ટઅપ ઊભા કરીને તેમણે પોતાની ઓળખ બનાવી. ઉજ્જવલા યોજનાએ મહિલાઓને ચૂલાના ધુમાડાથી રાહત અપાવી, તો આયુષ્માન ભારતને કારણે ગરીબોને સારવાર મળી શકી છે.

યશસ્વી વડાપ્રધાન જન્મદિવસ નિમિત્તે ઈશ્વર તેમને તંદુરસ્ત યશસ્વી દીર્ઘ આયુષ્ય આપે તેવી મંગલમય પ્રાર્થના કરી રહ્યા છે.

(signature)

## શહેર ભાજપ કિશાન મોરચાના મહામંત્રી ભરતભાઈ રાદડીયાનો આજે જન્મદિવસ



શહેર ભાજપ કિશાન મોરચાના મહામંત્રી ભરતભાઈ રાદડીયા (ભાદાભાઈ)નો આજે જન્મદિવસ છે ત્યારે પોતાના જીવનમાં ૪૨ વર્ષ પૂર્ણ કરી ૪૩માં વર્ષમાં પ્રવેશ કરી રહયા છે વર્ષ ૨૦૦૨માં સક્રિય સભ્ય ૨૦૦૫માં યુવા મોરચાના વોર્ડ ૨૦૦૯માં યુવા ભાજપમાં રમત ગમત સેલના કન્વીનર ભરતભાઈ રાદડીયા હાલ શહેર ભાજપ કિશાન મોરચાના મહામંત્રી તરીકે જવાબદારી સંભાળી રહયા છે. તેમજ રાજકીયની સાથોસાથ સામાજીક અને સેવાકીય ક્ષેત્રે પણ હંમેશા અગ્રેસર રહયા છે જેમાં રાજકોટ શહેરના રાદડીયા પરિવારના સંગઠન મંત્રી તરીકેની જવાબદારી સંભાળી રહયા છે. ત્યારે આજે ઉપલા કાંઠાના ભાદા માધા રાદડીયાના હુલામણા નામે ઓળખાતા તેમના જન્મદિવસે ભાજપ અગ્રણીઓ,મીત્રો, શુભેચ્છકો તરફથી તેમના મોબાઈલ નં. ૯૭૧૪૭૧૦૧૦૧ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે.

## વોર્ડ નં.૫ ના યુવા ભાજપ અગ્રણી સંજય ચાવડાનો આજે જન્મદિવસ



વોર્ડ-૫ ભાજપના યુવા અગ્રણી અને શહેર ટ્રાફિક સલાહકાર સમિતિના સભ્ય સંજય ચાવડાનો આજે તા.૧૭ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ છે ત્યારે પોતાના જીવનના ૪૦ વર્ષ પૂર્ણ કરી ૪૧માં વર્ષમાં મંગલમય પ્રવેશ કરી રહ્યા છે.

આમ યુવા વયથી જ પોતાનું સામાજિક દાયિત્વ નિભાવી રહેલા સરળ, મિલનસાર અને નિખાલસ સ્વભાવના સંજય ચાવડાને આજે જન્મદિવસે આગેવાનો, મો. ન. ૯૮૨૫૭ ૦૭૦૨૩ ઉપર શુભેચ્છાઓ મળી રહી છે.

# વિકસિત ભારત ૨૦૪૭નું સપનું સાકાર કરશે નરેન્દ્ર મોદીનું શાસનઃ કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવિયા

### કેન્દ્રીય મંત્રી ડો.મનસુખભાઈ માંડવિયાએ પ્રધાનમંત્રીના ૭૫માં જન્મદિને શુભેચ્છા પાઠવી દીર્ઘાયુની પ્રાર્થના કરી

**અબતક, રાજકોટ**

દેશના વિઝનરી નેતા અને પ્રજાવત્સલ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આજે ૭૫મો જન્મદિવસ દેશભરમાં ઉમંગપૂર્વક ઉજવાઈ રહ્યો છે. આ અવસરે કેન્દ્રના શ્રમ, રોજગાર તથા યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રી મનસુખભાઈ માંડવિયાએ તેમને શુભેચ્છા પાઠવી દીર્ઘાયુની પ્રાર્થના કરી.

મનસુખભાઈએ જણાવ્યું કે, પીએમના જીવનનો મંત્ર માત્ર વિકાસ છે. તેઓ જે વચન આપે છે તેના કરતાં કામ વધારે કરે છે. ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકેના ત્રણ કાર્યકાળ દરમિયાન તેમણે શાસનનો જે અનુભવ મેળવ્યો હતો, તે કેન્દ્રમાં વડાપ્રધાન તરીકે કામે લગાડ્યો અને દેશને ઈચ્છિત પરિણામ મળ્યા.



તેમણે ઉદાહરણ આપ્યું કે, ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના દ્વારા ગામડે ૨૪ કલાક વીજળી પહોંચાડવામાં સફળતા મેળવી, જેને વડાપ્રધાન તરીકે દીનદયાળ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજનાથી રાષ્ટ્રીય સ્તરે વિસ્તૃત કરવામાં આવી. આ જ રીતે, જન-ધન, આધાર અને મોબાઈલને જોડીને બેંકિંગ ક્ષેત્રમાં ક્રાંતિ લાવી અને સીધી જ નાગરિકોના હાથમાં લાભ પહોંચાડ્યા. માંડવિયાએ ઉમેર્યું કે, ગુજરાત મોડેલની અસર માત્ર માળખાગત વિકાસ પૂરતી સીમિત રહી નથી, પરંતુ રોકાણકારો અને નાગરિકોની માનસિકતા સુધી પહોંચી છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ્સે વિશ્વાસનું વાતાવરણ ઊભું કર્યું, જેને આધારે આજે ભારતે ૮૩ લાખ કરોડ રૂપિયાનું વિદેશી પ્રત્યક્ષ રોકાણ આકર્ષ્યું છે.

તેમણે આગળ જણાવ્યું કે, નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ' સૂત્ર માત્ર રાજકીય નારા સુધી સીમિત નથી રહ્યો પરંતુ ગામડાંથી લઈને શહેર સુધીના દરેક નાગરિકના જીવનમાં પરિવર્તન લાવવાનો આધારસ્તંભ બની ગયો છે. ડિજિટલ ક્રાંતિથી લઈને આરોગ્ય-શિક્ષણ સુધી, તેમના દ્રષ્ટિકોણે શાસનને જનકલ્યાણ સાથે સીધું જોડ્યું છે. માંડવિયાએ સ્પષ્ટ કર્યું કે, નરેન્દ્ર મોદીના શાસનમાં માત્ર જાહેરાતો નહીં, પરંતુ તેમના અમલીકરણના પરિણામો પર સરકારનું મૂલ્યાંકન થાય છે. વીજળી, શૌચાલય, બેંક ખાતાં, ગેસ જેવી જરૂરી સુવિધાઓ ઘેરઘેર પહોંચે છે. આ જ છે ગુજરાત મોડેલનો વારસો, જે હવે ભારતીય મોડેલમાં પરિણમ્યો છે. ભારતને ૨૦૪૭ સુધી વિકસિત રાષ્ટ્ર બનાવવા માટેનું સ્વપન પણ આ જ માર્ગ પર સાકાર થશે, એમ માંડવિયાએ વિશ્વાસ વ્યક્ત કર્યો.

# વિશ્વ નાયક વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મ દિવસ બન્યો 'લોકોત્સવ'

### વૈશ્વિક મહાનુભાવો, રાજકીય સામાજીક આગેવાનો, પદાધિકારીઓથી લઈ અદના નાગરિકોની ગુજરાતના પનોતા લાલને શતાયુભવના આશિર્વાદ

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫મો જન્મ દિવસ દેશભરમાં શુભેચ્છાનો લોક ઉત્સવ બની રહ્યો છે. વડાપ્રધાનનો જન્મ દિવસ સેવા માટે નીમીત બની રહે તે માટે અનેક વિધ સેવાકીય કાર્યક્રમો માનવતા લક્ષી સેવા યજ્ઞોના ધમધમાટ વચ્ચે વડાપ્રધાનને શતાયુ ભવના આશિર્વાદ સાથે ભર ભાદરવે અષાઢી હેલીની જેમ શુભેચ્છાનો અનરાધાર ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

**શહેર ભાજપ**

શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે, મહામંત્રી અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહ ઝાલાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીને તા. ૧૭ સપ્ટેમ્બરે તેમના જન્મદિવસે શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતુ કે સમગ્ર વિશ્વમાં ગુજરાત અને ભારત માતાનું નામ રોશન કરનાર નરેન્દ્રભાઈ મોદીના આજે ૭૫ માં વર્ષમાં પ્રવેશ કરી રહયા છે ત્યારે નરેન્દ્રભાઈ મોદી એક સાદી જીવનશૈલી ધરાવતા નેતા તરીકે વિશ્વભરમાં પ્રસિધ્ધ છે.ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમના કાર્યકાળમાં શરૂ થયેલ ગુજરાતની વિકાસયાત્રા ને હાલ મૃદુ અને મકકમ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી અને પ્રદેશ ભાજપ સી.આર.પાટીલજીના માર્ગદર્શન હેઠળ રાજયની ભાજપ સરકાર આગળ વધારી રહી છે. મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનો વિકાસ વિવિધ યોજનાઓ દ્વારા અમલમાં મુકયો હતો. રાજયના સંકલિત વિકાસ માટે પાંચ પાંખીયાવાળી વ્યૂહરચના ''સુજલામસુફલામ'', જળ સંરક્ષણ અને તેના ઉચિત વપરાશ તરફી એક નવીન પગલા માં ગુજરાતમાં જળ સંસાધનો ની એક ગ્રીડ રચવાની યોજનાને વિશ્વભરમાં થી પ્રસંશા મળી હતી. ત્યારે નરેન્દ્રભાઈ મોદી પાસેથી પ્રેરણા લેવા જેવી અનેક બાબતો જેમ કે ડગલે અને પગલે આપણને તેમની રાષ્ટ્રનિષ્ઠા, સમાજ પ્રત્યેની સંવેદના, ફરજ પ્રત્યેની સભાનતા, કાર્યકર્તાઓ પ્રત્યે અપાર પ્રેમ, વિચારધારા પ્રત્યેની અડગ શ્રધ્ધા, દેશના દુશ્મનો પ્રત્યે મજબૂત રણટંકાર અને ભ્રષ્ટાચારીઓને અક્ષમ્ય શિક્ષા જેવા ગુણોથી સમાજને પ્રેરણા મળે છે.

**ડો. વલ્લભભાઈ કથીરીયા**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના જન્મ દિવસ પર શુભેચ્છા પાઠવી પૂર્વ મંત્રી ડો. વલ્લભભાઈ ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવું છું. મોદીજીનું અસાધારણ નેતૃત્વ

દુરંદેશી અને રાષ્ટ્ર પ્રત્યેની અતૂટ પ્રતિબધ્ધતા સમગ્ર ભારત અને વિશ્વના લાખો લોકોને પ્રેરણા આપતી રહે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વર્ષોથી નજીકથી કામ કરવાનું વિશિષ્ટ સન્માન મળ્યું છે. ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન તેમણે મને ગુજરાત ગૌ સેવા આયોગના અધ્યક્ષ તરીકે નિયુકત કરીને એક મહત્વપૂર્ણ જવાબદારી સોંપી, આ ભૂમિકાએ મને ગૌ સેવા માટે જુસ્સાથી કામ કરવાની તકી આપી, જે આપણી સંસ્કૃતિ અને મૂલ્યોના સંવર્ધનમાં વિશેષ યોગદાન આપી શકે તેમ છે.

**મેયર પરિવાર દ્વારા ધર્મયજ્ઞ**

વિશ્વ નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમીતે અને શ્રાધ્ધ પર્વ પુષ્પ નક્ષત્ર પિતૃઓ ને મોક્ષ ગતિએ આપતી ઈન્દિરા એકાદશી નિમીતે અમરેલી જીલ્લાના કુકાવાવ ધામ ના પ્રેરિત અનાદિ શ્રીકૃષ્ણ નારાયણ ભગવાનના હરિ શરણાગતિ મંડળ રાજકોટ ના હરિભક્તો દ્વારા ધુન ભજન કીર્તન દ્વારા વિશ્વ શાંતિ, વિશ્વ કલ્યાણ ની ભાવ ના સાથે આધ્યાત્મિક શકિત દ્વારા સર્વે લોકોના કલ્યાણ માટે રાજકોટ મહાનગરના મેયર નયનાબહેન વિનોદભાઈ પેઢડિયા પરિવાર દ્વારા આયોજન રાખેલ તા ૧૭.૯.૨૫ને બુધવાર સમય રાતે ૯ થી ૧૦.૩૦ સુધી .સ્થળ શ્રી મેયર બંગલો રેશકોર્ષ રીંગ રોડ, કિસાનપરા ચોક પાસે રાજકોટ ખાતે યોજાશે.

**ડો. કમલેશ જોષીપુરા**

ડો. કમલેશ જોષીપુરા એ જણાવ્યું હતું કે ભારતમાં ન્યાયતંત્રથી લઈ અને ટોચના બંધારણ વિદો પણ અનુચ્છેદ ૩૭૦ નાબૂદ કરી શકાય કે કેમ તે અંગે વિશ્વસ્ત ન હતા એટલું જ નહીં પરંતુ દેશમાં ત્રીપલ તલાક નાબૂદ કરી શકાય, જીએસટીનું અમલીકરણ થઈ શકે અને સરળતાથી અને સફળતાથી તે ચાલી શકે, પાડોશી દેશોમાં વસ્તી હિન્દુ લઘુમતીને કાયમી નાગરિકત્વ આપી શકાય, આ બધી જ બાબતો ભારતના સર્વ ભૌમત્વ અને ભારતની એકતા અને અખંડિતતા સાથે સંકળાયેલી એવી બધી જ બાબતો હતી પરંતુ નરેન્દ્ર મોદી નામના જનનાયક એ આ પડકારોને ઝીલી અને પડકારોને પડકારી સફળતાપૂર્વક સરળતાથી જનતાના વિશ્વાસ સાથે આ બધા જ સંકલ્પો સિદ્ધ કર્યા છે. વ્યકિતમાં પ્રમાણિકતા હોય રાજકીય ઈચ્છા શક્તિ હોય સૌને સાથે લઈ અને ચાલવાનું મક્કમ નેતૃત્વ હોય તથા અડચણો અવરોધો અકારણના વિરોધોમાં જરા પણ ડગ્યા વગર લીધેલા નિર્ણયોના અમલીકરણનું ધ્યેય હોય તે જ વ્યકિત કરી શકે અને ભારત વર્ષને નરેન્દ્ર મોદીના સ્વરૂપમાં એક નૂતન યુગના નાયક મળ્યા છે.

**પ્રવિણાબેન રંગાણી**

આજે, ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીનો જન્મદિવસ છે. પ્રવિણાબેન રંગાણી તેમને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી તેમની અદમ્ય મહેનત, દેશપ્રેમ અને સર્વાંગી વિકાસ માટે અભિનંદન પાઠવ્યા. તેઓએ જણાવ્યું કે મોદીજીના નેતૃત્વ હેઠળ ભારતે વિકાસ, ટેક્નોલોજી, સુશાસન અને સુરક્ષા ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી છે. તેમણે પ્રધાનમંત્રી માટે સુખ, આરોગ્ય અને દીર્ઘાયુની કામના વ્યક્ત કરી.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું જીવન દરેકને પ્રેરણા આપતું રહેઃ પૂ.મોરારિબાપુ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસ નીમીતે વિશ્વ પ્રસિધ્ધ રામાયણી સંત પૂ. મોરારીબાપુએ વડાપ્રધાનને શુભેચ્છા પાઠવી સંદેશમાં જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદી જય સિયારામ પ્રણામ સર આપના જન્મ દિને ખુબ ખુબ શુભકામના તમારુ યોગમય કર્મમય અને કૌશલ્ય મળ જીવન યોગ કર્મ સુ કૌશલ્ય જીવન તમામ માટે પ્રેરણા અને પ્રકાશ આપનાર બની રહીએ મોરારીબાપુ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતનું ગૌરવ વિશ્વસ્તરે વધાર્યુંઃ કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા

ભારત દેશના ગૌરવ વિશ્વસ્તરે ભારતની પ્રતિષ્ઠાને નવા આયામ આપનાર સર્વાંગી વિકાસ યાત્રાને વેગ આપનાર, લોકપ્રિય અને જનજનના પ્રિય નેતા, યુવાઓના પ્રેરણા સ્રોત સામાજીક સમરસતાના હિમાયતી અને વિશ્વના આર્દશ પુરુષ, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫માં જન્મદિવસના પાવન અવસર પર રાજકોટ ૭૧ ગ્રામ્ય વિધાનસભાના ધારાસભ્ય અને રાજયના કેબિનેટ ભાનુબેન બાબરીયાએ શુભેચ્છા પાઠવી તેમને દીર્ઘાયુષ્ય સદાય સારા સ્વાસ્થ્ય અને અખૂટ ઉર્જા બક્ષે તેવી પ્રાર્થના કરી છે. નરેન્દ્રભાઈ મોદીએ પોતાનાન દ્રઢ સંકલ્પ, અવિરત પરિશ્રમ અને સેવાભાવી જીવન દ્વારા માત્ર ભારતને જ નહીં પરંતુ સમગ્ર વિશ્વને પ્રગતિ, વિકાસ અને નવી દિશા બનાવી છે. તેમની પ્રેરણાદાયી નેતાગીરીથી દેશના તમામ ક્ષેત્રોમાં અભૂતપૂર્વ વિકાસ થયો છે. આધુનિક ભારતના શિલ્પી અને વિશ્વ નેતા તરીકે ખ્યાતિ પામનાર વડાપ્રધાનએ દેશના વિકાસની ગૌરવયાત્રા રાજકોટથી શરુ કરીને સમગ્ર ગુજરાતને આજે સમગ્ર ભારતનુંરોલમોડેલ બનાવ્યુ છે.

## નરેન્દ્રભાઈ મોદી યુગ પુરૂષ છેઃ રામભાઈ મોકરિયા

ગુજરાતના પનોતા પુત્ર અને ભારતને મહાસત્તાના દ્વારે લઈ જનાર યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ના ૭૫ માં જન્મદિન નિમિત્તે સુભેચ્છા પાઠવતા રાજ્ય સભાના સભ્ય શ્રી રામભાઈ મોકારીયાએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ એક યુગ પુરુષ સમાન છે. દેશના સર્વાંગી વિકાસ માટે તેઓનું દ્રષ્ટિપૂર્ણ નેતૃત્વ, અવિરત પરિશ્રમ, અડગ સંકલ્પ અને મક્કમ મનોબળ આપણા માટે પ્રેરણાદાયી છે. તેમના નેતૃત્વ હેઠળ ભારત નવી ઉંચાઈના શિખરો સર કરી રહ્યું છે. ભારતના ૧૫મા વડાપ્રધાન તરીકે તેઓએ લીધેલ મહત્વના પગલાઓ જેવાકે, તલ્લાક અંગેના કાયદામાં સુધારો, બંધારણનાં અનુચ્છેદ ૩૭૦ હેઠળ જમ્મુ-કાશ્મીર રાજ્યનો વિશેષ દરજ્જો નાબુદી, કરોડો સનાતન હિંદુ ધર્મપ્રેમીઓના આસ્થા કેન્દ્ર સમાન રામ મંદિરનું નિર્માણ, કાળાનાણા નાબુદી માટે નોટબંધી, તેમજ ઓપરેશન સિંદુર દ્વારા દુનિયા ને આધુનિક ભારતની તાકાતનો પરચો કરાવવો, હાલના વૈશ્વિક આર્થિક કપરા સંજોગોમાં વિશ્વ વેપાર અને લોકલ ફોર વોકલ નો નારો આપી સ્વદેશની ચીજ વસ્તુઓ નો જ ઉપયોગ કરવાનું આહવાન આપી વિશ્વમાં ભારતનું યોગ્ય સ્થાન ઉભું કરવું વિગેરે ક્રાંતિકારી પગલાઓ હિમતભેર લઈ ભારતદેશને વિકાસના પંથે લઈ ગયેલ છે. સને ૨૦૪૭ મા ભારતને મહાસત્તા બનાવવાની તેમની નેમ સાથે વિશ્વના મંચ પર એક નવા આત્મવિશ્વાસ સાથે ભારતને ગૌરવ અપાવેલ છે. તેમની રાષ્ટ્રસેવા પ્રત્યેની અડગ નિષ્ઠા,આપણા માટે ગૌરવ સમાન છે. તાજેતરમાં રામભાઈ ભગવાન વેન્કટેશ્વર શ્રીનીવસા'' તિરુપતિ બાલાજીનાં દર્શને ગયેલ ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના જન્મદિવસ નિમિત્તે ભગવાન તિરુપતિ બાલાજીને તેમના દીર્ઘાયુ અર્થે અને દેશની સેવા કરવા વધુ શકિતમાન બનાવે અને નીરોગી રાખે તેવી પ્રાર્થના સર્વ કરી હતી.



**વોર્ડ નં.૩ ભાજપ પરિવાર**

વોર્ડ નંબર ૩ દ્વારા અમર રામેશ્વર મહાદેવ ગાયકવાડી ખાતે પૂજા અર્ચન કરી નરેન્દ્રભાઈ મોદી માટે તેમની આયુષ્ય વધે અને નિરોગી રહે એવી પ્રાર્થના કરી હતી.જેમાં વોર્ડ નં ૩ ના ડેપ્યુટી મેયર અને કોર્પોરેટર નરેન્દ્ર સિંહ જાડેજા, કોર્પોરેટર અલ્પાબેન દવે, કોર્પોરેટ કુસુમબેન ટેકવાણી, વોર્ડના પ્રમુખ રણધીરભાઈ સોનારા, મહામંત્રી કપિલભાઈ નથવાણી, મહામંત્રી રાજુભાઈ જોષી, મંત્રી ધનેશભાઈ જીવરાજાની, રાજકોટ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ડીબી ખીમસુરીયા, અભયભાઈ નાંઢા,ડો.અમૃતીયા વગેરે લોકો જોડાયા હતા.

## દર્શનમ સંસ્કૃત વિદ્યાલયના ઋષિકુમારો દ્વારા મહાવિષ્ણુયાગ



દર્શનમ્ સંસ્કૃત વિદ્યાલયના ઋષિકુમારો દ્વારા મહાવિષ્ણુયાગ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિત્તે એસજીવીપી દર્શનમ્ સંસ્કૃત વિદ્યાલયના એસજીવીપી દર્શનમ્ સંસ્કૃત વિદ્યાલયના ૨૦૦ ઋષિકુમારો દ્વારા મહાવિષ્ણુયાગનું આયોજનકરવામાં આવ્યું હતું. તા.૧૫શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી તથાપુરાણીબાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી ગુરુકુલના વિશાળ યજ્ઞ મંડપમાં કરવામાં આવ્યું હતું.જેમાં વડાપ્રધાનને ૭૫ વર્ષ પુરાથતા હોઈ ૭૫૦૦૦ આહુતિઓ અગ્નિનારાયણને અર્પણ કરાવામા આવી હતી.આધાર્મિક કાર્યક્રમમાં વેદોક્ત મંત્રોચ્ચાર સાથે ઋષિકુમારોએ ભગવાન વિષ્ણુની આરાધના કરી હતી.યજ્ઞ નારાયણને ૭૫૦૦૦ આહુતિઓ અર્પણ કરીવડાપ્રધાનના ઉત્તમ સ્વારસ્થ્ય અને દીર્ઘાયુષ માટે પ્રાર્થના કરીહતી. આપ્રસંગે વિદેશથી પૂજ્ય માધવપ્રિયદાસજી સ્વામીએ ટેલિફોનથી સંદેશો પાઠવ્યો હતો કે ભગવાન તેના કાર્યમા સતત સફળતા આપે તેવા પ્રાર્થના તેમ કનુ ભગતની યાદીમાં જણાવ્યું છે.

## નરેન્દ્રભાઈ મોદીને જન્મદિનની શુભકામના પાઠવતા કોર્પોરેશનના પદાધિકારીઓ

રાજકોટ મહાનગરપાલિકાના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસક પક્ષ નેતા શ્રીમતી લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫-મા જન્મ દિવસની ખુબ ખુબ શુભેચ્છા પાઠવી છે. નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ દરમ્યાન દેશના નાગરિકોને આયુષ્માન ભારત, પ્રધાનમંત્રી જન ધન યોજના, સ્વચ્છ ભારત મિશન, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, સ્માર્ટ સિટી, અમૃત યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી કિસાન સન્માન યોજના, પી.એમ.સ્વનિધિ યોજના, પ્રધાનમંત્રી સડક યોજના,પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, પ્રધાનમંત્રી ઉજાલા યોજના, પ્રધાનમંત્રી ઉજ્જ્વલા યોજના, ડીજીટલ ઈન્ડિયા, પ્રધાનમંત્રી કૌશલ્ય વિકાસ યોજના સહિતની અનેકવિધ વિકાસલક્ષી, આરોગ્યલક્ષી, રોજગારલક્ષી, પ્રોજેક્ટ્સ અને યોજનાઓ મૂર્તિમંત થતા દેશવાસીઓને અવનવી આધુનિક સુવિધાઓ અને લાભો પ્રાપ્ત થઈ રહ્યા છે અને તેના માધ્યમથી લોકોના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો થઈ રહ્યો છે.

## નરેન્દ્રભાઈને જન્મદિનની ખુબ ખુબ શુભેચ્છાઃ ચેતન રામાણી



ગુજરાત પ્રદેશ ભાજપ અગ્રણી અને સૌરાષ્ટ્રના લડાયક ખેડુત નેતા ચેતનભાઈ રામાણીએ કહ્યું હતું કે, વૈશ્વિક મંચ પર ભારતને શકિતશાળી, ગૌરવશાળી અને આત્મનિર્ભર બનાવનાર ગુજરાતના પનોતા પુત્ર અને ભારતવા યશસ્વી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આજરોજ જન્મદિવસ છે ત્યારે તેમને શુભકામનાઓ પાઠવું છું. અને આ જન્મદિને શુભેચ્છા આપવા ભારત સહીત વિશ્વના અનેક દેશોના અગ્રણી રાજકારણીઓ ભારતીય જનતા પાર્ટીના હજારો સંગઠકો, લાખો કાર્યકરો, અને દેશની કરોડો જનતા આતુર બની છે કેમ કે વડનગરના આ વિરલાએ ગુજરાતનો ડંકો ભારતમાં અને હવે ભારતનો વિશ્વભરમાં વગાડી રહ્યા છે.

૭ ઓકટોબર ૨૦૦૧ ના દિવસે ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા અને ત્યારથી ગુજરાતમાં જાણે વિકાસ વેગવંતો બન્યો. સુજલામ સુફલામ જેવી યોજનાઓથી કેનાલોનું વિરાટ માળખું તૈયાર કરી સુકા વિસ્તારો સુધી જળ વિસ્તરણ કર્યુ તેમજ રણોત્સવ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવા આયામોથી પ્રવાસનનો અદભુત વિકાસ થયો. વિશ્વની ટોચની એમ.એન.સી. ને વાઈબ્રન્ટ ગુજરાત થકી ગુજરાતમાં ઈન્વેસ્ટ કરવા આકર્ષયા કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ થકી શિક્ષણનો કાલાકલ્પ, કૃષિ મહોત્સવ જેવી યોજનાથી લાખો ખેડુતોને ખુબ જ લાભ થયો છે.

આવી રીતે આશરે ૧૩ વર્ષ ગુજરાતની ધુરા સંભાળી ૨૦૧૪માં વડાપ્રધાન તરીકે શપથ લઈ નોટબંધી, જી.એસ.ટી., ૩૭૦ ની કલમ, રામમંદિર નિર્માણ કાર્ય, ત્રિપલ તલાક, મહિલા આરક્ષણ વકફ સુધારો જેવા અનેક ઐતિહાસિક નિર્ણયો લીધા જેના વ્યાપક હિતમા કૃષિ વાણિજય અને વેપાર ક્ષેત્ર રહ્યું છે.

જેની સાથે મે ૩ દાયકાઓથી વધુ કામ કરી ઘણુ શિખ્યો છે, ઘણું અનુભવ્યું છે આવા દેશના નહી પરંતુ વિશ્વના નેતાના જન્મદિવસ નિમિતે શુભકામના પાઠવું છું.

# રૈયા ટેલીફોન એકસચેન્જ પાસે કુલદીપ ખવડની હત્યામાં અર્જુનસિંહ ચૌહાણના જામીન રદ

## મોટા અવાજથી ગીતો ગાતા ગાઈ ગાળો બોલતા શખ્સને સમજાવવા ગયા ત્યારે ઉશકેરાયને છરી ઝીંકી મોત ઘાટ ઉતાર્યા

**અબતક રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ રૈયા ટેલીફોન એકસચેન્જ નજીક મોટા અવાજે ગીતો ગાવા જેવી નજીવી બાબતે થયેલી કુલદીપ ખવડની હત્યા ના ગુનામાં જેલ હવાલે રહેલા અર્જુનસિંહ ચૌહાણની અદાલતે જામીન અરજી ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ શહેરમા રહેતા કુલદીપ ખવડ નામના યુવકની ૧૫૦ ફૂટ રીંગ રોડ બાલાજી હોલ પાસે પ્રજાપતિ સોસાયટીમાં રહેતો અર્જુનસિંહ શત્રુધ્નસિંહ ચૌહાણ નામના યુવકે છરીના ઘા ઝીંકી હત્યા નિપજાવ્યાની દેવેન્દ્ર ઉર્ફે બાબુભાઈ હરેશભાઈ ધાંધલે ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે મૃતક કુલદીપ ખવડ મિત્રો સાથે ૧૫૦ ફૂટ રીંગ રોડ ટેલીફોન પાસે ગોલા ખાવા ગયા હતા તે વખતે અર્જુનસિંહ ચૌહાણ મોટા અવાજથી ગીતો ગાતા ગાઈ ગાળો બોલતા ત્યારે સમજાવવા ગયા ત્યારે અર્જુન ચૌહાણ ઉસકેરાઈ જય પોતાની પાસે રહેલી છરી વડે કુલદીપ ખવડ પર હુમલો કરી ગંભીર ઈજા પહોંચાડી મોતને ઘાટ ઉતાર્યાનુ જણાવ્યું હતું. બાદ અર્જુનસિંહ ચૌહાણની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરવામાં આવ્યો હતો બાદ અર્જુનસિંહ જામીન પર છૂટવા અદાલતમાં અરજી કરી હતી જે અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદ સરકારી વકીલ એપીપી મહેશકુમાર જોશી હાજર રહી દલીલમાં જણાવ્યું હતું કે કેસ હાલના તબક્કે અગત્યના સાક્ષીઓ તપાસ થયા બાદ તપાસ કરનારા અધિકારીની જુબાનીના સ્ટેજે છે અર્જુનસિંહ લાંબો સમય ફરાર રહેલા હોય સેશન્સ કોર્ટે જામીન નામંજૂર કરેલ બાદ હાઈકોર્ટ માંથી જામીન અરજી પરત ખેંચીલી હતી અને ત્યારબાદ જામીન અરજી કરેલી છે આથી સરકાર તરફે સખત વિરોધ કરવામાં આવેલો તમામ બાબતોને ધ્યાને લઈ સેશન્સ કોર્ટે અર્જુનસિંહ ચૌહાણની જામીન અરજી રદ કરતો હુકમ ફરમાવેલો છે.

# હત્યાની કોશીશની કલમનો ઉમેરો કરવાની અરજી મંજુર

## રૈયા ચોકડીએ યુવકને છરીના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી તી

**અબતક રાજકોટ**

શહેરમાં રૈયા ચોકડીએ ૧૦ વર્ષ પહેલાં યુવકને છરીના ઘા મારવાના ગુનામાં હત્યાની કોશીષની કલમનો ઉમેરો કરવાની અરજી કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવી છે.

આ કેસની હકીકત મુજબ વર્ષ ૨૦૧૫ માં જીત મોડાસીયાને યુવરાજસિંહ સાથે માથાકુટ થઈ હતી. જેના સમાધાન માટે હિરેન વાળા, જીત મોડાસીયા અને હાર્દિક અગ્રાવત નાણાવટી ચોકમાં ભેગા થયા હતા. અને તે વખતે ગાળા-ગાળી અને બોલાચાલી થતા સમાધાન થયું ન હતું. ત્યારબાદ રાત્રીના સાડા આઠ વાગ્યાની આસપાસ હાર્દિક અગ્રાવતને યશપાલસિંહે ફોન કરી રૈયા ચોકડીએ બોલાવ્યો હતો. જ્યાં હાર્દિક અગ્રાવત ઉપર ધોકા અને છરી વડે હુમલો કર્યો હતો. જે અંગે હીરેનભાઈ વાળાએ ગાંધીગ્રામ પોલીસમાં યશપાલસિંહ બટુકસિંહ જાડેજા, મયુરસિંહ નાનભા પઢીયાર, દિવ્યેશ પ્રદિપભાઈ મયાત્રા, ભગાભાઈ બાબુભાઈ માટીયા, વિશાલ શ્રીકાંતભાઈ મહેતા, આકાશ કિરીટભાઈ જાયડા અને સંદિપ જયેશભાઈ બગથરીયા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ફરીયાદી અને ઈજા પામનારના વકીલ દ્વારા કોર્ટમાં હત્યાની કોશીષના ગુનાની કલમનો ઉમેરો કરવા માટે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. જે અરજી ચાલી જતા બંને પક્ષની રજૂઆત બાદ ફરીયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાને લઈ કોર્ટે હત્યાની કોશીષની કલમનો ઉમેરો કરવાની અરજીને મંજુર કરતો હુકમ કર્યો છે.આ કેસમાં ફરીયાદી અને ભોગ બનનાર વતી યુવા એડવકેટ મોહિત વી. ઠાકર રોકાયા હતા

# આંબેડકરનગરમાં અગમ્ય કારણોસર યુવાને કર્યો આપઘાત

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પાસે આવેલ આંબેડકર નગર શેરી નંબર ૫ માં રહેતા ૪૨ વર્ષે યુવાન ગળા ફાસો ખાઈને આપઘાત કરીલીધનો નો બનાવ માલવિયાનગર પોલીસ મથકમાં નોંધાયો છે પ્રાપ્ત વિગત મુજબ આંબેડકર નગર શેરી નંબર ૫ માં રહેતા જીતેન્દ્રભાઈ પ્રેમજીભાઈ સોલંકી ૪૨ ના ઘરે કોઈ હાજર ન હતું ત્યારે ઘરના પંખામાં કપડું બાંધીને ગળાફાસો ખાઈ લીધો હતો તેમના નાના ભાઈ ના પત્ની ની નજર પડતા નાના ભાઈ એ ૧૦૮ ત્યાર બાર સિવિલ હોસ્પિટલે ખસેડવામાં મારફતે જીતેન્દ્રભાઈ ને સારવાર અર્થે લાવતા જ્યાં ફરજ પરના તબીબે જીતેન્દ્રભાઈ ને મૃત જાહેર કર્યા હતા. બાદ આ બનાવની જાણ માલવિયાનગર પોલીસે ને થતા કુલદીપસિંહગોહેલ સહિત નો સ્ટાફ હોસ્પિટલે દોડી આવ્યો હતો.જીતેન્દ્રભાઈ ના મૃતદેહને પીએમ અર્થે ખસેડી પ્રાથમિક તપાસમાં મૃતક જીતેન્દ્રભાઈ ભાઈ મજૂરી કામ કરી નેજીવન જીવતા હતા તેમને સંતાનમાં એક દીકરો હોવાનું જાણવા મળ્યું છે.

# હત્યાના ગુનામાં બહેનની પૂર્વ સાસુના જામીન ફગાવતી અદાલત

## પુત્રના મોત પાછળ પત્ની જવાબદાર હોવાનો આરોપ મૂકી મારો દિકરો ગયો તેમ હવે તમારો દિકરો પણ જશે“ કહી સોશિયલ મીડિયામાં વીડિયો મૂકી ધમકી આપી મોતને ઘાટ ઉતાર્યો

**અબતક રાજકોટ**

કોટડા સાગાણીના રામોદ ગામના યુવકની હત્યાના ગુનામાં જેલ હવાલે રહેલી બહેનની પૂર્વ સાસુએ ચાર્જશીટ બાદ કરેલી રેગ્યુલર જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે.

આ કેસની હકિકત મુજબ કોટડા સાગાણીના રામોદ ગામે રહેતા ફરીયાદી દિલીપભાઈની પુત્રીના લગ્ન આરોપી સોનલબેન નારણભાઈ જાદવ (રહે. મોવૈયા, તા. ગોંડલ)ના દિકરા અજય જાદવ સાથે થયા હતા. લગ્નના એકાદ વર્ષ બાદ જયશ્રીબેન અને તેના પતિ અજયભાઈ વચ્ચે અણબનાવ બનતા છુટાછેડા લીધા હતા. ત્યાર બાદ પણ બંને એકબીજા સાથે ફોનમા વાતો કરતા હતા. જે દરમિયાન અજયભાઈએ મોવીયા ગામે તેના ઘરે ગળેફાસો ખાઈ આપઘાત કર્યો હતો. મૃતક અજયભાઈના ફોનમાથી જયશ્રીબેન સાથે વાતચીત કર્યાના



સ્ક્રિનશોટ મળતા અજયભાઈના માતા સોનલબેને પુત્રના મોત પાછળ જયશ્રીબેન જવાબદાર હોવાનો આરોપ મૂકી મારો દિકરો ગયો તેમ હવે તમારો દિકરો પણ જશે“ એમ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. તથા ફેસબકમા વીડીયો મૂકી અવાર નવાર મારી નાખવાની ધમકીઓ આપતા હતા. ત્યારબાદ તા. ૧૮/૦૧/૨૦૨૫ ના સર ગામની સીમમા હાઈવે રોડ નજીક જયશ્રીબેનના ભાઈ ગીરીશની હત્યા થઈ હતી. જે અંગે મૃતકના પિતાએ આરોપી સોનલબેન વિરૂધ્ધ પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે ધરપકડ કરી સોનલબેનને જેલ હવાલે કર્યા હતા. આરોપી સોનલબેને ચાર્જશીટ બાદ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલી જતા બંને પક્ષની રજુઆત બાદ આરોપીના બચાવ પક્ષે રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ એડી. સેશન્સ કોર્ટે આરોપી સોનલબેન જાદવની જામીન અરજી રદ કરતો હુકમ કર્યો છે.આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ પરાગ એન. શાહ રોકાયા હતા.

# ચેક રિટર્ન કેસમાં સજાના વોરંટમાં ફરાર બેલડીને દબોચી લેતી ભક્તિનગર પોલીસ

**અબતક, રાજકોટ**

ચેક રિર્ટનના કેસમાં સજાનું વોરંટ નીકળ્યા બાદ નાસતા ફરતા બે આરોપીઓને ભકિતનગર પોલીસે ઝડપી લીધા હતાં.

અલગ અલગ ગુનાઓમાં નાસતા ફરતા, વચગાળાના જામીનથી ફરાર તથા કોર્ટના સજાના વોરંટમાં ઘણા સમયથી ફરાર આરોપીઓને પકડી પાડવા ઉચ્ચ પોલીસ અધિકારી દ્વારા અપાયેલી સૂચનાના પગલે ભકિતનગર પોલીસ સ્ટેશનના પી.આઈ મયુરધ્વજસિંહ.એમ. સરવૈયાના માર્ગદર્શન હેઠળ હેડ કોન્સ્ટેબલ કેતનભાઈ બોરીચા, પોલીસ કોન્સ્ટેબલ વસંતભાઈ બાલાસરા સહિતના સ્ટાફને નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના ગુનામાં રાજકોટ કોર્ટે આપેલ સજાના વોરંટમાં નાસતો ફરતો આરોપી ભુદર રામજીભાઈ ગજજર(રહે આનંદ નગર કોલોની કવાર્ટર નંબર ૬૯ કોઠારીયા મેન રોડ, હાલ અક્ષર સીટી એપાર્ટમેન્ટ ઈ/૩૦૨ જૈન દેરાસર વાળી શેરી આજીડેમ ચોકડી પાસે) પીડીએમ ફાટક પાસે હોવાની બાતમી મળી હતી. પોલીસે આ શખ્સને પીડીએમ ફાટક પાસેથી પકડી પાડ્યો હતો અને અન્ય આરોપી રેનિશ પ્રભુદાસભાઈ ગજ્જર(રહે રાજકોટ)ને ભૂતખાના ચોક પાસેથી પકડી બંને આરોપીઓને સજાના વોરંટની બજવણી કરી હતી.

આ કામગીરીમાં ભકિતનગર પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ કેતનભાઈ બોરીચા, કોન્સ્ટેબલ વસંતભાઈ બાલાસરા અને એચજી વિજયભાઈ જોશી સુભાષભાઈ નિરંજની સાથે રહ્યા હતા.

# ખેડૂત બુકી બન્યો : રૈયા રોડ પરથી ઓનલાઈન જુગારની આઈડી ગ્રાહકોને ફોરવર્ડ કરતો ઝડપાયો

## આલાપગ્રીન સિટીમાં રહેતો પરેશ ફેફર સુરતના બુકી જિમ્મી પાસેથી માસ્ટર આઈડી મેળવી બે મહીનાથી ક્રિકેટ, કસીનો સહિતની ગેમ્સમાં જુગાર રમાડતો’તો

**અબતક, રાજકોટ**

રૈયા રોડ પરથી ઓનલાઈન જુગારની આઈડી ગ્રાહકોને ફોરવર્ડ કરી જુગાર રમાડતા ખેડૂતને ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડી પાડી કાર્યવાહી કરી હતી. આલાપગ્રીન સિટીમાં રહેતો પરેશ ફેફર સુરતના બુકી જિમ્મી પાસેથી માસ્ટર આઈડી મેળવી છેલ્લા બે મહીનાથી ક્રિકેટ, કસીનો સહિતની ગેમ્સમાં જુગાર રમાડતો હોવાનું ખુલ્યું છે.

દરોડાની વિગત મુજબ, ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયાની રાહબરી ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ દીપકભાઈ ડાંગર, ઉમેશભાઈ ચાવડા અને કનકસિંહ સોલંકીને રાજકોટનો પરેશભાઈ ફેફર રૈયા રોડ મદ્રાસ કાફેની બાજુમા રાજવીર વોટર સપ્લાય પાસે રોડ પર જાહેરમાં પોતાના મોબાઈલ ફોનમાં લાઈવ ક્રિકેટની મેચમાં પૈસાની હારજીતનો જુગાર રમવાની

### ક્રાઈમ બ્રાન્ચની ટીમનો દરોડો : સુરતના બુકીની શોધખોળ

આઈ.ડી.ઓ બનાવી ગ્રાહકોને ફોરવર્ડ કરી જુગાર રમાડે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી તે શખ્સને અટકમાં લઈ નામ પુછતા પોતાનું નામ પરેશ ચકુ ફેફર (ઉ.વ.૫૦, ધંધો ખેતી, રહે.રૈયા મેઈન રોડ, આલાપગ્રીન સીટી, બી-૫૯) હોવાનું જણાવેલ હતું.

વધુમાં પોલીસે તેના હાથમાં રહેલ મોબાઈલ ફોન ચેક કરતાં તેમાં ગુગલ હીસ્ટ્રી જોતા તેમાં https://atoz999.club/admin લીંક સર્ચ થયેલ હોવાનુ સામે આવેલ હતું. જે બાબતે તેને પુછતા આ આઈડીમાં આઈડી અને પાસવર્ડ નાંખી માસ્ટર આઈડી ઓપન થયેલ જેમાં અલગ અલગ આઈડીમાં ગ્રાહકોનું લિસ્ટ જોવામાં આવેલ હતું. તેમજ માસ્ટર આઈડી કેવી રીતે અને કોને બનાવેલ છે અને કોને-કોને મોકલેલ છે તે બાબતે પુછપરછ કરતા પોતે જણાવેલ કે, સુરતના જીમ્મી નામના શખ્સે વોટસઅપ મારફતે આ માસ્ટર આઈ.ડી. મોકલેલ છે અને જેવી ગ્રાહકની જરૂરીયાત મુજબની આઈડીઓ બનાવવાની થતી તે જીમ્મીને જણાવે તે મુજબની આઈ.ડી. બનાવી વોટસઅપથી લીંક મોકલતો હતો. બાદમાં પકડાયેલ શખ્સ અલગ અલગ ગ્રાહકને જરૂરીયાત મુજબની આઈ.ડી. ફોરવર્ડ કરી છેલ્લા બે મહીનાથી ક્રિકેટ મેચ તથા કસીનો તથા અન્ય ગેમ્સમાં પૈસાની હારજીત કરી સટ્ટાનો જુગાર રમાડતો હોવાની કબૂલાત આપી હતી. ક્રાઈમ બ્રાન્ચની ટીમે માસ્ટર આઈડી આપનાર સુરતના જિમ્મીને પકડવા કવાયત હાથ ધરી છે.

# જિગરદાન ગઢવી પ્રિ-નવરાત્રિ કોન્સર્ટમાં ખેલૈયાઓને ગરબાના તાલે ઝુમાવશે

## ‘અબતક’ ની શુભેચ્છા મુલાકાતે આર.આર. ઈવેન્ટસ અને કેમ્પેઈન એડના આયોજકોએ કાર્યક્રમ અંગે માહિતી આપી

**અબતક, રાજકોટ**

આર.આર. ઈવેન્ટસ અને કેમ્પેઈન એડસ અને ઈવેન્ટદ્વારા ‘રંગેરસા- ૨૦૨૫’ અંતર્ગત ભવ્ય પ્રિ નવરાત્રી ગરબી કોન્સર્ટનું આયોજન રાજકોટમાં થવા જઈ રહ્યું છે. જે તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ મોમેન્ટો પાર્ટી લોન્સ ‘અબતક’ ની શુભેચ્છા મુલાકાતે આવેલા રાજભાઈ રાજાણી, કામીનભાઈ દોશી, ધર્મેશભાઈ શાહે કહ્યું કે આયોજક બન્ને સંસ્થાઓ સાથે રાસ વિલા પણ આ કાર્યક્રમના સહ આયોજક તરીકે જોડાયેલા છે. આ આયોજકોએ દર્શકો માટે સુરક્ષિત અને યાદગાર અનુભવ સુનિશ્ચિત કરવા માટે તમામ તૈયારીઓ કરી છે. આ કોન્સર્ટનું આયોજન એવી રીતે કરવામાં આવ્યું છે. કે પ્રેક્ષકોને ઉત્તમ ધ્વનિ અને પ્રકાશ વ્યવસ્થાનો અનુભવ મળે.



કાર્યક્રમ દરમિયાન દર્શકો માટે સ્વાદિષ્ટ અને વિવિધ પ્રકારની વાનગીઓની પણ ખાસવ્યવસ્થા કરવામાં આવી છે. ગરબા રમ્યા પછી દરેક માટે ગરમાગરમ નાસ્તા, પરંપરાગત ગુજરાતી વાનગીઓ, સ્ટ્રીટ ફુડ તેમજ હેલ્થી અને ખાસ ડાયેટ વિકલ્પો ઉપલબ્ધ રહેશે. કાર્યક્રમ દરમિયાન દર્શકો માટે સ્વચ્છતા અને ગુણવત્તાની ખાસ કાળજી રાખવામાં આવશે જેની દરેક વ્યકિત આરામથી અને સુરક્ષિત રીતે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લઈ શકે.

કોન્સર્ટનું સ્થળ મોમેન્ટસ પાર્ટી લોન્સ, રાજકોટ છે જે તેના વિશાળ વિસ્તાર સુંદર વાતાવરણ અને આરામદાયક સુવિચાઓ માટે જાણીતું છે. આ જગ્યા મોટા કાર્યક્રમો માટે આદર્શ છે. જેથી હજારોની સંખ્યામાં પ્રેક્ષકો આરામથી ગરબાનો આનંદ માણી શકે. કાર્યક્રમની ટીકીટો સ્પોર્ટવિલા અને બુક માય શો પરથી ઓનલાઈન ઉપલબ્ધ છે.

સત્તાવાર હોસ્પિટાલિટી પાર્ટનર ફિનિકસ રિસોર્ટ અને સત્તાવાર ફોટોગ્રાફી પાર્ટનર સીટી ફલેશ છે. જેઓ આ કાર્યક્રમને યાદગાર બનાવવા માટે સક્રિયપણે જોડાયેલા છે. કાર્યક્રમ માટે પસંદ કરાયેલા મોમેન્ટર્સ પાર્ટી લોન્સ શહેરના મધ્યમાં સ્થિત છે અને અહીંથી શહેરના વિવિધ વિસ્તારોમાંથી સરળતાથી પહોંચી શકાય છે. વિશાળ જગ્યા આરામદાયક બેસવાની વ્યવસ્થા પાર્કિંગની પૂરતી સુવિધાઓ અને શીતળ વાતાવરણ સાથે અહીં દરેક દર્શકને આનંદદાયક અને સુરક્ષિત અનુભવ મળશે. ખાસ કરીને પરિવાર અને મિત્રો સાથે ગરમા રમવા માટે અહીંનું વાતાવરણ પરંપરાગત તેમજ આધુનિક બન્ને પ્રકારની સુવિધાઓથી સજજ છે. કાર્યક્રમ દરમિયાન સુંદર ડેકોરેશન, પ્રકાશ વ્યવસ્થા અને સંગીત માટે ઉત્તમ સાઉન્ડ સિસ્ટમ સાથે દરેક ક્ષણ યાદગાર બની રહેશે.

આ ભવ્ય કાર્યક્રમ માટે ટિકીટો સ્પોર્ટસ વિલા અને બુક માય શો ડિજિટલ પ્લેટ ફોર્મ પર ઉપલબ્ધ છે. દર્શકો સરળતાથી ઓનલાઈન ટિકિટ બુક કરીને પોતાના પરિવાર અને મિત્રો માટે ટિકિટ કનફોર્મ કરી શકે છે. કાર્યક્રમ દરમિયાન અનુકુળ વ્યવસ્થા પણ ઉપલબ્ધ રહેશે. દર્શકો માટે ખાસ ઓફરો અને ડિજિટલ ચુકવણીની સરળ સુવિધાઓ સાથે ટીકીટ બુકીંગ પ્રક્રિયા સરળ બનાવી દેવામાં આવી છે.

# કડિયા કામના ધંધાર્થીએ રૂ. ૨.૧૨ લાખની ઉઘરાણી કરતા માતા-પુત્રે જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યા

## મકાનના રીનોવેશન પેટે બિલના પૈસા માંગતા ફોન કરી બેફામ ગાળો ભાંડી ખૂનની ધમકી આપી: બી ડિવિઝન પોલીસ મથકમાં એટ્રોસિટી એકટ સહિતની કલમો હેઠળ ગુનો

**અબતક, રાજકોટ**

શહેરના જય ભીમનગરના કડિયાકામના ધંધાર્થી પાસે મકાનનું રીનોવેશન કરી રૂ. ૨.૧૨ લાખ નહિ ચૂકવી બેડીપરાના માતા-પુત્રએ જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી ખૂનની ધમકી આપતાં બી ડિવિઝન પોલીસ મથકમાં એટ્રોસિટી એકટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. કાલાવડ રોડ પર જડુસ હોટેલ નજીક જય ભીમનગર શેરી નંબર-૩ માં રહેતા ૫૧ વર્ષીય કડિયા કામના ધંધાર્થી સુભાષભાઈ ગાંગજીભાઈ બેડવાએ બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે બેડીપરામાં રહેતા માતા-પુત્ર આશાબેન રાકેશભાઈ કારિયા અને નૈતિક રાકેશભાઈ કારિયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, ગઈ તા.૨૫/૦૩/૨૦૨૫ થી પહેલા આશરે પંદરેક દિવસ અગાઉ હું છુટક કડીયાકામ કરતો હોય અને મારૂ કડીયાનુ કામ બેડીપરા ઈજી બેકરીની સામે ખીટ સેરીમાં કામ ચાલતું હતું. જ્યાં બાજુમાં રહેતા આશાબેન રાકેશભાઈ કારીયા મારા કામના સ્થળે આવેલ અને મને કહેલ કે, અમારે મકાનનું રીનોવેશનનું કામ કરવાનું છે અને તમને આ કામ આપવાનું છે. જેથી હું તેના ઘરે ગયેલ અને ત્યાં તેમનો દિકરો નૈતિકભાઈ અને તેમના પતિ રાકેશભાઈ ઘરે હાજર હતા. બાદ તેમના મકાનના રીનોવેશનનું કામ મારે રૂ. ૭ લાખમાં કરી આપવાનું તેમ નક્કી થયેલ હતું. બાદ મે મારા નાનાભાઈ મુકેશ બેડવા અને અન્ય મજૂરોને સાથે રાખી રીનોવેશનનું કામ શરૂ કરી બે માસમાં પૂર્ણ કરી દીધેલ હતું. કામ ચાલુ હોય દરમિયાન સામાવાળાએ મને કટકે કટકે રૂ.૬.૩૦ લાખ ચૂકવી આપેલ હતા.

વધુમાં પ્રૌઢે જણાવ્યું હતું કે, કોઈ કિંમતી ચીજ વસ્તુ નાખવી હોય અથવા વધારાનું કામ કરવાનું હોય તો તેના રૂપીયા અલગથી આપવાના તેમ કામ આપતી વેળાએ મૌખિક નક્કી થયેલ હતું. જેથી વધારાના કામના રૂ.૧.૪૨ લાખ થતાં હોય એમ મારે વધુ રૂ. ૨.૧૨ લાખ લેવાના નીકળતા હતા. જેથી મે આશાબેન પાસેથી પૈસા માંગતા કામ બાબતે મારી ભુલ કાઢી મારા નીકળતા રુપીયા આપતા ન હતા. જેથી હું ગઈ તા. ૦૨/૦૮/૨૦૨૫ ના રોજ સવારનાં નવ વાગ્યે તેમના ઘરે મારા કડીયાકામના ઓજારો અને રૂપિયા લેવા ગયેલ હતો. ત્યારે મારી સાથે મારા મજુર સંગીતાબેન પણ હતા. ત્યારે આશાબેન તથા તેનો દિકરો નૈતિક શેરીમાં ઉભા હતા. બાદ મે રૂપિયા અને ઓજારો માંગતા બંને માતા-પુત્રએ મારી સાથે ઝઘડો શરૂ કરી દીધેલ હતો. બાદ મને ગાળો આપી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યો હતો પણ મારે ઝગડો કરવો ન હોય હું ત્યાંથી નીકળી ગયેલ હતો. બાદ તે દિવસે બપોરના એકાદ વાગ્યે હું બીજી જગ્યાએ કામ ઉપર હતો. ત્યારે નૈતિકભાઈનો ફોન આવેલ અને પ્રથમ આશાબેને મને જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી તમે અમારૂ કામ બરોબર કરેલ નથી અને રુપીયા બધા માંગો છો? તેમ કહ્યું હતું. બાદ નૈતિકે વચ્ચેથી ફોન લઈ કહેવા લાગેલ કે, તમે અમારૂ કામ પુરૂ કરેલ નથી અને પૈસા માંગો છો? કહી ગાળો આપી હતી અને ખૂનની ધમકી આપી હતી. જેનું રેકોર્ડિંગ મારી પાસે છે.

બાદ પ્રૌઢે પરિવારજનો અને સામાજિક આગેવાનો સાથે ચર્ચા કર્યા પછી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ આપતાં પોલીસે ધમકી અને એટ્રોસિટી એકટ સહીતની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આરંભી હતી.

# ડિસ્ટ્રીકટ ફૂટબોલ એસો. દ્વારા બુધવારે ફૂટબોલ ટુર્નામેન્ટનું ભવ્ય આયોજન

**અબતક, રાજકોટ**

એ.જી. ઓફીસ રાજકોટના સીનીયર ફુટબોલ ખેલાડીઓ તથા ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસિએશન રાજકોટ દ્વારા સ્વ.પીટર જેક તથા સ્વ.દિનેશ ગોસાઈ મેમોરીયલ ઓપન રાજકોટ ફુટબોલ ટુર્નામેન્ટનું આયોજન તા.૨૪-૦૯-૨૫ થી ૨૮-૦૯-૨૫ દરમ્યાન કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટમાં ટીમની એન્ટ્રી માટે રોહીત બુંદેલાના મો.નં.૯૪૦૯૩ ૦૩૪૯૪ પર સંપર્ક કરવા જણાવાયું છે. આ ટુર્નામેન્ટમાંથી રાજકોટ ડિસ્ટ્રીકટ ટીમનું સિલેકશન કરવામાં આવશે.આ ટુર્નામેન્ટને સફળ બનાવવા માટે પ્રમુખ ગુણુભાઈ ડેલાવાળાની આગેવાની હેઠળ રાજકોટ ડિસ્ટ્રીકટ ફુટબોલ એસોસિએશનના હાદ્દેદારો સર્વે ડી. વી. મહેતા, મુકેશ બુંદેલા, બી. કે. જાડેજા, રોહિત બુંદેલા, જીવણસિંહ બારડ, દિવમ ગોસાઈ, અરૂણ ગોસ્વામી વગેરે સભ્યોએ જહેમત ઉઠાવી રહ્યા છે.

# આર્ય સમાજના ૧૫૦માં સ્થાપના વર્ષે નિમિતે રવિવારે વિનામૂલ્યે નેત્ર યજ્ઞ કેમ્પ

**અબતક,રાજકોટ**

આર્ય સમાજની સ્થાપનાના ૧૫૦માં વર્ષ નિમિતે તથા આર્ય સમાજ હાથીખાના, રાજકોટની સ્થાપનાના ૫૦માં વર્ષ નિમિતે આર્ય સમાજ હાથીખાના અને માયાણીનગરના મહર્ષિ દયાનંદ કલ્યાણનિધિ દ્વારા ૨૧.૯ રવિવારના રોજ વિનામૂલ્યે નેત્રયજ્ઞ કેમ્પનું આયોજન આર્ય સમાજ માયાણીનગર, આર્ય સમાજ રોડ, મ્યુ. કોર્પોરેશન આવાસ યોજનાની સામે રાજકોટ ખાતે સવારે ૮ થી ૧૧.૩૦ વાગ્યે રાખેલ છે.

આ નેત્રયજ્ઞ કેમ્પમાં દર્દીનું નિદાન કરી ચશ્માં વિનામૂલ્યે આપવામાં આવશે. તેમજ મોતીયો, ઝામર, પરવાળ, નાસુર વગેરેના દર્દીઓનું ડોકટર દ્વારા નિદાન કરી નેત્રમણી વિનામૂલ્યે બેસાડી દેવામાં આવશે. જેમાં ડો. સનાતન જાની, ડો.દીપશિખા મિતલ સહિતા ડો.સેવા આપશે. આર્થિક નબળા અને જરૂરીયાતવાળા દર્દીઓએ આર્યસમાજ માયાણીનગર રાજકોટ ખાતે અથવા મો. ૯૪૨૯૫ ૭૫૧૧૩ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ઢોલ શરણાઈના સૂર સાથે પ્રથમ વખત યોજાશે ‘નવરાત મંડળી ગરબા’

## ‘અબતક’ની શુભેચ્છા મુલાકાતે આયોજકોએ માહિતી આપી

**અબતક, રાજકોટ**



તસવીરઃ શૈલેષ વાડોલિયા

ગુજરાતભરમાં મંડળી ગરબાનો ક્રેઝ પૂરજોશમાં જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરમાં પહેલીવાર આધુનિકતા અને પરંપરાનું અનોખુ મિશ્રણ પૂરું પાડતા મંડળી ગરબાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદમાં અત્યંત લોકપ્રિય બનેલા આ મંડળી ગરબા હવે રાજકોટના યુવા હૈયાઓને પણ ડોલાવવા તૈયાર છે.

નવરાત મંડળી ગરબા - ૨૦૨૫’ જીવંત ઢોલ અને શરણાઈના સૂર સાથે ગરબા રમાશે, જે ગરબાપ્રેમીઓ માટે એક અનોખો અને યાદગાર અનુભવ બની રહેશે.

આ ગરબા ડીજેના શકિતશાળી અવાજને બદલે પરંપરાગત લોકવાદ્યો - ઢોલ, તબલા અને શરણાઈના શુદ્ધ સંગીત પર આધારિત છે.

આ વાદ્યોનો અવાજ એક અનોખી ઊર્જા અને પરંપરાગત વાતાવરણ ઊભું કરે છે,

ઈવેન્ટમાં પ્રખ્યાત ગાયિકા દેવલબેન ગઢવી અને સંસ્કાર ઢોકિયા સુમધુર અવાજથી ખેલૈયાઓને મંત્રમુગ્ધ કરશે.

આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય લોકોને જૂની શેરી ગરબાની યાદ અપાવવાનો છે.

આયોજન સ્થળ તરીકે વિશ્વા પાર્ટી લોન્સ, ન્યુ ૧૫૦ ફિટ રિંગ રોડ, રાજકોટ પસંદ કરવામાં આવ્યું છે, જ્યાં સજાવટમાં સંપૂર્ણ પરંપરાગત થીમનો ઉપયોગ થશે. પ્રવેશદ્વારથી લઈને ગરબાના મેદાન સુધીનું ડેકોરેશન ગુજરાતની લોકકલા અને સંસ્કૃતિને પ્રતિબિંબિત કરશે.

કાર્યક્રમ અંગે અબતકની શુભેચ્છા મુલાકાતે આવેલા યશદિપસિંહ જાડેજા, રાજદીપ સિંહ ગોહિલ, અને ધ્યેય પટેલે જણાવ્યું કે બાંબુ અને વામ લાઈટના કલ્ચર પર આધારિત ડેકોરેશન પરંપરાગત બાબુ થીમ પરનું કલ્ચરલ એન્ટ્રી ગેટ માતાજીનો પંડાલ બેંગ્લોર સ્ટાઈલમાં ડિઝાઈન ૪ હજારથી ૫ હજાર ખેલૈયાઓની ગ્રાઉન્ડ કેપેસિટી આ બધું મળીને ઈવેન્ટ એકદમ ભવ્ય અને પરંપરાગત માહોલ ઊભો કરશે. આ ગરબાનું આયોજન વાયએજે ઈવેન્ટ્સ એન્ડ એન્ટરપ્રાઈઝ દ્વારા અને ધ પ્લાનર્સ ઈવેન્ટ્સના કોન્સેપ્ટ હેઠળ કરવામાં આવ્યું છે.

# પારસધામ દ્વારા 'નમોત્સવ - જન્મોત્સવ' માનવતાના ૭૫ પ્રકલ્પો થકી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને અનોખી શુભેચ્છા

## નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ૭૫માં જન્મોત્સવ અવસરે પારસધામ દ્વારા સમગ્ર દેશમાં 'નમોત્સવ - જન્મોત્સવ' ઉજવાયો: 'નમોત્સવ - જન્મોત્સવ' સેવાનો, સમર્પણનો અને માનવતાનો જીવંત ઉત્સવ બન્યો: નમ્રમુનિ

### મુખ્ય સેવા પ્રકલ્પો

મહેનત-મજૂરી કરીને જીવનનિર્વાહ કરી રહેલાં એવા નરેન્દ્ર નામધારક ૭૫ ભાવિકોને આવક અર્થે ચાની લારીની અર્પણતા

નરેન્દ્ર નામધારક એવા ૧૦૦૦ જરૂરિયાતમંદ ભાવિકોને જીવન જરૂરી સહાય,

'વિવિધ ક્ષેત્રોમાં ૭ હેલ્થકેર ક્લિનિક, કતલખાનામાં કતલ થવા જઈ રહેલી ૫૦૦ ગાયો અને બકરીઓને છોડાવીને નવજીવન આપવામાં આવ્યું,

'ભાડાની રિક્ષા ચલાવીને મુશ્કેલીથી ગુજરાન ચલાવી રહેલાં ૭૫ ઓટોરિક્ષા ડ્રાઈવરને રીક્ષાની અર્પણતા,

'શિક્ષિત બેરોજગાર એવા ૫૦ યુવાનોને આજીવિકા અર્થે અર્ટીગા કારની અર્પણતા,

'ઘાયલ પશુ-પંખીની સારવાર અર્થે ૫ ક્ષેત્રોમાં ઓલવેઝ કેર એનિમલ સેન્ટરની સ્થાપના



**અબતક, રાજકોટ**

દેશના વિકાસ અને માનવતાના મૂલ્યો માટે જીવન સમર્પિત કરનારા પ્રધાનમંત્રીશ્રીને અનોખી ભેટ સ્વરૂપે માનવતા - જીવદયા અને સેવા આધારિત ૭૫ પ્રકલ્પો રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી, પારસધામ આયોજિત દેશભરના તમામ કેન્દ્રોમાં સેવાયજ્ઞો યોજાયા. અમદાવાદ, રાજકોટ, મુંબઈ, કોલકાતા, દિલ્હી, બેંગલોર, ચેન્નઈ સહિત ભારતભરના અનેક શહેરોમાં ફેલાયેલા ૫૦થી વધુ સેન્ટરો દ્વારા એકતા, સેવા અને સંકલ્પની અનોખી છબિ જોવા મળી.

આ તમામ કેન્દ્રોમાં યુવાનો દ્વારા વિવિધ સેવાકીય પ્રકલ્પો - શિક્ષણ સહાય, આરોગ્ય સેવા, પ્રકૃતિ સંરક્ષણ, જીવદયા, અનાથ અને જરૂરિયાતમંદોને સહાય, અબોલ પશુ-પંખીઓને શાતા, સહાય તેમજ આધ્યાત્મિક પ્રવૃત્તિઓ ઉત્સાહપૂર્વક યોજાઈ.

૭૫૦૦૦ વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ, ૭૫૦૦૦ મજૂરોને કેપની અર્પણતા, ૭૫૦૦૦ લોકોને હાથના મોજા અને માસ્કની અર્પણતા, ૭૫૦૦૦ રાહતદારીઓને ઠંડા પાણીની બોટલ્સની અર્પણતા, ૭૫૦૦૦ ગ્લાસ ઠંડી છાશનું વિતરણ

'રાત્રિના સમયે પુરપાટે દોડતાં વાહનોથી બચાવવા ૭૫૦૦ રખડતા ડોગીને રેડિયમ બેલ્ટની અર્પણતા, ૭૫૦૦ જરૂરિયાતમંદ લોકોને સ્વેટર, બ્લેન્કેટ, છત્રી, ચપ્પલ, વસ્ત્રનું વિતરણ, ૭૫૦૦ વિદ્યાર્થીઓને સ્ટડી ટેબલની અર્પણતા, ગર્ભવતી એવા ૭૫૦૦ જરૂરિયાતમંદ બહેનોને ડ્રાયફ્રુટના પેકેટનું વિતરણ, ૭૫૦૦ પરિવારોને બેડ, ઓશિકા, વોલ કલોકની અર્પણતા, ૭૫૦૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કૂલબેગ, સ્કૂલ કીટની અર્પણતા, ૭૫૦૦ ગાયોને ૫૬ ભોગ આહારની અર્પણતા, ૭૫૦૦ સિનિયર સિટીઝન્સને સાત્વિક ભોજનની અર્પણતા, સરકારી હોસ્પિટલના દર્દીઓ માટે ૭૫૦૦ સલ ફળોની અર્પણતા, ૭૫૦૦ વડીલોને ખુરશીની અર્પણતા, સ્લમ એરિયામાં રહેતાં બાળકો માટે ૭૫૦૦ ફર્સ્ટ એઈડ બોકસની અર્પણતા, પ્રધાનમંત્રીના સ્વચ્છ ભારત અભિયાનને વેગવંતુ બનાવવા વિવિધ ક્ષેત્રોમાં ૭૫૦૦ ડસ્ટબિનને ઈન્સ્ટોલ કરવામાં આવ્યાં હતાં, પક્ષીઓ માટે ૭૫૦૦ જલકુંડીની અર્પણતા

સ્લમ એરિયામાં રહેલાં ૭૫૦ પરિવારોને સુટકેસની, વાસણના સેટની, જીવન જરૂરિયાતની કીટની, મચ્છરદાનીની, અર્પણતા, રસ્તે રઝડતાં ઘાયલ ૭૫૦ પશુઓને સારવારની અર્પણતા, ૭૫૦ જરૂરિયાતમંદ બહેનોને રોજગાર અર્થે સિલાઈ મશીનની અર્પણતા, ૭૫૦ જરૂરિયાતમંદ દર્દીઓની નિઃશુલ્ક મોતી બિંદુ ઓપરેશનની સહાય, સહિતના કાર્યક્રમ યોજાયો

પરમ ગુરુદેવની દિવ્ય દૃષ્ટિ અને કરુણા ભાવનાથી પારસધામ દ્વારા યોજાયેલા આ વિશાળ સેવાયજ્ઞે પ્રધાનમંત્રીશ્રીને માનવતાની અમૂલ્ય ભેટ અર્પણ કરી. આ સેવા પ્રકલ્પમાં દેશના અનેક ઉદ્યોગપતિઓ અને દાનવિરો દ્વારા સરાહનીય યોગદાન આપવામાં આવ્યું. ગુરુ પ્રત્યેની ભક્તિ તથા માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી પ્રત્યે સમર્પણ ભાવથી નિસ્વાર્થ યોગદાન સેવા કાર્ય માટે પ્રેરણારૂપ સાબિત થયું છે. આથી 'નમોત્સવ - જન્મોત્સવ' ખરેખર સર્વત્ર વ્યાપી મહોત્સવ બની રહ્યો.

## આંબેડકર નગર-૫માં યુવકે ગળાફાંસો લગાવી જીવન ટૂંકાવ્યું

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પાસે આવેલ આંબેડકર નગર શેરી નંબર-૫માં રહેતા ૪૨ વર્ષે યુવાન ગળાફાંસો ખાઈને આપઘાત કરી લીધાનો બનાવ માલવિયાનગર પોલીસ મથકમાં નોંધાયો છે. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ આંબેડકર નગર શેરી નંબર-૫માં રહેતા જીતેન્દ્રભાઈ પ્રેમજીભાઈ સોલંકી ૪૨ના ઘરે કોઈ હાજર ન હતું ત્યારે ઘરના પંખામાં કપડું બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. તેમના નાના ભાઈના પત્નીની નજર પડતા નાના ભાઈએ ૧૦૮ બોલાવી સિવિલ હોસ્પિટલે ખસેડવામાં મારફતે જીતેન્દ્રભાઈને સારવાર અર્થે આવવામાં આવતા જ્યાં ફરજ પરના તબીબે જીતેન્દ્રભાઈને મૃત જાહેર કર્યા હતા. આ બનાવની જાણ માલવિયાનગર પોલીસને થતા કુલદીપસિંહ ગોહેલ સહિતનો સ્ટાફ હોસ્પિટલે દોડી આવ્યો હતો. જીતેન્દ્રભાઈના મૃતદેહને પીએમ અર્થે ખસેડી પ્રાથમિક તપાસમાં મૃતક જીતેન્દ્રભાઈ ભાઈ મજૂરી કામ કરીને જીવન જીવતા હતા. તેમને સંતાનમાં એક દીકરો હોવાનું જાણવા મળ્યું છે.

(પહેલા પાનાનું ચાલું)

### અમિતશાહ...

માર્ગ બતાવ્યો, તો સશસ્ત્ર દળોની સાહસિક કાર્યવાહી દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા મજબૂત કરી. આંતરરાષ્ટ્રીય મંચ પર આત્મવિશ્વાસથી ભારતની વાત રજૂ કરી તેમણે દેશને વૈશ્વિક નેતૃત્વ તરફ દોરી જવાનું કાર્ય કર્યું છે. તેમનું વ્યક્તિત્વ નીતિઓથી આગળ છે - સીધી જનતા સાથેનું જોડાણ અને રાષ્ટ્રને ૨૦૪૭ સુધી આત્મનિર્ભર અને વિશ્વગુરુ બનાવવાનો દૃઢ સંકલ્પ જ આજના ભારતની સૌથી મોટી શક્તિ છે.

### ભારત-અમેરિકા બેઠક...

જેના માટે તે ભારત પર દબાણ વધારી રહ્યું છે. આવી સ્થિતિમાં અમેરિકા માટે આ મુદ્દા પર ચર્ચા કરવી સ્વાભાવિક છે.

નોંધનીય છે કે ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરારના મુખ્ય વાટાઘાટકાર, શ્રી બ્રેન્ડન લિંચના નેતૃત્વમાં યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસના અધિકારીઓની એક ટીમ ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ભારત આવી હતી. તેમણે વાણિજ્ય વિભાગના વિશેષ સચિવના નેતૃત્વમાં વાણિજ્ય વિભાગના અધિકારીઓ સાથે ભારત-અમેરિકા દ્વિપક્ષીય વેપાર કરાર સહિત ભારત-અમેરિકા વેપાર સંબંધો પર ચર્ચા કરી હતી.

### ટ્રમ્પ બ્રિટન...

દરમિયાન ટ્રમ્પ ગુરુવારે યુકેના વડાપ્રધાન કીર સ્ટાર્મરને પણ મળવાના છે. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે સ્ટાર્મર તેમના ભૂતપૂર્વ દૂત પીટર મેન્ડેલસનના સંબંધોને કારણે ટીકાઓનો સામનો કરી રહ્યા છે, જેમના જેફરી એપસ્ટીન સાથેના સંબંધો પર સવાલો ઉભા થયા છે. ખાસ વાત એ છે કે, ટ્રમ્પ પણ જેફરી એપસ્ટીન સાથેના તેમના ભૂતકાળના સંબંધોને કારણે તપાસ હેઠળ છે. આ મુલાકાત કૂટનીતિક અને આર્થિક મુદ્દાઓ ઉપરાંત, બંને નેતાઓ પરના અંગત વિવાદોને કારણે પણ ચર્ચાનો વિષય બની છે.

### યમન-ઈઝરાયેલ...

હોદેઈદા બંદર પર હુથીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા ''લશ્કરી માળખા'' પર હુમલો કર્યો હતો. ''હુથી આતંકવાદી શાસન દ્વારા ઈઝરાયલ રાજ્ય અને તેના સાથીઓ સામે હુમલા કરવા માટે ઈરાની શાસન દ્વારા મોકલવામાં આવેલા શસ્ત્રોના પરિવહન માટે હોદેઈદા બંદરનો ઉપયોગ કરવામાં આવે છે,'' નિવેદનમાં જણાવાયું છે.

સારીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે હુથી હવાઈ સંરક્ષણ પ્રણાલીઓએ ઈઝરાયલી વિમાનો માટે ''ઘણી મૂંઝવણ ઊભી કરી'' અને કેટલાક લડાકુ વિમાનોને હુમલો કરતા પહેલા જ યમનની હવાઈ સીમા છોડી દેવાની ફરજ પાડી, જેના કારણે યમનમાં ઈઝરાયલના ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો. ગયા અઠવાડિયે યમનની રાજધાની સનામાં ઈરાન સમર્થિત હુથી બળવાખોરો પર ઈઝરાયલી હવાઈ હુમલામાં માર્યા ગયેલા ૩૧ યમની પત્રકારોના દફનવિધિમાં સેંકડો લોકો હાજર રહ્યા હતા ત્યારે આ હુમલા કરવામાં આવ્યા હતા.

### પાક.એ કબુલ્યું...

જેમાં આતંકવાદ, વેપાર, અર્થતંત્ર અને કાશ્મીર જેવા મુદ્દાઓનો સમાવેશ થાય. આ ઘટના દર્શાવે છે કે ભારત પોતાની સાર્વભૌમિકતાના મુદ્દાઓ પર કોઈ સમાધાન કરવા તૈયાર નથી.

ભારતની આ નીતિ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અગાઉના નિવેદનો સાથે સુસંગત છે. જૂનમાં, વડાપ્રધાન મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે ફોન પર વાતચીત દરમિયાન સ્પષ્ટપણે કહ્યું હતું કે ભારત ક્યારેય પાકિસ્તાન સાથેના તેના સંબંધોમાં કોઈ પણ પ્રકારની મધ્યસ્થી સ્વીકારશે નહીં. તે સમયે, વિદેશ સચિવ વિક્રમ મિસરીએ પણ આ વાતની પુષ્ટિ કરતા કહ્યું હતું કે ભારતે ક્યારેય મધ્યસ્થી સ્વીકારી નથી અને ભવિષ્યમાં પણ નહીં સ્વીકારે. આ ભારતીય કૂટનીતિની મજબૂતાઈ અને સ્વતંત્રતાને રેખાંકિત કરે છે.

નોંધનીય છે કે ૨૨ એપ્રિલના પહલગામમાં થયેલા આતંકી હુમલામાં ૨૬ નાગરીકોના મોત થયા હતા, તેના જવાબમાં ભારતે ૭ મેના રોજ પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી ઠેકાણાઓ પર નિશાન સાધવા માટે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. આ ઓપરેશન બાદ બંને દેશો વચ્ચે ચાર દિવસ સુધી અથડામણ ચાલી હતી, જેનો અંત ૧૦ મેના રોજ પાકિસ્તાનના ડીજીએમઓ દ્વારા યુદ્ધવિરામની અપીલ કરવામાં આવ્યા બાદ આવ્યો હતો. આ સમગ્ર ઘટનાક્રમથી સ્પષ્ટ થાય છે કે ભારતે કોઈપણ પ્રકારની બાહ્ય દખલગીરી વિના પોતાની રીતે જ પરિસ્થિતિને નિયંત્રિત કરી હતી. આ કાર્યવાહીએ વિશ્વને એ સંદેશો આપ્યો કે ભારત પોતાની સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે અને હિંસાનો જવાબ આપવામાં અચકાશે નહીં.

(ચોથા પાનાનું ચાલુ)

### ૭૫ રંગોળી

રંગોળી બનાવવામાં આવી હતી. આ રંગોળી ઉત્સવમાં ૧૫*૧૫ સાઈઝની એક રંગોળી, ૬*૬ સાઈઝની ૪ રંગોળી અને ૪*૪ સાઈઝની ૭૦ રંગોળી બનાવવામાં આવી હતી.

મહાત્મા ગાંધી મ્યુઝિયમ ખાતે બનાવવામાં આવનાર રંગોળી પ્રદર્શન માટે શહેરીજનો બે દિવસ સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા દરમ્યાન નિહાળી શકશે. આ પ્રદર્શન બહોળી સંખ્યામાં નાગરિકો નિહાળી શકશે. આ રંગોળી ઉત્સવ માટે રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને ચિત્રનગરીના કમિટી મેમ્બર જીતુભાઈ ગોટેચા, રશ્મિ ગોટેચા, સુરેશભાઈ રાવલ, જયશ્રીબેન રાવલ,રશેષભાઈ વ્યાસ, મુકેશભાઈ વ્યાસ, હેમાબેન વ્યાસ, સીમાબેન અગ્રવાલ, શિવમ અગ્રવાલ, દિગીશભાઈ વડોદરિયા, પરેશભાઈ ધોરાજીયા, હરદેવસિંહ વાઘેલા તથા મૌલિકભાઈ ગોટેચા જહેમત ઉઠાવી રહ્યા છે.

### સર્જનના દેવતા વિશ્વક

શ્રી કૃષ્ણનું સુદર્શન ચક્ર જેવા અગત્યના યંત્રો અને રચનાઓ તૈયાર કર્યા. આ દિવસે ઉદ્યોગજગતમાં કર્મચારીઓ અને કારીગરો મશીનો અને સાધનોની પૂજા કરીને વ્યવસાયમાં સફળતા અને પ્રગતિ માટે પ્રાર્થના કરે છે.

ફેક્ટરીઓ અને કાર્યસ્થળોમાં વિશેષ મંત્રોચ્ચાર અને પવિત્રતા સાથે પૂજા કરીને નવી પ્રેરણા અને ઉત્સાહ સાથે કામ શરૂ કરવામાં આવ્યું.

### સ્વચ્છોત્સ્વનો આરંભ

શ્રીમતી ભાનુબેન બાબરીયા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સાંસદ રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, રાજકોટ શહેર મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા, સેનિટેશન કમિટી ચેરમેન નિલેશભાઈ જલુ, કાયદો અને નિયમોની સમિતિ ચેરમેન કંકુબેન ઉઘરેજા, કુસુમબેન ટેકવાણી, કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ, અલ્પાબેન દવે, જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન પાંધી, નાયબ કમિશનર સી.કે.નંદાણી, એચ.આર.પટેલ, પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકી, નાયબ પર્યાવરણ ઈજનેર દિગ્વિજયસિંહ તુવર, વલ્લભભાઈ જીંજાળા, વી.આર.ચાવડા તેમજ સ્થાનિક આગેવાનો તથા મહાનુભાવો ઉપસ્થિત રહેલ હતા અને શ્રમદાન કરવામાં આવ્યું હતુ.

(૧૩માં પાનાનું ચાલું)

### આત્મીય...

ભારતમાતાને નશામુકત ભારતની ભેટ આપવી છે.

આ અમૃત સન્માન યાત્રામાં આત્મીય પરિવારની શૈક્ષણિક સંસ્થાઓના પાંચ હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. આત્મીય યુનિવર્સિટીના કુલપતિ પ્રો. રાકેશકુમાર મુદગલ, રજીસ્ટ્રાર ડો.ડી. ડી.વ્યાસ, વિરાણી સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. કાર્તિક લાડવા, વગેરેના માર્ગદર્શન હેઠળ કોલેજના અધ્યાપકો અને કર્મચારીઓએ યાત્રાની સફળતા માટે જહેમત ઉઠાવી હતી.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ગુજરાતમાં સેવા કાર્યો...

નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ અપાશે આજે અમદાવાદના નરેન્દ્રમોદી સ્ટેડિયમ સહિત ૬૦૦ સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરાયું છે.

રાજકોટ ખાતે પણ મહિલા અને બાળ કલ્યાણ વિભાગ મંત્રી ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં એક મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ દ્વારા સબ સેન્ટરથી લઈને મેડિકલ કોલેજ હોસ્પિટલ સુધી સ્ત્રીઓ અને બાળકો માટે જુદા ૧૪ જેટલા વિષયો સંબંધિત આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવશે.

વડાપ્રધાનના જન્મ દિવસ નિમિત્તે રાજ્યમાં અંદાજે કુલ ૧,૪૧,૦૩૭ જેટલા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પેટા આરોગ્ય કેન્દ્ર-આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૧,૦૦,૮૫૪, પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૨૦,૦૦૭, શહેરી પ્રાથામિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૫,૫૯૦, શહેરી આયુષ્માન આરોગ્ય મંદિર દ્વારા ૯,૯૭૧ અને સામુહિક આરોગ્ય કેન્દ્ર દ્વારા ૪,૬૧૫ જેટલા કેમ્પનો સમાવેશ થાય છે. રાજ્યમાં ૧૦,૮૪૯ સ્પેશ્યાલિસ્ટ કેમ્પ અને ૧,૩૦,૧૮૮ સ્ક્રીનીંગ કેમ્પનું આયોજન કરીને નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ આપવામાં આવશે.

મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપનને સાકાર કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કાર્યભાળ સંભાળતાની સાથે જ વર્ષ ૨૦૧૪થી રાષ્ટ્રવ્યાપી સ્વચ્છ ભારત મિશનનો પ્રારંભ કરાવ્યો હતો. આગામી તા. ૨ ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિના રોજ આ અભિયાનના ૧૧ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર દેશમાં સ્વચ્છતા હી સેવા-૨૦૨૫ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આજથી તા. ૨ ઓક્ટોબર સુધીના પખવાડિયા દરમિયાન દેશભરમાં સ્વચ્છોત્સવની થીમ પર સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.

ગુજરાતમાં માત્ર એક જ પખવાડિયું નહિ, પરંતુ ત્રણ પખવાડિયા સુધી રાજ્યના મહાનગરો, નગરો, ગામડાઓ અને સરકારી કચેરીઓ સહિતના જાહેર સ્થળો ખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.

૨૨ સપ્ટેમ્બર દરમિયાન શહેરોમાં બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, રીક્ષા, ટેક્સી અને સાયકલ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ, શહેરી વિસ્તારમાંથી પસાર થતા રીંગ રોડ, રાજ્યના ધોરી માર્ગ અને રાષ્ટ્રીય ધોરી માર્ગ જેવા સ્થળોની સંપૂર્ણ સાફ-સફાઈ ઉપરાંત કચરાના એકત્રીકરણ અને વર્ગીકરણના તમામ સાધનોની પણ સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે.

૨૩ થી ૨૯ સપ્ટેમ્બર દરમિયાન શહેરોમાં આવેલા ધાર્મિક સ્થળો, સંગ્રહાલયો, પ્રવાસન સ્થળો, બાગ-બગીચાઓ, ઐતિહાસિક સ્થળો, સાર્વજનિક અને રાષ્ટ્રીય ઉદ્યાનો, અભયારણ્યો તેમજ ટ્રેકિંગ અને કેમ્પિંગ સ્થળોની સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે.

૩૦ સપ્ટેમ્બરથી ૬ ઓક્ટોબર દરમિયાન શહેરોમાં આવેલા વિવિધ નદી, તળાવ, સરોવર, દરિયાકિનારા, વરસાદી પાણીના નાળા જેવી વોટર બોડીસ અને ટ્રેસ ક્લીનર્સ સહિતના સ્થળોની સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે.

૭ થી ૧૩ ઓક્ટોબર દરમિયાન રાજ્યના શહેરોમાં આવેલા વિવિધ સર્કલ, ચાર રસ્તાઓ, સિગ્નલ્સ, ખુલ્લા પ્લોટ અને પ્રસ્થાપિત કરાયેલી પ્રતિમાઓ ઉપરાંત બેક લેનની સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે.

૧૪ થી ૨૦ ઓક્ટોબર દરમિયાન રાજ્યના શહેરોમાં આવેલા વિવિધ વાણિજ્ય વિસ્તારો, માર્કેટીંગ યાર્ડ માર્કેટ, શાકભાજી માર્કેટ અને સ્ટ્રીટ ફૂડ માર્કેટ સહિતની વિવિધ બજારોની સઘન સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે.

તા. ૨૧ થી ૨૭ ઓક્ટોબર દરમિયાન શહેરોમાં આવેલી તમામ સરકારી કચેરીઓ, શાળાઓ, કોલેજો, અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, હોસ્પિટલો, ખાનગી તથા સરકારી દવાખાના અને વિવિધ આરોગ્ય કેન્દ્રોમાં સઘન સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત સરકારી કચેરીઓમાં ભંગારનો નિકાલ, રેકર્ડ વર્ગીકરણ અને જૂના વાહનોની હરાજી જેવી પ્રવૃત્તિઓ પણ કરવામાં આવશે.

તા. ૨૮ થી ૩૧ ઓક્ટોબર દરમિયાન શહેરોના આઉટગ્રોથ વિસ્તારમાં આવેલા તમામ એન્ટ્રી પોઈન્ટથી એપ્રોચ વિસ્તાર સુધીના સ્થળો, શહેરના તમામ ફૂટપાથ, રોડ, વેસ્ટ પ્રોસેસિંગ પ્લાન્ટ અને તેની આસપાસના વિસ્તારોની સઘન સાફ-સફાઈ હાથ ધરવામાં આવશે.

વડાપ્રધાનના વતન વડનગર ખાતે પણ નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી.

સુરત ખાતે વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે ઈશ્વર તેમને દીર્ઘાયુ, સુખ, સ્વાસ્થ્ય અને દેશસેવામાં સતત સફળતા પ્રદાન કરે એવી હૃદયપૂર્વક પ્રાર્થના તેમજ પૂજા અર્ચના કરી તેમજ સ્વચ્છતા અભિયાન અંતર્ગત મંદિરની બહાર સાફ સફાઈ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી તેમજ ભાજપા ગુજરાત પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ કરી હતી.

### ટેકાના ભાવની ખરીદી...

ટકાને બદલે ૫૦ ટકા ઉત્પાદનની એમએસપી હેઠળ ખરીદી કરવાની જોગવાઈ કરવા પણ મંત્રીએ સૂચન કર્યું હતું. ચાલુ વર્ષે અત્યાર સુધીમાં જ રેકોર્ડબ્રેક રાજ્યના ૯ લાખથી વધુ ખેડૂતોએ મગફળીનું ટેકાના ભાવે વેચાણ કરવા માટે અરજી કરી છે. જેથી ખરીફ સીઝનમાં પીઓએસ મશીન વગર જ એમએસપી હેઠળ મગફળીની ખરીદી કરવા પણ મંત્રીએ વિનંતી કરી હતી. આ ઉપરાંત તેમણે ખેડૂતોની નોંધણી વધારવા માટે કૃષિ વિભાગની યોજનાઓનો લાભ લેતી વખતે, ખાતર ખરીદતી વખતે અને કેસીસી હેઠળ કૃષિ લોન લેતી વખતે ખેડૂત નોંધણી ફરજિયાત કરવાનું પણ સૂચન કર્યું હતું.

કૃષિ મંત્રી રાઘવજી પટેલે કોન્ફરન્સમાં ગુજરાત સરકારે ડિજિટલ કૃષિને પ્રોત્સાહન આપવા શરુ કરેલા નવીન પહેલ ''કૃષિ પ્રગતિ'' ડિજિટલ એગ્રીકલ્ચર પ્રોજેક્ટ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

### ૧૦૮ ઈમરજન્સી...


૨૦૧૫થી શરૂ થયેલી ૧૮૧ મહિલા હેલ્પલાઈન અંતર્ગત ૧૬.૯૫ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને ૫૯ વાન દ્વારા ૩.૩૯ લાખથી વધુ મહિલાઓને સ્થળ પર જરૂરી મદદ કરવામાં આવી છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૧૭માં શરૂ કરાયેલી ૧૦૪ હેલ્થ હેલ્પલાઈન દ્વારા કુલ ૫૧.૯૨ લાખથી વધુ કોલ એટેન્ડ કરીને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ છે. આ ઉપરાંત વર્ષ-૨૦૧૮માં શરૂ કરાયેલી ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ દ્વારા ૭૫૮ જેટલા નાગરિકોનો જીવ બચાવવામાં આવ્યો છે. હાલમાં ગુજરાતમાં બે ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ સેવારત છે. રાજ્યના ૭ જિલ્લાઓમાં વર્ષ ૨૦૧૯થી કાર્યરત ૧૧૨ ઈમરજન્સી સેવા અંતર્ગત ૧.૫૩ કરોડથી વધુ ઈમરજન્સી કોલ, પોલીસ ઈમરજન્સી, ફાયર ઈમરજન્સી, મેડીકલ ઈમરજન્સી અને ડિઝાસ્ટર ઈમરજન્સી સંબંધિત કોલ એટેન્ડ કરવામાં આવ્યા છે. ૧૦૮ દ્વારા ગુજરાતમાં નવતર પહેલના ભાગરૂપે વર્ષ ૨૦૨૦માં ૧૧૦૦ ટેલિ મેડિસિન એટલે કે ઘરે બેઠા ટેલિફોન પર ડોકટરનું માર્ગદર્શન સેવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં તબીબી સલાહ, કાઉન્સેલીંગ, કોવિડ-૧૯ અને વિવિધ આરોગ્ય સંબંધિ સેવાઓ સફળતાપૂર્વક એટેન્ડ કરીને જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે.

## દુઃખદ અવસાન

**સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના**

### બાર એસો.ના પૂર્વ પ્રમુખ બકુલ રાજાણીના વડીલ બંધુ વિનોદભાઈની કાલે પ્રાર્થનાસભા



**રાજકોટ :** સ્વ વિનોદરાય પરમાણંદ રાજાણીના મોટા પુત્ર ભરતભાઈ રાજાણી (જાનકી સિલેક્શન વાળા) જે હરેશભાઈ, એડવોકેટ બકુલભાઈ રાજાણી, ભાવનાબેન અને આરાધનાબેનના મોટાભાઈ તથા મોહિત ,મૌલિક, દિશા સેજપાલના પિતા તથા ચિરાગકુમાર ભરતભાઈ સેજપાલના સસરા નું અવસાન થયેલ છે સદગતની પ્રાર્થનાસભા તા. ૧૮ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ કલાકે રાષ્ટ્રીય શાળા મધ્યસ્થખંડ રાજકોટ ખાતે રાખવામાં આવી છે

**રાજકોટ :** જીતેશકુમાર નટવરલાલ આહ્યા, થોળીયારીવાળા (ઉં.૫૬) તે સ્મિતાબેન ના પતિ, સ્વ.નિર્મળાબેન, સ્વ.નટવરલાલ હિરજીભાઈ આહ્યા ના પુત્ર, મુકુંદરાય, ભાવેશભાઈ, રાજેશભાઈ ના ભાઈ, પરીન, હેમાલી હર્ષકુમાર છગ, કાજલ ના પિતા, હર્ષકુમાર રમેશભાઈ છગ ના સસરા, તે નીતિનભાઈ, હાર્દિક, એકતા અનુપમકુમાર મીરાણી, ઋત્વી ભાવેશભાઈ આહ્યા ના કાકા, મનહરલાલ લક્ષ્મીદાસ માણેક ના જમાઈનું બુધવાર તા.૧૭/૯/૨૦૨૫ ના રોજ અવસાન પામેલ છે. તેમનું ઉઠમણું (બંને પક્ષ) તા.૧૮ ને ગુરૂવારના રોજ સાંજે ૫ વાગ્યે, ભવનાથ મંદિર, ઈન્દિરાનગર, દેવપરા શાકમાર્કેટ પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મુળ કચ્છ લાકડિયા હાલ રાજકોટ નિવાસી સ્વ. મણિબેન ભોજાભાઈ રાજગોર (ઉં.વ.૯૮) તે જયંતિભાઈ, નટવરભાઈ (જી.ટી. ગર્લ્સ સ્કુલ નિવૃત કર્મચારી), સંજયભાઈ રાજગોર (ઓશો સન્યાસી) ના માતા, વિશાલભાઈ રાજગોર, શ્રીનાથજી મેડીકલ, દિપકભાઈ (અ.જી. ઓફીસ કર્મચારી)ના દાદીનું તા.૧૫ ના રોજ અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા. ૧૮ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ રામ મંદિર, રાજપુતપરા-૨, જીવંતિકા મંદિરની બાજુમાં, ત્રિકોણબાગ પાસે રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. ચિમનલાલ પિતાંબરભાઈ ગણાત્રાના પુત્રવધુ, નવિનચંદ્ર ગણાત્રા (ન્યુ મેટ્રો સેલ્સ એજન્સી)ના પત્ની, તરૂલતાબેન નવીનચંદ્ર ગણાત્રા (ઉં.વ.૭૧) તે સ્વ. ચંદ્રિકાબેન દ્વારકાદાસ કારીયા, સ્વ. નટવરલાલ, સ્વ. વિજયભાઈ, ભદ્રાબેન દિપકભાઈ માણેકના ભાભી, રેખાબેન વિક્રમભાઈ પુજારા, મનીષભાઈ ગણાત્રા, ચિરાગભાઈ ગણાત્રાના માતા, સ્વ. પ્રાણજીવનભાઈ (બચુભાઈ) મગનલાલ હિરાણી (મોરબી)ના દિકરી, અનીલભાઈ, જગદીશભાઈ, શૈલેશભાઈ હિરાણી, રમાબેન ખગ્રામના બહેનનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૮ ને ગુરુવારે સાંજે ૫ કલાકે ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિર, માસ્તર સોસાયટી, ૮૦ ફુટ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**રાજકોટ:** કાંતાબેન વ્રજલાલ પાટડીયા તે સ્વ. સોની વ્રજલાલ કેશવજી પાટડીયાના પત્ની, સ્વ. સોની મનહરલાલ કેશવજી પાટડીયાના ભાભી, સ્વ. સોની પ્રેમજીભાઈ વનમાલીદાસ આદેશરા મોરબીના દીકરી, અનિલભાઈ, મંદાકિનીબેનના માતાનું તા. ૧૬ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું ગુરુવાર તા. ૧૮ ના રોજ સાંજે ૪ થી ૫.૩૦ કલાકે લુહારની વાડી, શેરી નં. ૨૨, સપના સોડા વાળી શેરી કેવડાવાળી રાજકોટ ખાતે બન્ને પક્ષનું બેસણું સાથે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ગોંડલ:** દિનેશભાઈ આણંદજીભાઈ ટાંક (ઉં.વ.૭૫) (યોગી સ્ટારવાળા) તે રાજેન, સંધ્યા, ધીરેનના પિતાનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૮ ને ગુરુવારે સાંજે ૪ થી ૬ ના રોજ શ્યામ વાડી ગોંડલ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મુળ ખોરાણા નિવાસી, હાલ રાજકોટ બેચરભાઈ કરશનભાઈ સાંગાણી તે શાંતાબેનના પતિ, ગીરીશભાઈ, અનિલભાઈ, કુંદનબેન અરવિંદકુમાર સંખાવરાના પિતાનું તા. ૧૪ ને રવિવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૮ ને ગુરુવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે નિવાસ સ્થાન શ્રીજી વિલા એપલ વીલા પ્લોટ નં. ૫૩, કે.જી. ધોળકીયા સ્કુલની પાછળ, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** જીતેન્દ્રભાઈ મહીકૃષ્ણભાઈ મજીઠીયા (ઉં.વ.૭૫) તે સ્વ. મહીકૃષ્ણભાઈ કુબેરદાસભાઈના પુત્ર, રંજનબેનના પતિ, જતીનભાઈના પિતા, જિજ્ઞાસાના સસરા, ખુશના દાદા, પ્રફુલભાઈ, અશ્વિનભાઈ, સુધીરભાઈ, ભદ્રાબેન, સ્વ. ભારતીબેન, ઈલાબેનના ભાઈ, સ્વ. વ્રજલાલ મગનલાલ કકકડના જમાઈ, રસિકભાઈ ધીરુભાઈ, સ્વ. પ્રતાપભાઈ, સ્વ. રમેશભાઈના બનેવીનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૮ ને ગુરુવાર બપોરે ૪ થી ૬ દરમિયાન સોમેશ્વર મહાદેવ, વિતરાગ સોસાયટી, નાણાવટી ચોક, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**જામનગર:** કીર્તિબેન પ્રફુલચંદ્ર ગોહિલ (ઉં.વ.૬૦) તે પ્રફુલચંદ્ર મોહનલાલ ગોહિલ તે જા.જી.પે. સમાજના કારોબારી સભ્ય પત્ની, પાયલ ટાંક (મુંબઈ), ભૂમિકા વાઘેલા (રાજકોટ)ના માતાનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૧૮ ને ગુરુવારે સાંજે ૫ થી ૫.૩૦ કલાકે જામનગર ગુ.ક્ષ. કડિયા જ્ઞાતિની ભોજનશાળા, કડિયાવાડ, જામનગર ખાતે રાખવામાં આવેલ છે.

**રાજકોટ:** શ્રીમાળી બ્રાહ્મણ લલીતભાઈ વસંતરાય ઓઝા (સીનીયર ઈન્સ્યોરન્સ સર્વેયર) તે અનિલભાઈ વસંતરાય ઓઝાના નાનાભાઈ, સ્વ. મીતલબેન ઓઝાના પતિ, સુમિતભાઈ, દર્શીતભાઈના પિતા, વિપુલભાઈ ઓઝાના કાકાનું તા. ૧૫ ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૮ ને ગુરુવારે સાંજે ૫ થી ૬ સુખસાગર એપાર્ટમેન્ટ જલારામ-૨ વરદ મેડીસીન પાસે, યુનિવસિટી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** ગં.સ્વ.મંજુલાબેન જેન્તીલાલ મદાણી ઉંમર વર્ષ ૮૩, તારીખ ૧૫/૦૯/૨૦૨૫ના રોજ અવસાન પામેલ છે, જેવો ગૌ.વા.મગનલાલ જગજીવન અખેણીયાના દીકરી અને લલિતભાઈ, સ્વ.કિશોરભાઈ, રાજુભાઈ (ઈન્દોર)ના બહેનની પિયરપક્ષની સાદડી રાજકોટ ખાતે તારીખ ૧૮/૦૯ ને ગુરૂવારના રોજ સાંજે ૪ થી ૬ કલાકે રાખેલ છે. સ્થળઃ- શ્યામ કુંવરબાઈ વાડી, દરબાર ગઢ, રાજકોટ.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સાંસદ પરસોતમભાઈ રૂપાલાના શિકાગો એરપોર્ટ પર "વધામણા"

## અમેરિકાના પ્રવાસે ગયેલા રૂપાલાનું પ્રવાસી ભારતીય દ્વારા ભારતીય પરંપરા મુજબ કરાયું "સ્વાગત"



**અબતક, રાજકોટ:** રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલાના અમેરિકાના પ્રવાસ દરમિયાન જ્યારે તે શિકાગો આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ઉતર્યા ત્યારે અમેરિકા ઈન્ડિયન કોમ્યુનિટી ફાઉન્ડેશનના ચેરમેન ડો, ભરતભાઈ બારાઈ, એમ્સ હોટલ ગ્રુપના ચેરમેન અશોકભાઈ ભટ્ટ ,ઈન્ડિયન એસોસિયેશન ઓફ લોસ એન્જેલસ ના પ્રમુખ કનકસિંહ ઝાલા, ઓવરસીઝ ભાજપ અને વિશ્વ હિન્દુ પરિષદ નાઆગેવાનો એ ખાસ હાજર રહીને પરસોતમભાઈ રૂપાલા નું ભારતીય પરંપરા થી ફુલહાર અને કંકુ ચોખા નાપોખણા કરીને સ્વાગત કર્યું હતું આ પ્રવાસમાં ગાંધીનગર જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ જયદીપભાઈ બારોટ સહિતના ખાસ પરસોતમભાઈ ને સાથ આપી રહ્યા છે પરષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું હતું કે જ્યાં વસે ગુજરાતી ત્યાં સર્જાય ગુજરાત અહીં ગુજરાતીઓના ભાવથી ગુજરાત જેવું જ વાતાવરણ નો અનુભવ થાય છે શિકાગો એરપોર્ટ પર સ્વાગત થીભારતીય પરંપરા ઉજાગર થઈ હતી.

### વડાપ્રધાનના ૭૫માં જન્મ દિવસ નિમિત્તે

# અમદાવાદ એસ.જી.વી.પી. દર્શનમ સંસ્કૃત વિદ્યાલય દ્વારા મહાવિષ્ણુયાગ યજ્ઞ



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ એસજીવીપી દર્શનમ સંસ્કૃત મહાવિદ્યાલયના ઋષિકુમારોએ એક અનોખી પહેલ કરી. ગુરુવર્ય માધવપ્રિયદાસજી સ્વામી અને બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી, મહાવિદ્યાલયના ઋષિકુમારો દ્વારા વડાપ્રધાનના નિરામય દીર્ઘાયુષ્ય અને ભારતના સર્વાંગી વિકાસ માટે મહાવિષ્ણુયાગનું આયોજન કરવામાં આવ્યું. આ નિમિત્તે ઋષિકુમારોએ વડાપ્રધાનશ્રીના ૭૫ વર્ષ પૂર્ણ થતા હોઈ ૭૫,૦૦૦ આહુતિઓ ભગવાનને અર્પણ કરવામાં આવી હતી.

આ ધાર્મિક કાર્યક્રમમાં, વેદોક્ત મંત્રોચ્ચાર સાથે ઋષિકુમારોએ ભગવાન વિષ્ણુની આરાધના કરી. યજ્ઞની પવિત્ર અગ્નિમાં આહુતિઓ અર્પણ કરીને, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ઉત્તમ સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ માટે પ્રાર્થના કરી. આ સાથે, તેમણે ભારત દેશની સતત પ્રગતિ અને સમૃદ્ધિ માટે પણ ભગવાનના આશીર્વાદ માંગ્યા હતા.

# જીએસટીના સુધારાઓ જાણો: ચેમ્બર દ્વારા શુક્રવારે નિ:શુલ્ક સેમિનાર યોજાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તથા સીજીએસટી - રાજકોટ ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે "જીએસટી માં આવેલ સુધારાઓ" વિષય પર એક નિ:શુલ્ક માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સેમિનાર તા. ૧૯-૦૯ ને, શુક્રવારના રોજ સાંજે ૫:૦૦ થી ૬:૦૦ વાગ્યા દરમિયાન, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઈન્ટ, કરણસિંહજી રોડ, રાજકોટ ખાતે યોજાશે.

આ સેમિનારમાં સીજીએસટી ડિપાર્ટમેન્ટના અધિકારીઓ દ્વારા 'જીએસટી ૨.૦: નેકસ્ટ જનરેશન જીએસટી રિફોર્મ્સ' હેઠળ આવેલા નવા સુધારાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે.

આ કાર્યક્રમમાં રજીસ્ટ્રેશન માટે https://forms.gle/6E2M9xKSoa1UjWUG7 ની મુલાકાત લેવા અને વધુ માહિતી માટે, રાજકોટ ચેમ્બરનો ૭૩૮૩૧૨૭૪૦૦ પર સંપર્ક કરવા રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રીબડા એસજીવીપી ગુરૂકુળમાં સત્સંગી જીવન સારકથાનું શ્રવણ કરી ભક્તો થયા ધન્ય

## ભાગવત સંહિતા પાઠ, ગૌ પુજન, સાંસ્કૃત્તિક કાર્યક્રમો, શ્રાદ્ધ પક્ષમાં પિતૃ યજ્ઞનું પણ કરાયું આયોજન





**અબતક, રાજકોટ**

એસજીવીપી ગુરૂકુળ રીબડા, રાજકોટના આંગણે શાસ્ત્રી માધવપ્રિયદાસજી સ્વામી અને માર્ગદર્શક બાલકૃષ્ણદાસજી સ્વામીના આશીર્વાદથી ભક્તિસત્ર-૬ અંતર્ગત શ્રીમદ્ સત્સંગીજીવન સારકથાનું આયોજન કરાયું હતું. તદુપરાંત શ્રીમદ્ ભાગવતસંહિતા પાઠ, ગૌ પૂજન, સાંસ્કૃત્તિક કાર્યક્રમો અને શ્રાદ્ધપક્ષમાં પિતૃ યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે રીબડા ગુરૂકુળના સંચાલક શાસ્ત્રી ધર્મવત્સલદાસજી સ્વામી અને શાસ્ત્રી શ્રુતિવલ્લભદાસજી સ્વામી દ્વારા કરવામાં આવ્યું હતું. જેનો રાજકોટ અને રીબડા આસપાસના અનેક ગામોના ભક્તોએ લાભ લીધો હતો. આ છઠ્ઠા ભક્તિશત્રમાં સ્વામિનારાયણ સંપ્રદાયના કથાકાર એસજીવીપી મેમનગર ગુરૂકુળના મહાન સંત ભજગોવિંદમ, વંદુ સહજાનંદ જેવી કથાનું રસપાન કરાવનાર અને ભક્તોને ભગવાનની ભક્તિમાં તરબોળ કરનાર એવા પુરાણી હરિસ્વરૂપદાસજી સ્વામીની ઉપસ્થિતિથી ભક્તિસત્ર સાચા અર્થમાં સાર્થક થયું હતું, સૌ ભક્તોને તેમના પૂજન, દર્શન અને આશીર્વાદનો લાભ મળ્યો હતો.

# આરસીએમ સંસ્થા દ્વારા શુક્રવારે "રૂપાંતર મેળો"

## 'અબતક' ની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકો એ માહિતી આપી: રોગમુકત ભારત, વ્યસન મુકિત જેવા હેતુ સાથે આયોજન



**અબતક, રાજકોટ**

આરસીએમ સંસ્થાને ૨૫ વર્ષ પુર્ણ થતા હોય જે અંતર્ગત સમગ્ર દેશમાં ભવ્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત રૂપાંતરણ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે, જે ની શરૂઆત ભીલવાડા (રાજસ્થાન) થી થઈ ચુકી છે, જે રૂપાંતરણ યાત્રા રાજકોટ ખાતે તા.૧૯/૯/૨૦૨૫ શુક્રવાર ના રોજ આગમન થશે અને સ્વાસ્થય જાગૃતતા રેલી સવારે ૮-૦૦ કલાકે શાસ્ત્રી મેદાનથી શરૂ થશે અને સોરઠીયાવાડી સર્કલ ખાતે પૂર્ણ થશે.

'અબતક' ની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકો એ જણાવ્યું હતું કે આ રૂપાંતરણ યાત્રાનો મુખ્ય ઉદેશ ભારત દેશને રોગ મુકત ભારત બનાવવાનો ત્યારબાદ સવારે ૧૦-૩૦ કલાકે થી રૂપાંતરણ મેળાનું આયોજન કરવામાં આવ્યુ છે, જે મેળામાં સ્વાસ્થય ક્રાંતી, વ્યસન મુકિત, રકતદાન શિબિર તેમજ આરોગ્ય પરીક્ષણ અને રસાયણ મુકિત ખેતી અને હાઈઝીન કેમ્પેઈન અંગે માર્ગદર્શન વગેરે સેવાકીય પ્રવૃતિનું આયોજન કરવામાં આવેલ છે. સાથે સાથે બાળકો માટે ગેમ ઝોન, ફુડ ઝોન, વગેરે સાંસ્કૃતિક સ્ટોલનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ રૂપાંતરણ યાત્રામાં અંદાજીત ૮,૦૦૦ થી વધુ લોકો જોડાશે અને મહારકતદાન શીબીરમાં અંદાજીત ૧૦૦૦ લોકો બ્લડ ડોનેશન કરી સેવાનું કાર્ય કરશે.

ઉપરોકત રૂપાંતરણ મેળો કંકોત્રી પાર્ટી લોન્સ કોઠારીયા મેઈન રોડથી રેલ્વે ક્રોસીંગ રોડ, ખાતે આયોજન કરવામાં આવેલ છે જે કાર્યક્રમ રાત્રીના ૯-૦૦ વાગ્યા સુધી ચાલશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે દિનેશભાઈ સેલડીયા, હરેશભાઈ હુમ્મર, કિરણભાઈ વાઘેલા, મુકેશભાઈ માથુકીયા, વીઠલભાઈ ચાવડા, જીતુભાઈ જીજાડા, વસંતભાઈ જાદવ, રસિકભાઈ ઉતેળીયા, જીતેન્દ્ર મહિડા, ગોબરભાઈ હાડિયા, ધીરૂભાઈ વઘાસીયા સહીતના એ જહેમત ઉઠાવી રહ્યા છે.

# વોર્ડ નં.૧૧ની સોસાયટીઓ પેવીંગ બ્લોક મઢાશે

## મંત્રી ભાનુબેન બાબરીયાના હાથે કરાયું મુર્હત

**અબતક, રાજકોટ**

રાજકોટ કોર્પોરેશનના વોર્ડ ૧૧નાં કોર્પોરેટર ભારતીબેન પાડલીયાની લોકઉપયોગી ગ્રાંટમાંથી જન ભાગીદારી યોજનાં હેઠળ જુદી જુદી સોસાયટીના જાહેર રસ્તાના સાઈડ સોલ્ડરમાં પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ-ગુજરાત સરકારના મંત્રી ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

રાજકોટ મહાનગરપાલિકા વોર્ડ નં.૧૧માં આવેલ જુદી જુદી સોસાયટી જેવી કે, શ્રીજી પેલેસ, દર્શન પેલેસ, દર્શન સ્કાય ગ્રીન સિટી, આર્યલેન્ડ રેસી, દર્શન કુંજ, અક્ષર તીર્થ, મારૂતિ એપા., બ્લુ બર્ડ એપા., ગોલ્ડ કોઈન એપા., ડ્રીમ સીએસ્ટા, નંદનવન રેસી., સીતાજી ટાઉનશીપ, ઈસ્કોન એમ્બીટો, ફિનિક્સ એપા. તથા મોદી સ્કુલ આસપાસની શેરીઓના રસ્તાના સાઈડ સોલ્ડરમાં કુલ રૂ.૪૨ લાખના ખર્ચે પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત સામાજિક ન્યાય અને અધિકારીતા, મહિલા અને બાળ કલ્યાણ વિકાસ વિભાગ-ગુજરાત સરકારના મંત્રી ભાનુબેન બાબરીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં મંત્રી ભાનુબેન બાબરીયા, રાજકોટ શહેર ભાજપ મહામંત્રી વિરેન્દ્રસિંહ ઝાલા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, શહેર મંત્રી ભરતભાઈ શિંગાળા, કોર્પોરેટર ભારતીબેન પાડલીયા, વિનુભાઈ સોરઠીયા, રણજીતભાઈ સાગઠીયા, વોર્ડ પ્રભારી પરેશભાઈ ઠાકર, પ્રમુખ હિરેનભાઈ મૂંગપરા, વોર્ડ નં.૧૩ પ્રભારી પ્રવિણભાઈ પાઘડાર, આનંદસિંહ ઠાકુર, ફર્નાન્ડીઝભાઈ પાડલીયા, પ્રવિણભાઈ ઠુંમર, ધર્મેશભાઈ સોલંકી, અંકુરભાઈ ધામેલીયા, સુરેશભાઈ ઝીન્ઝુવાડીયા, જીતુભાઈ ધામેલીયા, સુનિલભાઈ સાગઠીયા, કિશનભાઈ જોગસ્વા, વેલભાઈ ગમારા, રાજુભાઈ સાવલીયા, નિખીલભાઈ શિશાંગીયા, ધીરેનભાઈ કગથરા, કાનાભાઈ રાતડીયા, હિતેશભાઈ મુંગરા, નિખીલભાઈ મણવર, ભાવેશભાઈ વેકરીયા, ક્રિષ્નાભાઈ ગુપ્તા, બાવનજીભાઈ કોઠીયા, વિનુભાઈ લાલકીયા, મિત પાંભર, નિકુંજભાઈ સાવલીયા, પરસોતમભાઈ કાલાવડીયા, હરેશભાઈ વાઢેર, પ્રફુલભાઈ સોલંકી ઉપસ્થિત રહેલ.

# મશીન ટુલ્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના સભ્ય માટે શુક્રવારે જાજરમાન રાસોત્સવ

## કિડ્ઝ, જુનિયર, સિનીયર, સિનીયર સિટીઝન માટે પ્રિન્સ-પ્રિન્સેસ, વેલડ્રેસ તથા આશ્વાસન ઈનામની વણઝાર કરાશે



**અબતક, રાજકોટ**

રાજકોટનો મશીન ટુલ્સ ઉદ્યોગ સમગ્ર ભારતભરમાં પ્રખ્યાત છે અને અહીં મશીનો બનાવતા ૨૨૦૦થી વધુ ઉત્પાદકો ૮૦થી વધુ જાતના મશીનો બનાવી રહેલ છે. મશીન ટુલ્સ મેન્યુફેકચર્સ એસોસીએશન દ્વારા સભ્ય એકમો માટે છેલ્લા ૩૫ વર્ષથી કાર્યરત છે અને સમગ્ર સૌરાષ્ટ્રનાં એકમો માટે વિવિધ પ્રકારના આયોજનો સભ્ય એકમોની ઉન્નતી માટે કરવામાં આવે છે.

એસોસીએશન દ્વારા તારીખ ૧૯.૦૯.૨૦૨૫ શુક્રવારના રોજ એસોસીએશનના સભ્ય પરિવાર માટે ત્રીજી વખત જાજરમાન 'વેલકમ નવરાત્રી રાસોત્સવ-૨૦૨૫'નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

એસોસીએશનના સભ્યોને સહપરિવાર ઉત્સાહભેર ભાગ લેવા મશીન ટુલ્સ એસોસીએશન દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ રાસોત્સવમાં ખેલૈયાઓને વિવિધ ઈનામો દ્વારા સન્માનિત કરવામાં આવશે. જેમાં કીડઝ, જુનીયર, સીનીયર અને સીનીયર સીટીઝન માટે પ્રિન્સ તથા પ્રિન્સેસ, વેલ ડ્રેસ તથા અન્ય આશ્વાસન ઈનામોની વણજાર કરવામાં આવશે.

આ રાસોત્સવ કલ્યાણ પાર્ટી પ્લોટ, સિનર્જી હોસ્પિટલ સામે, અયોધ્યા ચોક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે ૮-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન યોજાશે.

આ આયોજનને સફળ બનાવવા એસોસીએશનના પ્રમુખ યોગીન છનીયારા, ઉપ પ્રમુખ હરેશ પટેલ, સેક્રેટરી તેજસ દુદકીયા જો. સેક્રેટરી દેવલ ધોરેચા, ખજાનચી કનકસિંહ ગોહીલ, ડાયરેકટર તરીકે સચીન નગેવાડીયા, બ્રીજેશ સાપરીયા, કરણ પરમાર, અશ્વીન કવા, કેતન ગજેરા અને બીપીન સિધ્ધપુરા તથા કો.ઓપ્ટ ડાયરેક્ટર તરીકે ઘનશ્યામ પરમાર, હરેશ ડોડીયા, રવિ મારૂ અને વિમલ કંટારીયા જહેમત ઉઠાવી રહ્યા છે.

# સમસ્ત રામાનંદીય સાધુ સમાજ ટ્રસ્ટ દ્વારા રવિવારે ભવ્ય રાસોત્સવ

## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતે કાર્યક્રમ અંગે માહિતી આપી



**અબતક, રાજકોટ**

સમસ્ત રામાનંદી યુવા મંડળ, દ્વારા સતત ૧૪ માં વર્ષે રામાનંદી સાધુ સમાજના ભાઈઓ-બહેનો માટે દાંડીયા રાસ "રામાનંદી રાસોત્સવ" નું વિનામુલ્યે આયોજન રાખવામાં આવ્યું છે. આ આયોજન ફક્ત રામાનંદી સાધુ સમાજ માટે રાખવામાં આવ્યું છે. આ આયોજનમાં દાંડીયા રાસ સાથે જ્ઞાતિભોજન પણ વિનામુલ્યે રાખવામાં આવ્યું છે. તા. ૨૧-૦૯-૨૦૨૫, રવિવારના રોજ સાંજે ૭-૦૦ વાગ્યાથી રાધે નવરાત્રિ મહોત્સવ ગ્રાઉન્ડ, નાના મવા મેઈન રોડ, પ્રતિલોક પાર્ટી પ્લોટની સામે રાજકોટ ખાતે રાસોત્સવ યોજાશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ રામાનંદી સમાજના ભાઈઓ-બહેનો ખેલૈયાઓને પ્રોત્સાહન માટે પ્રિન્સ, પ્રિન્સેસ જેમાં મોટા અને બાળકોમાં વેલડ્રેસ સહિતના અનેક ઈનામોની વણઝાર કરવામાં આવશે. બહેનો માટે ખાસ ગરબા ડેકોરેશનની સ્પર્ધા અને ભાઈઓ માટે ડાંડીયા ડેકોરેશનની સ્પર્ધા પણ રાખવામાં આવી છે. જેમાં વિજેતાઓને ઈનામો આપવામાં આવશે.રામાનંદી રાસોત્સવમાં સમગ્ર સૌરાષ્ટ્રના રામાનંદી સમાજના લોકો ભાગ લેશે રજીસ્ટ્રેશન માટે મો. નં. ૭૦૭૦૪૯૯૨૯૯ પર અથવા વધુ વિગત માટે મુખ્ય કાર્યાલય રામાનંદ ભવન, બાબરીયા કોલોની ખાતે સંપર્ક કરવા જણાવાયું છે.

# સેવાના સંકલ્પ સાથે દરીદ્રનારાયણની સેવા યોગ્ય નિદાન અને સચોટ સારવાર કરતી પંચનાથ હોસ્પિટલ

## ૩૦ વર્ષથી ૯૬ વર્ષ ઉમરના ગંભીર દર્દીઓની સફળતા પૂર્વક સારવાર કરી આશિર્વાદ મેળવ્યા



**અબતક, રાજકોટ**

રાજકોટની પંચનાથ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક દિવસોમાં ૩૦ વર્ષથી લઈને ૯૬ વર્ષની ઉંમરના અનેક દર્દીઓ ગંભીર બિમારીમાંથી સાજા થયા છે. આધુનિક સારવાર સુવિધા, નિષ્ણાત ડોકટરો અને સદૈવ જાગૃત નર્સિંગ સ્ટાફના સંયુક્ત પ્રયાસોથી આ સિદ્ધિ મેળવી શકાઈ છે. પંચનાથ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેલા વિવિધ વયના દર્દીઓએ ગંભીર બીમારીઓ સામે જીત મેળવી સ્વસ્થતા પ્રાપ્ત કરી છે. હોસ્પિટલના મેનેજમેન્ટ મુજબ દર્દીઓના સકારાત્મક મનોબળ, પરિવારજનનો સહયોગ અને હોસ્પિટલની સતત સેવાભાવી કામગીરીના પરિણામે આ સફળતા મળી છે. પેશન્ટ ઈન્દિરાબેન ઉંમર ૯૬ વર્ષને ઘરમાં પડી જવાથી થાપા નું હાડકું ફ્રેક્ચર થઈ જવાની સાથે બ્લડ પ્રેશર, હૃદયના ધબકારા વધી જવાની જૂની તકલીફ સાથે પેશન્ટનું હાઈ રીસ્ક ઓપરેશન કરવામાં આવ્યું હતું.એક કલાકના ઓપરેશન બાદ પેશન્ટને છ કલાક ઓબ્ઝર્વેશનમાં રાખી શિફ્ટ કરવામાં આવ્યા હતા.

પાંચ દિવસના રોકાણ બાદ પેશન્ટને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા હતા. ડબલ્યુબીસી નું પ્રમાણ વધારે આવતા ફેફસાં માં પાણી ભરાઈ જવાની કારણે ઈન્ફેક્શન વધી ગયું હતું . જેમાં ઈન્ફેક્શન સ્પેશિયાલિસ્ટ તથા હાઈએસ્ટ એન્ટિબાયોટિક્સ ની મદદથી પેશન્ટની બધી જ સારવાર કારગત નીવડી ગયા બાદ એમને બધા જ રિપોર્ટ નોર્મલ આવી ગયા. તે બાદ તેમને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા.

# ધમ્મકોટ રંગપરમાં યોજાશે બે વિપશ્યના શિબિર

## શિબિરમાં જીવન જીવવાની કળા શીખવાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ નવા ધમ્મકોટ વિપશ્યના કેન્દ્ર (રંગપર) ખાતે વિપશ્યના દસ દિવસીય બે શિબિરોનું આયોજન કરાયું છે. તા. ૨૪-૯ થી ૫-૧૦ તેમજ બીજી શિબિર તા. ૭-૧૦ થી ૧૮-૧૦ સુધી યોજાશે.

વિપશ્યના ભારતની પ્રાચીન વૈજ્ઞાનિક સાધના પધ્ધતિ છે. જેમાં સાચુ સુખ તથા સુમેળ ભર્યા જીવનનો સુખદ અનુભવ કરાવતી સહજ, સરળ, બિન સાંપ્રદાયિક સ્વાનભવના આધારે જીવન જીવવાની અદ્ભુત કળા શીખવવામાં આવે છે. વધુ માહીતી માટે મો. નં. ૭૮૭૮૭ ૨૭૨૨૩, ૯૩૨૭૯ ૨૩૫૪૦ પર સંપર્ક કરવા જણાવ્યું છે.

# કૃષ્ણ ચિકિત્સાલય દ્વારા રાહતદરે લેબોરેટરી સોનાગ્રાફીની સેવાનો પ્રારંભ

**અબતક, રાજકોટ**

લોહાણા સેવા મંડળ ટ્રસ્ટ રાજકોટ સંચાલીત કૃષ્ણ ચિકિત્સાલય કનક રોડ એસ.ટી. બસ સ્ટેન્ડ પાછળ રાહત દરે લેબોરેટરી ટેસ્ટ અને સોનોગ્રાફી સેવા શરુ કરા જેમાં ડાયાબીટીસ, બીપી, થાઈરોડ, તેમજ કોલેસ્ટ્રોન જેવા ૩૦૦ પ્રકારના ટેસ્ય તેમજ સોનોગ્રાફી સોમથી શનિ રાહત દરે કરી આપવામાં આવશે. તેવું યાદીમાં જણાવ્યું હતું.

# એશિયા કપના રોમાંચક મેચમાં બાંગ્લાદેશે અફઘાનને ૮ વિકેટે હરાવ્યું



**અબતક, નવી દિલ્હી**

બાંગ્લાદેશે રોમાંચક મેચમાં અફઘાનિસ્તાનને ૮ રનથી હરાવ્યું છે. આ સાથે બાંગ્લાદેશે સુપર-૪માં જવાની આશા જીવંત રાખી છે. આ મેચમાં બાંગ્લાદેશે પહેલા રમતા ૧૫૪ રન બનાવ્યા હતા, જેના જવાબમાં અફઘાન ટીમ સંઘર્ષ કરી રહી હતી અને માત્ર ૧૪૬ રન જ બનાવી શકી હતી. ગ્રુપ-બીમાં સુપર-૪ માટેની દોડ વધુ રોમાંચક બની ગઈ છે.

અઝમતુલ્લાહ ઓમરઝાઈ ૩૦ રનના સ્કોર પર આઉટ થતાં જ બાંગ્લાદેશે મેચમાં વાપસી કરી.

અફઘાનિસ્તાનની અડધી ટીમ ૭૭ રનના સ્કોર સુધી પેવેલિયન પરત ફરી ગઈ હતી. અહીંથી અઝમતુલ્લાહ ઓમરઝાઈ અફઘાન ટીમ માટે આશાનું કિરણ બન્યા. તેને ૧૬ બોલમાં ૩૦ રનની ઝડપી ઈનિંગ રમી અને અફઘાનિસ્તાનની જીતની આશાઓ વધારી, પરંતુ તસ્કિન અહેમદે ૧૬મી ઓવરમાં તેને આઉટ કર્યા. અહીંથી જ મેચનો માર્ગ બદલાતો જોવા મળ્યો.

અફઘાનિસ્તાન ફક્ત ૧૫૫ રનના ટાર્ગેટને પ્રાપ્ત કરીને સુપર-૪માં પહોંચી શક્યું હોત, પરંતુ ટીમ ૮ રનથી પાછળ રહી ગઈ. અફઘાનિસ્તાનને છેલ્લી ૪ ઓવરમાં જીત માટે ૪૫ રનની જરૂર હતી.

કેપ્ટન રાશિદ ખાન હજુ પણ ક્રીઝ પર હતો અને તેને ૧૭મી ઓવરમાં ૧૪ રન બનાવ્યા.પરિસ્થિતિ એવી હતી કે અફઘાન ટીમને છેલ્લી ૨ ઓવરમાં જીતવા માટે ૨૭ રનની જરૂર હતી.

રાશિદ ખાને ૧૯મી ઓવરના પહેલા બોલ પર ચોગ્ગો ફટકાર્યો, જેના કારણે અફઘાનિસ્તાનની જીતની આશા જીવંત રહી, પરંતુ મુસ્તફિઝુર રહેમાને તેને બીજા જ બોલ પર આઉટ કર્યો. મુસ્તફિઝુરએ બીજા જ બોલ પર ગઝનફરને પણ આઉટ કર્યો, પરંતુ તે પોતાની હેટ્રિક પૂર્ણ કરી શક્યો નહીં.

નૂર અહેમદે છેલ્લી ઓવરમાં ૨ છગ્ગા ફટકાર્યા હતા, પરંતુ આ બધું અફઘાનિસ્તાન ની જીત માટે અપૂરતું સાબિત થયું. તમને જણાવી દઈએ કે ગ્રુપ બી માંથી કોઈ પણ ટીમ હજુ સુધી સુપર-૪ માટે ક્વોલિફાય થઈ નથી.

**બાંગ્લાદેશે સુપર-૪માં પહોંચવાની આશા જીવંત રાખી: મુસ્તફિઝુર રહેમાને લીધી ૩ વિકેટ**

# પાકિસ્તાન ટીમએ અશિયા કપમાં અભિયાન આગળ ધપાવશે: પીસીબી

## ટીમના ખેલાડીઓ પ્રેક્ટિસ માટે મેદાનમાં પાછા ફર્યા: આજે યુએઈ સામે ટક્કર



**અબતક, નવી દિલ્હી**

પાકિસ્તાન આજે નિર્ણય લેશે કે એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં રમવાનું ચાલુ રાખવું કે તેમાંથી હટી જવું. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડએ મંગળવારે મોડી રાત્રે એક નિવેદન જારી કરીને કહ્યું કે આ મામલો હજુ પણ વિચારણા હેઠળ છે અને પાકિસ્તાન ક્રિકેટના શ્રેષ્ઠ હિતમાં અંતિમ નિર્ણય લેવામાં આવશે.

આજે પાકિસ્તાન દુબઈમાં યુએઈ સામે ટકરાશે. આ મેચના મેચ રેફરી એન્ડી પાઈક્રોફ્ટ છે. પાકિસ્તાને આઈસીસી પાસે માંગ કરી હતી કે પાઈક્રોફ્ટને ટુર્નામેન્ટમાંથી દૂર કરવામાં આવે. પાકિસ્તાનનો મુકાબલો ૧૪ સપ્ટેમ્બરના રોજ ભારત સામે થયો હતો. પહેલગામ હુમલાના વિરોધમાં ભારતીય ખેલાડીઓએ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ મિલાવ્યા ન હતા. પીસીબીએ ભારતીય ખેલાડીઓના વર્તનને રમતની ભાવના વિરુદ્ધ ગણાવ્યું હતું અને પાઈક્રોફ્ટ પર યોગ્ય રીતે કામ ન કરવાનો આરોપ લગાવ્યો હતો. અગાઉ, પાકિસ્તાન ટીમ મેનેજમેન્ટે મંગળવારે રાત્રે તેની પ્રેસ કોન્ફરન્સ રદ કરી હતી, જેના કારણે એવી અટકળોને વધુ વેગ મળ્યો હતો કે પાકિસ્તાન ટુર્નામેન્ટમાંથી હટી શકે છે. ત્યારબાદ ટીમના ખેલાડીઓ પ્રેક્ટિસ માટે મેદાનમાં પાછા ફર્યા.

# ભારત સામેની ટેસ્ટ સિરીઝ માટે વિન્ડીઝ ટીમની જાહેરાત


## અનુભવી શિવનારાયણ ચંદ્રપોલના પુત્ર તેજનારાયણ ચંદ્રપોલે ટીમમાં વાપસી કરી: પહેલી ટેસ્ટ ૨ ઓક્ટોબરથી અમદાવાદમાં શરૂ થશે

**અબતક, નવી દિલ્હી**

ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝે ભારત સામેની ૨ ટેસ્ટ મેચની સિરીઝ માટે પોતાની ટીમની જાહેરાત કરી છે. રોસ્ટન ચેઝની આગેવાની હેઠળની ટીમમાં ૧૫ સભ્યોની પસંદગી કરવામાં આવી છે. અનુભવી શિવનારાયણ ચંદ્રપોલના પુત્ર તેજનારાયણ ચંદ્રપોલે ટીમમાં વાપસી કરી છે. તો એલિક અથાનાઝ પણ પરત ફર્યો છે. તે જ સમયે, ખૈરી પિયારીને પહેલીવાર ટીમમાં સ્થાન મળ્યું.

ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામે ૩-૦થી હારનો સામનો કરનાર વેસ્ટ ઈન્ડિઝ ટીમમાં ક્રેગ બ્રેથવેટ, કેસી કાર્ટી, માઈકલ લુઈસ અને જોહાન લેનને સ્થાન મળ્યું નથી. આ સિરીઝ ૨ ઓક્ટોબરથી શરૂ થશે. બંને મેચ અમદાવાદ અને નવી દિલ્હીમાં રમાશે.

વેસ્ટ ઈન્ડિઝની ટીમ ૭ વર્ષ પછી ભારતમાં ટેસ્ટ શ્રેણી રમવા આવી રહી છે. ટીમે ૨૦૧૮માં છેલ્લી શ્રેણી ૨-૦ થી ગુમાવી હતી.



આ સિરીઝ વર્તમાન વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાયકલમાં ભારતની પ્રથમ ઘરઆંગણે સિરીઝ છે, જ્યારે આ વેસ્ટ ઈન્ડિઝની ઘરઆંગણેની પ્રથમ સિરીઝ છે.

પહેલી ટેસ્ટ ૨ ઓક્ટોબરથી અમદાવાદમાં શરૂ થશે. બીજી મેચ ૧૦ ઓક્ટોબરથી નવી દિલ્હીમાં રમાશે. શ્રેણી માટે ભારતની ટીમ ૨૩ સપ્ટેમ્બર સુધીમાં જાહેર થઈ શકે છે. શુભમન ગિલ ભારતીય ટીમનું નેતૃત્વ કરશે.

# ભારતની જીત પર શાહબાઝ શરીફના મંત્રી ગુસ્સે ભરાયા

એશિયા કપ ૨૦૨૫ ઓપરેશન સિંદૂર પહેલગામ આતંકવાદી હુમલામાં ભારતીય ક્રિકેટ ટીમના હાવભાવ પર પાકિસ્તાનના મંત્રી ગુસ્સે ભરાયા જ્યારે ભારતે ક્રિકેટ મેદાનમાં પાકિસ્તાનને હરાવ્યું ત્યારે શાહબાઝ શરીફના મંત્રી ગુસ્સે ભરાયા, વાહિયાત વાતો કરવા લાગ્યા રવિવારે ભારતીય ક્રિકેટ ટીમે એશિયા કપ ૨૦૨૫માં પાકિસ્તાનને ખરાબ રીતે હરાવ્યું, જેના પછી ઈસ્લામાબાદ ગુસ્સે ભરાયું છે. પાકિસ્તાનનો ગુસ્સો હવે તેના મંત્રીઓના નિવેદનોમાં દેખાય છે. હકીકતમાં, પાકિસ્તાનના સંદેશાવ્યવહાર મંત્રીએ ટુર્નામેન્ટમાં ભારત-પાકિસ્તાન મેચમાં ખેલાડીઓ દ્વારા હાથ ન મિલાવવા પર નારાજગી વ્યકત કરી છે. આ ઉપરાંત, પાકિસ્તાની મંત્રીએ ભારત પર ઘણા ગંભીર આરોપો પણ લગાવ્યા અને એવો પણ દાવો કર્યો કે પડોશી દેશ (ભારત) ક્યારેય યુદ્ધના મેદાનમાં જીતી શકશે નહીં. પાકિસ્તાની મંત્રીનું આ નિવેદન મે મહિનામાં ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂર અંગે પણ આવ્યું છે.

# ભારત સામે પાકિસ્તાનની હાર બાદ આફ્રીદી રઘવાયો થયો



પાકિસ્તાન ક્રિકેટ ટીમના ભૂતપૂર્વ કેપ્ટન શાહિદ અફ્રીદીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના વખાણ કર્યાં છે. ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર પર 'ધર્મ' કાર્ડ રમવાનો આરોપ લગાવ્યો છે. એવામાં બીજેપી આ મુદ્દાને કેવી રીતે છોડી શકે? ભાજપના આઈટી સેલ હેડ અમિત માલવિયાએ કોંગ્રેસ અને રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે.

એશિયા કપમાં ટીમ ઈન્ડિયાના હાથે આકરી હાર પછી પાકિસ્તાન રઘવાયું થયું છે. ૧૪ સપ્ટેમ્બરની રાતે રમાયેલી મેચમાં ભારતીય ખેલાડીઓએ માત્ર પાકિસ્તાનને હરાવ્યું જ નહીં, પરંતુ પાકિસ્તાની ખેલાડીઓ સાથે હાથ પણ મિલાવ્યો નહીં. વાત અહીં જ પૂરી થતી નથી, મેચના અંતે કેપ્ટન સૂર્યકુમાર યાદવે પહલગામ આતંકી હુમલામાં શહીદોનો ઉલ્લેખ કરતા આ જીત સશસ્ત્ર સેનાઓને સમર્પિત કરી હતી.

# નતાસા અને જેસ્મિન બાદ હાર્દિક પંડ્યાની લાઈફમાં નવી લેડી લવ, કોણ છે માહિકા શર્મા?

હાલમાં ચાલી રહેલાં એશિયા કપમાં કમાલનું પ્રદર્શન કરનાર ટીમ ઈન્ડિયાનો સ્ટાર ખિલાડી હાર્દિક પંડ્યા ફરી એક વખત પોતાની પર્સનલ લાઈફને કારણે ચર્ચામાં આવ્યો છે. સામે આવી રહેલાં રિપોર્ટ્સ અનુસાર હાર્દિક પંડ્યાની લાઈફમાં ફરી નવી લેડી લવની એન્ટ્રી થઈ છે. સોશિયલ મીડિયા પર હાલમાં એક વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં મોડેલે ૩૩ નંબરનું ટેટુ કરાવ્યું છે. હાર્દિક પંડ્યાની જર્સીનો નંબર ૩૩ છે અને એટલું જ નહીં તેની સાથે સેલ્ફીમાં જે વ્યક્તિ જોવા મળી રહી છે એ પણ હાર્દિક પંડ્યા છે એવું કહેવાઈ રહ્યું છે. મોડલનું નામ માહિકા શર્મા છે જે ઈન્સ્ટાગ્રામ પર ખૂબ જ પોપ્યુલર છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાર્દિક પંડ્યાનું નામ પહેલાં જેસ્મિન વાલિયા સાથે જોડાયું હતું અને હવે બંનેનું બ્રેકઅપ થઈ ગયું છે. હાર્દિક પંડ્યાનું નામ હવે માહિકા શર્મા સાથે જોડાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે માહિકા શર્મા એક ઉગતો સિતારો છે અને તે ઈન્ડિયન ફેશનનું એક જાણીતું નામ બનતું જઈ રહી છે. પ્રોફેશનલ મોડેલ બનતાં પહેલાં માહિકા ઈકોનોમિક્સ અને ફાઈનાન્સની ડિગ્રી હાંસિલ કરી છે. માહિકાએ વીડિયો સોન્ગસ અને મોટી મોટી જાહેરાતોમાં કામ કર્યું છે. ફેશનની દુનિયામાં માહિતી અનેક મોટા મોટા ડિઝાઈનર્સ સાથે કામ કરી ચૂક્યા છે, જેમાં મનિષ મલ્હોત્રા, અનિતા ડોંગરે, તરુણ તહિલિયાનીનો સમાવેશ થાય છે. ૨૦૨૪માં ઈન્ડિયન ફેશન એવોર્ડ્સમાં માહિકાએ મોડેલ ઓફ ધ યરનો એવોર્ડ જિત્યો હતો.

# પોસ્ટ વિભાગની આધુનિક-ડિજિટલ પહેલનો નાગરિકોને લાભ: પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણ કુમાર

## ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસો. હોલમાં બચત યોજના, સુકન્યા, ડાક વિમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ સહિતના લાભાર્થીને પ્રદાન કર્યા



**અબતક, રાજકોટ**

ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના હોલમાં અમદાવાદ સિટી મંડળ દ્વારા આયોજિત 'પોસ્ટલ બિઝનેસ ડેવલપમેન્ટ અને નાણાકીય સમાવેશ' મહા મેળાનું ઉદઘાટન કરતી વખતે વ્યક્ત કરી. મહા મેળા દ્વારા લોકોને પોસ્ટ સેવાઓ વિશે માહિતી આપવામાં આવી, જ્યારે પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે વિવિધ બચત યોજનાઓ, સુકન્યા સમૃદ્ધિ યોજના, ડાક જીવન વીમા, ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકના લાભાર્થીઓને પાસબુક અને પોલિસી બોન્ડ પ્રદાન કર્યા. આ સાથે, તેમણે ડાક કર્મચારીઓને તેમના ઉત્તમ કાર્ય માટે સન્માનિત કરીને પ્રોત્સાહિત પણ કર્યા. આ પ્રસંગે અમદાવાદ સિટી મંડળના પ્રવર અધિક્ષક ચિરાગ મહેતા, ઓઢવ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ મુકેશભાઈ વેકરિયા, ઓઢવ વોર્ડના સિટી કાઉન્સિલરો રાજેશકુમાર દવે અને શ્રીમતી નીતાબેન દેસાઈ, આઈપીપીબીના ચીફ મેનેજર અભિજીત જીભકાટે સ્ટેજ પર હાજર રહ્યા હતા. પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ, અમદાવાદથી દેશભરના લગભગ ૧.૦૪ લાખ કારીગરોને સાધનોની કીટ મોકલવામાં આવી છે. શ્રાવણ મહિના દરમિયાન, અમદાવાદ જીપીઓ ખાતે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સમગ્ર દેશ માટે ૪.૫ લાખથી વધુ બિલ્વપત્રો બુક કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પ્રવર અધિક્ષક ચિરાગ મહેતા, આઈપીપીબી ચીફ મેનેજર અભિજીત જિભકાટે, મેનેજર મોના ગોસ્વામી, સહાયક અધિક્ષક આર.ટી. પરમાર, હાર્દિક રાઠોડ સહિત તમામ સ્થાનિક જનપ્રતિનિધિઓ, પોસ્ટ કર્મચારીઓ અને માનનીય જનતાએ ભાગ લીધો હતો.

# મુન્દ્રા બંદર પર એક જ દિવસમાં ૨૪ ડબલ સ્ટોક કન્ટેનરની માલગાડી સંચાલનનો સર્જાયો રેકોર્ડ

## મુન્દ્રા પોર્ટ વધુ એક વાર સૌથી વધુ માલ પરિવહન સંચાલનમાં બન્યુ ટોપર

**અબતક,રાજકોટ**

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન નવા-નવા રેકોર્ડ સર્જી રહ્યું છે. અદાણી પોર્ટ્સ મુન્દ્રાએ એક જ દિવસમાં ૨૪ ડબલ-સ્ટેક કન્ટેનર ટ્રેનો હેન્ડલ કરીને અને ૩,૧૮૦ (વીસ-ફૂટ ઈક્વિવેલેન્ટ યુનિટ્સ) ઈવેક્યુએટ કરીને એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ રેકોર્ડબ્રેક ઈવેક્યુએશન મુંદ્રા પોર્ટની ચોકસાઈ અને ઝડપ સાથે મોટા જથ્થામાં કાર્ગોનું સંચાલન કરવાની કાર્યક્ષમતા દર્શાવે છે. તે પોર્ટની અદ્યતન ટેકનોલોજી અને સુવ્યવસ્થિત પ્રક્રિયાઓનો પુરાવો છે.



૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ એક જ દિવસમાં ૨૪ ડબલ-સ્ટેક કન્ટેનર ટ્રેનો હેન્ડલ કરીને મુંદ્રા પોર્ટે એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ અભૂતપૂર્વ સીમાચિહ્ન બંદરના અત્યાધુનિક માળખાગત સુવિધાઓ અને સીમલેસ લોજિસ્ટિક્સ કામગીરીને રેખાંકિત કરે છે. તે બંદર કાર્યક્ષમતામાં વૈશ્વિક નેતા તરીકે તેની સ્થિતિ વધુ મજબૂત બનાવે છે. ડબલ-સ્ટેક ટ્રેનોને હેન્ડલ કરવાની બંદરની ક્ષમતા - કાર્યક્ષમતાને મહત્તમ કરવા કન્ટેનર સ્ટેકિંગ, માલની ઝડપી મુવમેન્ટને સક્ષમ બનાવી ટર્નઅરાઉન્ડ સમય ઘટાડે છે અને સપ્લાય ચેઈન કાર્યક્ષમતામાં વધારો કરે છે. અદાણી પોર્ટ્સના લોજિસ્ટિક્સની આ વિક્રમજનક કામગીરી બંદર કામગીરીમાં શ્રેષ્ઠતા પ્રત્યેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે, તે પોર્ટની અત્યાધુનિક માળખાગત સુવિધાઓ અને સમર્પિત ટીમનું પ્રદર્શન છે. જેમ જેમ અદાણી પોર્ટ્સ નવીનતા અને વિસ્તરણ કરવાનું ચાલુ રાખે છે, તેમ તેમ આ રેકોર્ડ લોજિસ્ટિક્સ અને માળખાગત સુવિધાઓમાં ભારતની વધતી જતી કુશળતા ભવિષ્યમાં વધુ મોટી સિદ્ધિઓ માટેનો માર્ગ મોકળો કરે છે. મુન્દ્રા પોર્ટે તાજેતરમાં અનેક સીમાચિહ્નો હાંસલ કર્યા છે. ઓગસ્ટ ૨૦૨૫ માં એપસેઝ એ રેકોર્ડ સમયમાં તેના પોર્ટફોલિયોમાં 400 MMT થી વધુ કાર્ગોનું સંચાલન કર્યુનો હતું, જેમાં એકલા મુન્દ્રાએ આ વોલ્યુમમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. વળી આ વર્ષની શરૂઆતમાં એક જ મહિનામાં 16.1 MMT કાર્ગોનું સંચાલન કરીને રાષ્ટ્રીય રેકોર્ડ બનાવ્યો હતો, જે ભારતના મુખ્ય દરિયાઈ હબ તરીકે તેની પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવે છે.

# રાજાભાઈ ચાવડાની રોગી કલ્યાણ સમિતિમાં નિમણૂંક થતા આવકાર



**અબતક, રાજકોટ**

રાજકોટ તાલુકા પંચાયત કચેરી ખાતે આરોગ્ય વિભાગ, ગુજરાત સરકાર દ્વારા રાજાભાઈ ચાવડાની રાજકોટ સિવિલ હોસ્પિટલ-મેડિકલ કોલેજમાં રોગી કલ્યાણ સમિતિના સભ્ય તરીકે નિમણૂક થતા સન્માન પ્રસંગ યોજાયો. રાજકોટ તાલુકા પંચાયતના પ્રમુખ ચેતનભાઈ કથીરિયા, તાલુકા ભાજપા પ્રમુખ કેયૂરભાઈ ઢોલરિયા, તાલુકા પંચાયતના સભ્યો તેમજ જિલ્લા ભાજપા અને તાલુકા ભાજપાના સંગઠન સભ્યો, શક્તિ કેન્દ્રના સભ્યો સૌ ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે રાજાભાઈ ચાવડાને શુભકામનાઓ પાઠવવામાં આવી અને તેમની નવી નિમણૂક માટે અભિનંદન પાઠવ્યાં.

'દીકરાનું ઘર' વૃધ્ધાશ્રમ આયોજીત

# વહાલુડીના વિવાહ માટે ૨૫ દિકરીઓની પસંદગી: જાજરમાન લગ્નોત્સવમાં કોડભરી કન્યાઓને સાસરે વળાવાશે

## ભવ્ય લગ્નોત્સવનું યજમાન પદ ૩ પરિવાર સંભાળશે, વિવાહની તડામાર તૈયારીઓ શરૂ: દીકરીઓનાં જીવનમાં રંગ પૂરવા દાતાઓને અપીલ

**અબતક, રાજકોટ**

આગામી તા. ૨૮ ડિસેમ્બરના રોજ રાજકોટના આંગણે સતત આઠમાં વર્ષે દેશ - વિદેશમાં ખ્યાતી પ્રાપ્ત દીકરાનું ઘર - વૃદ્ધાશ્રમ દ્વારા માતા - પિતા વિહોણી કે પિતાની છત્રછાયા ગુમાવેલ ૨૫ દીકીરીઓનો ભવ્ય - દિવ્ય અને અલૌકિક પ્રસંગ યોજવા જઈ રહ્યો છે. ત્યારે દીકરીઓની પસંદગીનો પ્રથમ તબક્કો પુર્ણ થયેલ છે. સર્વજ્ઞાતીય ૨૫ દીકરીઓમાં કોળી, લોહાણા, વાણંદ, બાવાજી, આહીર, રાજપૂત, બ્રાહ્મણ, દરજી, કુંભાર, ડબગર, રાવળદેવ, મોચી, વણકર અને પ્રજાપતિ સહિતની જ્ઞાતિઓનો સમાવેશ કરવામાં આવે છે.

''દીકરાનું ઘર'' આયોજિત વહાલુડીના વિવાહ સમગ્ર સૌરાષ્ટ્રમાં ખ્યાતિપ્રાપ્ત બન્યા છે. પ્રતિવર્ષ ૨૨ દીકરીઓનો ભવ્ય લગ્નોત્સવ યોજવામાં આવે છે. ચાલુ સાલ ૨૫ દીકરીઓનો પ્રસંગ યોજાશે. અત્યાર સુધીમાં કુલ ૧૬૪ દીકરીઓના લગ્ન ''દીકરાનું ઘર'' દ્વારા કરવામાં આવ્યા છે. જેમાં ૨૫ વધુ દીકરીઓનો ઉમેરો થશે.

તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ યોજાનાર આ ભવ્ય લગ્નોત્સવનું યજમાનપદ સુખી સંપન્ન પરિવારની ત્રણ સહેલાણીઓએ સ્વીકાર્યું છે. જેમાં વર્ષાબેન કિરીટભાઈ આદ્રોજા (એન્જલ ૫૫), નિપાબેન રાજેશભાઈ કાલરીયા (સન ફોર્જ) અને કોષાબેન સુનીલભાઈ મહેતા (મોઢ વણિક અગ્રણી)નો સમાવેશ થાય છે.

વહાલુડીના વિવાહ - ૮ની તડામાર તૈયારીઓ ''દીકરાનું ઘર''ની ટીમ દ્વારા ચાલી રહી છે. સૌરાષ્ટ્રના સુખી સંપન્ન દાતાઓ આવી નિરાધાર દીકરીઓના જીવનમાં રંગ પુરવા અને કરિયાવર સ્વરૂપ ભેટ આપવા આગળ આવે એવી અપીલ કરાઈ છે. આ માટે મુકેશ દોશી ૯૮૨૫૦૭૭૩૨૫, સુનીલ વોરા તેમજ નલીન તન્ના સંપર્ક કરવા જણાવાયું છે.

# ઢેબર રોડ પર પાણીની પાઈપલાઈન તૂટી: ત્રણ વોર્ડ રહ્યા તરસ્યા

## એરલોકિંગના કારણે ૪૫૦ એમએમની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા વોર્ડ નં.૭, ૧૪ અને ૧૭ વિતરણ ખોરવાયું: વીજ થાંભલાની શિફ્ટીંગના કારણે રિપેરીંગ કલાકો સુધી ચાલ્યું



**અબતક, રાજકોટ**

આજે સવારે શહેરના ઢેબર રોડ પર માલણ રોડ લાઈન્સ નજીક પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાવવાના કારણે શહેરના ત્રણ વોર્ડના હજારો લોકો પીવાના પાણીથી વંચિત રહ્યા હતા. પાઈપલાઈન જમીનમાં ૭ થી ૮ ફૂટ નીચે હતી. રિપેરીંગ દરમિયાન એક વીજપોલના શિફ્ટીંગની કામગીરી હાથ પર લેવાની જરૂરિયાત ઉભી થતા રિપેરીંગ કામ સાંજ સુધી ચાલ્યું હતું. જેના કારણે ત્રણ વોર્ડમાં આજે પાણી વિતરણ કરવામાં આવ્યું ન હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ અંગે કોર્પોરેશનના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ ગુરૂકુળ પાણીના ટાંકેથી પસાર થતી ૪૫૦ એમએમની પાણીની પાઈપલાઈનમાં આજે સવારે એરલોકિંગના કારણે ભંગાણ સર્જાયું હતું. જેના કારણે સવારે ૪:૩૦ કલાકથી વોર્ડ નં.૭ (પાર્ટ), વોર્ડ નં.૧૪ (પાર્ટ), વોર્ડ નં.૧૭ (પાર્ટ)માં વિતરણ બંધ કરી દેવામાં આવ્યું હતું. પાણીની પાઈપલાઈન જમીનમાં ૮ ફૂટ સુધી ઉંડી હોય રિપેરીંગની કામગીરી દરમિયાન એક સ્થળે વીજપોલનું સ્થળાંતર કરવું પડે તેવી સ્થિતિ ઉભી થવા પામી હતી. કોર્પોરેશનના અધિકારીઓએ આ અંગે પીજીવીસીએલના અધિકારીઓ સાથે સંકલન કરી પાઈપલાઈન શિફ્ટીંગની કામગીરી તાબડતોબ શરૂ કરાવી હતી છતાં રિપેરીંગમાં કલાકો નીકળી ગયા હતા. જેના કારણે ત્રણ વોર્ડમાં આજે પાણી વિતરણ કરી શકાયું ન હતું. મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ સર્જાવાના કારણે રોડ પર પાણીની રેલમછેલ થવા પામી હતી.

# ૧૫૦ રીંગ રોડ પર બાલાજી હોલ પાસે બિસ્માર રસ્તાના વિરોધમાં સ્થાનિકોનું ચક્કાજામ

## મહિલાઓ રોડની વચ્ચે ઊભા રહી જોરદાર વિરોધ: વિસાવદરવાળી કરવાની ચીમકી

**અબતક, રાજકોટ**

ચોમાસાની સિઝનમાં ભારે વરસાદના કારણે શહેરના રસ્તાની હાલત અતિ ખરાબ થઈ જવા પામી છે. વોર્ડ નં.૧૧માં બાલાજી હોલની આગલા અલગ સોસાયટીના રહેવાસીઓ ખરાબ રોડ રસ્તાના વિરોધમાં ચક્કાજામ કર્યું હતું જો આગામી દિવસોમાં રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં નહીં આવે તો વિસાવદર વાળી કરતા પણ અચકાશે નહીં તેવી કડક ચીમકી આપવામાં આવી હતી.

શહેરના વોર્ડ નં.૧૧માં બાલાજી હોલ પાસે અનેક વિસ્તારમાં ખરાબ રોડ રસ્તાથી સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા છે.હવે કંટાળેલા લોકો ખુલીને વિરોધ કરી રહ્યા છે રાજકોટમાં પણ કોર્પોરેશનની આગામી ચૂંટણીમાં વિસાવદરવાળી કરવાની ચીમકી આપી રહ્યા છે.

શહેરના વોર્ડ નં.૧૧માં બાલાજી હોલ પાસેના ખરાબ રોડ રસ્તાની લઈને રહેવાસીઓ દ્વારા ચક્કાજામ કરાયા હતો. મહિલાઓનું ટોળું રોડ વચ્ચે ઊભું રહી ગયું હતું અને ચક્કાજામ સર્જી દીધું હતું.


છેલ્લા પાંચ વર્ષથી રોડ રસ્તાની હાલત ખરાબ હોવાનું રહેવાસીઓએ ભારે આક્રોશ સાથે જણાવ્યું હતું.આ અંગે અનેક વખત કોર્પોરેટરોને રજૂઆત કર્યા છતાં પણ સમસ્યાનું નિરાકરણ આવતું નથી.જેથી હવે લોકોની ધીરજ ખૂટી રહી છે.સ્થાનિકોએ જણાવ્યું હતું આવતા સમયમાં અમારી સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો વિસાવદર વાળી કરવામાં પણ અમે અચકાશું નહીં.

# દર્દીઓને ઘરઆંગણે જ મળશે અદ્યતન હૃદય વાલ્વ સારવાર વોકહાર્ટ હોસ્પિટલમાં 'તાવી' ટેક્નોલોજીનો પ્રારંભ

## જાણીતા કાર્ડિયોલોજીસ્ટ ડો. વર્ષિત હાથીએ 'તાવી' માં સફળતાપૂર્વક ફેલોશિપ પૂર્ણ કરી

**અબતક રાજકોટ**

હૃદયના ગંભીર રોગોથી પીડાતા સૌરાષ્ટ્રના દર્દીઓ માટે એક સારા સમાચાર છે. વોકહાર્ટ હોસ્પિટલના જાણીતા કાર્ડિયોલોજીસ્ટ ડો. વર્ષિત હાથીએ હૃદયના વાલ્વની અત્યાધુનિક સારવાર પદ્ધતિ 'તાવી' માં વિદેશમાં સફળતાપૂર્વક ફેલોશિપ પૂર્ણ કરી છે. તેમની આ તાલીમથી હવે સૌરાષ્ટ્રના દર્દીઓને આ અદ્યતન સારવાર માટે દૂરના શહેરોમાં જવું નહીં પડે. 'તાવી' (ટ્રાન્સકેથેટર એઓર્ટીક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) એક અત્યાધુનિક અને ઓછામાં ઓછી ઈન્વેસિવ પ્રક્રિયા છે. આ પદ્ધતિમાં, દર્દીને ઓપન હાર્ટ સર્જરીની જરૂર પડતી નથી. તેના બદલે, કેથેટર દ્વારા બગડેલા એઓર્ટીક વાલ્વને બદલવામાં આવે છે. આ પ્રક્રિયા ખાસ કરીને ૬૫ વર્ષથી વધુ ઉંમરના દર્દીઓ માટે અને જેમની સર્જરી



જોખમી હોય તેવા દર્દીઓ માટે ખૂબ જ ઉપયોગી છે. ડો. હાથીએ આ ફેલોશિપ દરમિયાન દર્દીના મૂલ્યાંકનથી લઈને વાલ્વ ઈમ્પ્લાન્ટેશન અને પછીની કાળજી સુધીની દરેક પ્રક્રિયામાં નિપુણતા મેળવી છે. તાવી જેવી જટિલ પ્રક્રિયાઓ માટે માત્ર કેથેટર હેન્ડલિંગ જ નહીં, પરંતુ અત્યંત ચોક્કસ ઈમેજિંગ મૂલ્યાંકન અને આયોજન પણ જરૂરી છે. આમાં દર્દીની જટિલ શરીરરચના સમજવા, સંભવિત સમસ્યાઓનું મૂલ્યાંકન કરવા અને યોગ્ય ઉપકરણ તથા ટેકનિકની પસંદગી કરવા માટે સીટી સ્કેન અને ઈકોકાર્ડિયોગ્રામનો ઉપયોગ થાય છે. આ પ્રકારની ઘનિષ્ઠ તાલીમ પ્રક્રિયાને વધુ સુરક્ષિત અને ઝડપી બનાવે છે. તેનાથી દર્દીને ખૂબ જ ઓછી સમસ્યાઓ થાય છે અને તે વહેલા સ્વસ્થ થઈ શકે છે, જેના પરિણામો આંતરરાષ્ટ્રીય સ્તર પર મળેલા છે.

ડો. વર્ષિત હાથીની આ વિશેષ તાલીમથી વોકહાર્ટ હોસ્પિટલ્સ, રાજકોટમાં સ્થાનિક સ્તરે જ આ ગંભીર સારવાર ઉપલબ્ધ બનશે. આનાથી સૌરાષ્ટ્રના દર્દીઓ માટે સમય અને પૈસા બંનેની બચત થશે, અને તેમને શ્રેષ્ઠ આંતરરાષ્ટ્રીય કક્ષાની સારવાર ઘરઆંગણે મળી શકશે. આને સૌરાષ્ટ્રમાં હૃદયની સારવારના ક્ષેત્રમાં એક મોટો સીમાચિહ્નરૂપ માનવામાં આવે છે.

# સહકારી ક્ષેત્રે નાગરિક બેંક ભારતની વિશેષતા સાથે વિકાસમાં મહત્વનું યોગદાન: સુમંતજી આમશેકર

## નાગરીક પરિવારમાં વિશિષ્ટ સિધ્ધી બદલ સન્માન કાર્યક્રમમાં મેયર નયનાબેન સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

**અબતક, રાજકોટ**

સામાજિક ઉત્તરદાયિત્વ સાથે કાર્ય કરતી, રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં પારિવારિક ગોષ્ઠીમાં નાગરિક પરિવારમાં વિશિષ્ટ સિદ્ધી મેળવનાર સદસ્યોનો સન્માન સમારંભ યોજાયેલ હતો. દર વર્ષે વાર્ષિક સાધારણ સભા બાદ યોજાતી પારિવારિક ગોષ્ઠીમાં આ વર્ષે અતિથિ વિશેષ તરીકે સુમંતજી આમશેકર ઉપસ્થિત રહ્યા હતા.





સન્માનિત મહાનુભાવોમાં દિનેશભાઈ પાઠક (સૌરાષ્ટ્ર કચ્છ અર્બન કો-ઓપરેટીવ બેંક ફેડરેશનના બીનહરીફ ડિરેકટર), માધવભાઈ દવે (રાજકોટ શહેર ભા.જ.પ. પ્રમુખ), સતીષજી મરાઠે (નાબાર્ડના ડિરેકટર), પ્રદીપભાઈ જૈન (ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના એક્ઝીક્યુટીવ કમીટી મેમ્બર), કેસરાભાઈ પિંડોરીયા (શ્યામજી કૃષ્ણવર્મા યુનિવર્સીટી-કચ્છ યુનિવર્સીટીમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં સદસ્ય તરીકે ગુજરાત સરકાર દ્વારા નિયુક્તી), પલ્લવીબેન ઠાકર (જુનાગઢ મહાનગરપાલિકાના સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન), હર્ષિતભાઈ કાવર (નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં ગુજરાત સરકાર દ્વારા નિયુક્ત સેક્રેટરી), હસમુખભાઈ હિંડોચા (ગોવા શીપયાર્ડનાં ડિરેકટર), નરેશભાઈ કેલા (પાવર ફાઈનાન્સ કોર્પોરેશનનાં ડિરેકટર અને ગુજરાત સરકારની ફી રીવીઝન કમીટીમાં સી.એ. સદસ્ય), વલ્લભભાઈ વાછાણી, નિખીલભાઈ મેથીયા (સાઉથ કોરીયા ખાતે યોજાયેલ સોફટવેવનાં પ્રતિનિધિ), સંતોષજી જૈન (નવકાર તીર્થના રાષ્ટ્રીય પ્રમુખ)નું સન્માન અને અભિવાદન કર્યું હતું.

પ્રાસંગિક ઉદ્બોધનમાં બેંકનાં ચેરમેન દિનેશભાઈ પાઠકે જણાવ્યું હતું કે, 'સન્માનીત સર્વે નાગરિક પરિવારજનોને હાર્દિક અભિનંદન. બેંકના ગત વર્ષના વિવિધ લક્ષ્યાંકની માહિતી જોઈ પરંતુ બેંકના સાર્વત્રીક વિકાસ માટે હંમેશા ઉંચુ વિચારવું જોઈએ. આપણે સહુ એક વિચારધારાને સમર્પિત છીએ. સ્વયંસેવક છીએ. કોઈ એકવાર સ્વયંસેવક બને એટલે આજીવન સ્વયંસેવક બની જાય છે.' સુમંતજી આમશેકરે જણાવ્યું હતું કે, 'સહકારી ક્ષેત્રમાં સમાજ જીવનના લાભ માટે કાર્ય થતું હોય છે. સહકારી ક્ષેત્ર ભારતની વિશેષતા છે અને દેશના વિકાસમાં બહુ મોટુ અને મહત્વપૂર્ણ યોગદાન છે. આ ક્ષેત્રમાં સમાજ દ્વારા સમાજને આગળ લાવવા માટે કાર્ય થતું હોય છે. સહઅસ્તિત્વના વાત કરીએ તો, બધાનું સુખ અને બધાની ચિંતા એ જ સહઅસ્તિત્વમાં છે. એક પ્રાર્થના છે કે, જીવનમાં જેટલુ મેળવી શકુ તેનાથી વધારે આપી શકુ તેવી શક્તિ આપજો. આ જ કાર્ય રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. કરી રહી છે. સામાજિક યોગદાન હોય કે અન્ય કાર્યો, આ વાતની પૂર્તિ કરે છે.'

# સમસ્ત બ્રહ્મસમાજ આયોજીત બાય બાય નવરાત્રિમાં ખેલૈયાઓ ગરબાના તાલે ઝૂમશે

## યુવાવર્ગને ધ્યાને રાખી બાલભવનનું ઉત્તમ ગ્રાઉન્ડ, ઓરકેસ્ટ્રા, લાખેણા ઈનામો અને સ્વાદિષ્ટ અલ્પાહારની વ્યવસ્થા

**અબતક,રાજકોટ**



સમસ્ત બ્રહ્મસમાજ- રાજકોટ દ્વારા છેલ્લા ૩૦ વર્ષથી પ્રતિવર્ષ એકદિવસીય બાય બાય નવરાત્રિનું ભવ્ય આયોજન થાય છે. આ વર્ષે બધા સભ્યોની લાગણીને માન આપી બાય બાય નવરાત્રિનું ૪ ઓકટોબર-૨૦૨૫ને શનિવારે સાંજે ૭:૦૦ થી ૧૦:૦૦ દરમિયાન બાલભવન, રાજકોટ ખાતે આયોજન કરેલ છે.

અબતકની શુભેચ્છામાં ધાતીબેનએ જણાવ્યું છે કે નવરાત્રી એટલે શક્તિનું પર્વ આદ્યશક્તિમાં જગદંબાની આરાધના કરી આસુરી શાંતિ ઉપર દેવી શક્તિનો વિજય થાય તેવા શુદ્ધ ભાવથી આ પર્વની ઉજવણી બહેનો દીકરીઓ કરતી હોય છે અને આ ઉજવણી માટે સંપૂર્ણ પારિવારિક વાતાવરણમાં બહેનો અને દીકરીઓ સુરક્ષિત રીતે રમી શકે, દરેક પરિવારને પોસાય તેવા ટોકન રૂપ પાસ દ્વારા નફાખોરી માટે નહીં પરંતુ સૌને પરવડે તેવું ઉત્તમ આયોજન જેમાં બાલભવનનું ભવ્ય ગ્રાઉન્ડ, ધમાકદાર ઓરકેસ્ટ્રા અને સ્વાદિષ્ટ અલ્પાહાર સાથેની કેન્ટીન રાખવામાં આવી છે.

# સ્વામી વિવેકાનંદની શિકાગોમાં પ્રવચનની ૧૩૨મી વર્ષગાંઠની ઉજવણી

**અબતક,રાજકોટ**

વિવેકાનંદ યુથ કલબ દ્વારા ઉઠો, જાગો અને ધ્યેયપ્રાતિ સુધી મંડ્યા રહોનો નારો આપનાર, ભારતના ભાગ્યવિધાતા સ્વામી વિવેકાનંદજીએ ૧૧ સપ્ટેમ્બર ૧૮૯૩ ના રોજ યોજાયેલ શિકાગોની સર્વ પ્રથમ વિશ્વ ધર્મ પરિષદમાં આપેલ યાદગાર પ્રવચનની ૧૩૨ મી વર્ષગાંઠ નિમિતે રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત પી. એન્ડ ટી વી શેઠ હાઈસ્કૂલમાં કાર્યક્રમ યોજવામાં આવેલ. શાળાના પાંચ છાત્રોએ સ્વામી વિવેકાનંદજીની અને શિકાગો ધર્મ પરિષદ વિશે વકતવ્ય આપેલ. કાર્યક્રમના મુખ્ય વકતા કવિ લેખક ગાયક નાટ્યકાર પ્રકાશભાઈ હાથીએ શિકાગો ધર્મ પરિષદના સંસ્મરણો, અમેરિકા નિવાસી ભાઈઓ અને બહેનોનું હૃદયસ્પર્શી સંબોધન, હિન્દુ ધર્મ અને ભારતીય સંસ્કૃતિ, વસુધૈવ કુટુમ્બકમ, દરેક ધર્મને આદર સહિતની વાતો કરેલ.

કવિ પ્રકાશ હાથી, રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના શહેર અધ્યક્ષ મુકેશભાઈ ડાંગર તેમજ નિવૃત શિક્ષક મહમદ હુસેન કડીવારના હસ્તે પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ.

સમગ્ર આયોજનની સફળતા માટે અનુપમ દોશી, તુષારભાઈ પંડયા, દિનેશભાઈ ગોવાણી, પરિમલભાઈ જોષી, કિશોર ટાકોદરા, ઉપમન્યુભાઈ રાવલ, જગદીપ પારેખ તેમજ શાળા પરિવાર કાર્યરત રહેલ.

# સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટમાં નવા સ્થાપનોનું અનાવરણ

## સ્વતંત્રતાની ચળવળ, ઉત્સવ વોલ અને પ્રગતિની પતંગ થીમ પર આધારિત સ્થાપત્યો થકી સમૃધ્ધ વારસાની ઝલક

**અબતક,રાજકોટ**

સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ મુસાફરોને ઉત્કૃષ્ટ સાંસ્કૃતિક અનુભવ પ્રદાન કરવા અને ગુજરાતની સમૃદ્ધ પરંપરાઓ પ્રદર્શિત કરવા સતત પ્રયત્નશીલ છે. આ જ યાત્રામાં ટર્મિનલ ૨ પર મનમોહક કલા સ્થાપનોની શ્રેણીનું અનાવરણ કર્યું છે. આ કલાત્મક સ્થાપત્યો ગુજરાતની સ્વતંત્રતા ચળવળ, સાંસ્કૃતિક ઓળખ અને ઉત્સવની ભાવનાને ઉજાગર કરે છે, જે મુસાફરોને રાજ્યના સમૃદ્ધ વારસાની ઝલક આપે છે.આ સ્થાપત્યો સ્વતંત્રતાની ચળવળ ઉત્સવ વોલ, પ્રગતિની પતંગ પર આધારીત છે જેમાં સ્વતંત્રતાની ચળવળ: ડિપાર્ચર્સ ચેક-ઈન હોલમાં સ્થિત મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની સુંદર કળાકૃતિઓ ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતની ભૂમિકાને દર્શાવે છે.



ઉત્સવ વોલ - નવરાત્રી અને ઉત્તરાયણ ઉજવણી: આગમનના બેગેજ ક્લેમ હોલમાં સ્થિત આ જીવંત ભીંતચિત્ર નવરાત્રી અને ઉત્તરાયણ જેવા ગુજરાતના વિશ્વ-પ્રસિદ્ધ તહેવારોની ભાવનાને દર્શાવે છે. ઉત્સવ વોલ એક ધાતુ ત્રિ-પરિમાણીય સ્થાપન છે. તેમજ પ્રગતિ-ની-પતંગ: ગુજરાતની પતંગ ઉડાવવાની પરંપરાથી પ્રેરિત આ ગતિશીલ શિલ્પ ઉત્તરાયણ સાથે સંકળાયેલી ઉર્જા, રંગ અને આનંદને જીવંત બનાવે છે. એસવીપીઆઈ એરપોર્ટ ટર્મિનલ ૨ ના ડોમેસ્ટિક અરાઈવલ વિસ્તારમાં સ્થિત આ શિલ્પમાં કાંસ્યથી બનેલા બાળકોના જીવન-કદના શિલ્પો છે.

# અબુજમાઢમાં ઓપરેશન બાદ માઓવાદીઓએ હથિયાર હેઠા મુકવા માટે મન બનાવી લીધું

## સંગઠનના ટોચના કમાન્ડો 'અભય' મલ્લોજુલા વેણુગોપાલ રાવ દ્વારા હસ્તાક્ષરિત પ્રેસ સ્ટેટમેન્ટમાં શાંતિ વાટાઘાટો માટે તૈયારી દર્શાવાઈ, પત્રની સત્યતાની તપાસ

**અબતક, રાજકોટ**

દેશના સૌથી મોટા નક્સલવાદી સંગઠન, સીપીઆઈ (માઓવાદી), એ સરકારને શસ્ત્રો મૂકવા અને અસ્થાયી યુદ્ધવિરામ માટેની ઓફર કરી છે. સંગઠનના ટોચના કમાન્ડો 'અભય' (મલ્લોજુલા વેણુગોપાલ રાવ) દ્વારા હસ્તાક્ષરિત એક કથિત પ્રેસ સ્ટેટમેન્ટમાં આ વાત જણાવવામાં આવી છે, જેમાં શાંતિ વાટાઘાટો માટે તૈયારી દર્શાવવામાં આવી છે. જોકે, આ પત્રની સત્યતા હજુ સુધી ચકાસવામાં આવી નથી. આ શાંતિ પહેલ, જો સાચી હોય તો, માઓવાદીઓ પર સતત થઈ રહેલી કાર્યવાહી અને દબાણનું પરિણામ હોવાનું માનવામાં આવે છે. સંગઠને સરકાર પાસેથી જેલમાં રહેલા સહિત પોતાના નેતાઓ અને કાર્યકર્તાઓ સાથે પરામર્શ કરવા માટે એક મહિનાનો સમય માંગ્યો છે, જેથી શાંતિ પ્રસ્તાવ પર સર્વસંમતિ બનાવી શકાય.

છત્તીસગઢ સરકાર અને કેન્દ્રીય એજન્સીઓ હાલમાં આ પત્રની ચકાસણી કરી રહી છે, કારણ કે આ પત્ર અગાઉના માઓવાદી નિવેદનોથી અલગ છે અને તેમાં અભયનો એક નાનો ફોટો પણ છે. છત્તીસગઢ પોલીસે જણાવ્યું છે કે, સીપીઆઈ (માઓવાદી)ના નામે જારી થયેલ આ પ્રેસ રિલીઝને ધ્યાનમાં લેવામાં આવી છે અને તેની સામગ્રીની કાળજીપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. જોકે, પોલીસે સ્પષ્ટ કર્યું કે આ મામલે કોઈપણ નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવશે, જે પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં રાખીને યોગ્ય પગલાં લેશે. કેન્દ્ર સરકારના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક મહિનાઓમાં સુરક્ષા દળોએ માઓવાદીઓ પર જે રીતે કાર્યવાહી કરી છે, તેના કારણે તેમની પાસે આત્મસમર્પણ સિવાય અન્ય કોઈ વિકલ્પ બચ્યો નથી. સીપીઆઈ (માઓવાદી)ના નિવેદનમાં એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે, તેમણે અગાઉ પણ શાંતિ વાટાઘાટો માટે પ્રયાસો કર્યા હતા. નિવેદન મુજબ, ૧૦ મે, ૨૦૨૫ના રોજ પણ તેમણે શસ્ત્રો મૂકીને યુદ્ધવિરામનો પ્રસ્તાવ મૂક્યો હતો અને આંતરિક ચર્ચા માટે એક મહિનાનો સમય માંગ્યો હતો. જોકે, સરકાર દ્વારા આનો કોઈ જવાબ ન મળતા તેમની સામેની કાર્યવાહી વધુ તીવ્ર બની હતી, જેમાં સંગઠનના મહાસચિવ બસવરાજુ સહિત ૨૮ લોકો માર્યા ગયા હતા. આ નિવેદનમાં બદલાતા વૈશ્વિક અને રાષ્ટ્રીય પરિબળો તેમજ વડાપ્રધાન અને ગૃહમંત્રી દ્વારા કરવામાં આવેલી અપીલોને ધ્યાનમાં રાખીને સશસ્ત્ર સંઘર્ષ છોડી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. ભવિષ્યમાં, તેઓ રાજકીય પક્ષો અને કાર્યકર્તા સંગઠનો સાથે મળીને લોકોના અધિકારો માટે લડત ચાલુ રાખશે તેવું પણ કહેવામાં આવ્યું છે. શાંતિ વાટાઘાટો માટે સીપીઆઈ (માઓવાદી)એ ગૃહમંત્રી અથવા અન્ય પ્રતિનિધિઓ સાથે વિડિયો કોલ પર જોડાવાની પણ ઓફર કરી છે. આ માટે, તેમણે એક મહિના માટે ઔપચારિક યુદ્ધવિરામ જાહેર કરવા અને જંગલોમાં તેમની વિરુદ્ધની શોધખોળ કામગીરી બંધ કરવાની માંગ કરી છે. સંગઠને તેમના સાથી નેતાઓ અને જેલમાં બંધ કાર્યકર્તાઓને આ પરિવર્તન વિશે માહિતી આપવા માટે એક મહિનાનો સમય માંગ્યો છે. હાલમાં જે નેતાઓ સંપર્કમાં છે તેઓ વાટાઘાટો માટે સહમત છે, પરંતુ દેશભરના સંગઠનો સાથે મોટા પાયે ચર્ચા કર્યા પછી જ શાંતિ વાટાઘાટો માટે એક જૂથ બનાવવામાં આવશે. સંગઠને લોકોના મંતવ્યો જાણવા માટે બે ઈમેઈલ અને ફેસબુક આઈડી પણ શેર કર્યા છે.

# ચારણ-ગઢવી સમાજ દ્વારા ૩૪મો સમૂહ લગ્ન મહોત્સવ: લગ્ન ઈચ્છુક યુગલો માટે ફોર્મ વિતરણ શરૂ

**અબતક, રાજકોટ**

સોનલમા સેવા સહાય ટ્રસ્ટ (ચારણ-ગઢવી સમાજ સમૂહ લગ્ન સમિતિ, જૂની) દ્વારા સમાજનો ૩૪મો સમૂહ લગ્ન મહોત્સવ આગામી તારીખ ૦૮/૦૨/૨૦૨૬, રવિવાર, મહા વદ-૭ના રોજ રાજકોટ ખાતે ઉજવવામાં આવશે. લગ્ન માટે જોડાવા ઈચ્છુક દીકરા-દીકરીઓ માટેના ફોર્મ વિતરણ અને સ્વીકારવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ફોર્મ પ્રથમ નવરાત્રી, તા. ૨૨/૦૯/૨૦૨૫ થી તા. ૦૨/૧૦/૨૦૨૫ દરમિયાન ઉપલબ્ધ રહેશે. આ સમયગાળા દરમિયાન જ ભરેલા ફોર્મ પરત કરવાના રહેશે. ફોર્મ મેળવવા માટે જરૂરી દસ્તાવેજો લગ્ન માટે જોડાનાર દીકરા અને દીકરીએ આધાર કાર્ડ (ઓરિજિનલ અને ત્રણ ઝેરોક્સ) જન્મનો દાખલો અથવા સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ (ઓરિજિનલ અને ત્રણ ઝેરોક્સ) બે પાસપોર્ટ સાઈઝના ફોટા ચારણ-ગઢવી સમાજ સમૂહ લગ્ન કાર્યાલય, ગાયત્રી નગર મેઈન રોડ, કેનરા બેંક સામે, સોની મેડિસિનની ઉપર, ગાત્રાળ ફાઈનાન્સની બાજુમાં, રાજકોટ ખાતે જમા કરાવવાનું રહેશે. આ અંગે વધુ માહિતી માટે, ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ જાળગ (૯૭૨૩૪ ૪૮૨૦૫) અને ખજાનચી આણંદભાઈ પાલિયા (૮૮૨૪૪ ૨૫૧૫૦)નો સંપર્ક કરી શકાય છે.

# આરાધના મંડળ દ્વારા શુક્રવારે નાગરી પરંપરાના 'બેઠા ગરબા'

**અબતક, રાજકોટ:** હેમુ ગઢવી નાટય ગૃહ ખાતે તા. ૧૯-૯ ને શુક્રવારે આરાધના ગ્રુપ દ્વારા માડાના દરબાર બેઠા ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવેલ છે. જેમાં આરાધના મંડળની ૩૦ થી વધુ બહેનો સ્ટેજ ઉપર નાગરી પરંપરા ના ભાવસભર ગરબામાં રજુ કરશે. તેમ મંડળના પ્રમુખ વર્ષાબેન વસાવડા અને સપનાબેન ઢેબર સહીતના ટ્રસ્ટીઓ જહેમત ઉઠાવી રહ્યા છે. 'માડીનો દરબાર' કાર્યક્રમમાં બેઠા ગરબા કાર્યક્રમમાં પધારવા જાહેર જનતાને નિમંત્રણ પાઠવાયું છે.

# અપના બજાર તથા અરવિંદભાઈ મણીઆર રિસર્ચ સેન્ટરનાં ઉપક્રમે કાલે અપના પુસ્તક શોધક-જ્ઞાન ગંગા પરબનો આરંભ




**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર અને જિલ્લાની સાડા છ દાયકા જૂની અને પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા ''અપના બજાર'' દ્વારા સભાસદ કલ્યાણ વર્ષ નિમિત્તે સભાસદોમાં વાંચન પ્રવૃત્તિને વેગમળે, સભાસદો વાંચન પ્રવૃત્તિ માં રસ લેતા થાય તેવા શુભ હેતુસર રાજકોટ શહેરની શ્રી અરવિંદભાઈ મણીઆર રિસર્ચ સેન્ટર સંચાલિત ''શોધક પુસ્તક સેવા''સંસ્થાના સહયોગથી ''અપના પુસ્તક શોધક- જ્ઞાન ગંગા ની પરબ''યોજનાનો કાલે ગુરૂવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે અપના બજાર મુખ્યાલય, કરણસિંહજી બાલાજી મંદિર સામે, ભુપેન્દ્ર રોડ, રાજકોટ ખાતે પ્રારંભ થશે.જે યોજના અંતર્ગત અપના બજારના સભાસદોને હવે પછી દર મહિનાના બીજા શનિવારે અપના બજાર હેડ ઓફિસ ખાતેથી પોતાના મનપસંદ પુસ્તકો વાંચવા માટે લઈ જઈ શકશે. આ યોજના અપના બજારના જ સભાસદો પૂરતી મર્યાદિત અને નિઃશુલ્ક છે. આ યોજના હેઠળ પુસ્તક લેવા પ્રથમ વખત આવનાર સભાસદે પોતાનું અસલ શેર સર્ટિફિકેટ અને એક ઝેરોક્ષ નકલ સાથે લાવવાની રહેશે. ત્યારબાદ એક વખત રજીસ્ટ્રેશન થઈ ગયા બાદ લાવવાનું નથી. આ યોજના અંતર્ગત દર મહિનાના બીજા શનિવારે સવારે ૧૧:૦૦ થી ૧૨:૩૦ કલાક સુધી પુસ્તકો ની અદલ બદલ કરવાની રહેશે.

અપના બજાર રાજકોટ તથા શ્રી અરવિંદભાઈ ''મણીઆર રિસર્ચ સેન્ટર ના સંયુક્ત ઉપક્રમે શરૂ થનાર ''અપના પુસ્તક શોધક-જ્ઞાનગંગા ની પરબ''ને સફળ બનાવવા અપના બજાર ના ચેરમેન ભાગ્યેશ વોરા અને વાઈસ ચેરમેન દિપક ચાવડા ની રાહબરી માં સર્વે ડિરેક્ટર્સ મહેન્દ્રભાઈ શેઠ, અરવિંદભાઈ સોજીત્રા, નટુભાઈ ચાવડા, પંકજભાઈ દેસાઈ, મહેશભાઈ કોટક, નયનાબેન મકવાણા, વિક્રમસિંહ પરમાર, જીજ્ઞાબેન પટેલ, ફુલાભાઈ શિંગાળા, જયંતભાઈ ધોળકિયા, વહીવટી અધિકારી નરેશભાઈ શુકલ તથા શ્રી અરવિંદભાઈ મણિઆર રિસર્ચ સેન્ટરના નમ્રતાબેન કામદાર, અભિષેકભાઈ રાજગોર, અલ્પેશભાઈ સોલંકી, શેફાલીબેન સંઘવી, કિશનભાઈ લશ્કરી સહિતનાઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ગરૈયા જ્ઞાનપીઠ ખાતે નેશનલ હોમિયોપેથિક સેમિનાર યોજાયો

## બેંગ્લોરના હોમિયોપેથીક નિષ્ણાત વિજયકૃષ્ણએ માર્ગદર્શન આપ્યું



**અબતક, રાજકોટ**

રાજકોટ : ગરૈયા જ્ઞાનપીઠ સંચાલિત શ્રી બી.જી. ગરૈયા હોમિયોપેથિક મેડિકલ કોલેજ, રાજકોટ ખાતે ૧૩ અને ૧૪ સપ્ટેમ્બર તાજેતરમાં ભવ્ય નેશનલ હોમિયોપેથિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં દેશના વિવિધ રાજ્યોમાંથી નિષ્ણાતો, પ્રોફેસરો તથા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. મુખ્ય વકતા તરીકે બેંગલોરના પ્રખ્યાત હોમિયોપેથિક નિષ્ણાત ડો.વિજયકૃષ્ણ સરે ઉપસ્થિત રહી ''એક્યુટ અને ક્રોનિક કેસોનો હોમિયોપેથિક એપ્રોચ'' વિષય પર ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારનું આયોજન સંસ્થાના ટ્રસ્ટી વનરાજભાઈ બી. ગરૈયા દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનાર કોલેજના વિદ્યાર્થીઓ, ફેકલ્ટી તથા ઉપસ્થિત મહેમાનો માટે જ્ઞાનપ્રદ, પ્રેરક અને સ્મરણિય સાબિત થયો હતો.

# વેસ્ટર્ન રેલવે એસો. દ્વારા 'એન્જિનિયર્સ ડે' ની ઉજવણી




**અબતક, રાજકોટ**

વે.રે. એન્જીયર્સ એસોસીએશન રાજકોટ ડિવીઝન દ્વારા સોમવારેના રોજ એન્જીનીયસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વે. રેલવે એન્જીનીયર્સ એસો. ટ્રેનીંગ રાજકોટ એરીયાના ૬૬ એન્નીજીયર્સ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. આ તકે ડીવીઝન સેક્રેટરી રાજીવ કુમાર, આર.પી. શુકલા ચીફ એડવાઈઝર આર.વી. મહેતા, ટ્રેઝર એચ.કે. બર્થવાલ ડિવીઝનલ વાઈસ પ્રેસીડન્ટ મનોજ અગ્રવાલ સહીતના લોકો ઉપસ્થિત રહ્યા તેમજ કાર્યક્રમ બાદ સામુહિક ભોજન સાથે કર્યુ હતું.

# અંબાજીના મેળામાં સહકાર ગ્રુપના પ્રસાદનો લાભ લેતા લાખો ભાવિકો

## મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ સહકાર ગ્રુપની સેવાને બિરદાવી





**અબતક, રાજકોટ**

અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળામાં લાખો શ્રદ્ધાળુઓ દર્શનનો લાભ લીધો હતો. મેળામાં સતત બીજા વર્ષે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા રાજકોટના સહકાર ગ્રુપના ધર્મેન્દ્રસિંહ ઝાલા (પીન્ટુભાઈ ખાટડી)ને વિનામૂલ્યે ભોજન વ્યવસ્થા માટે જવાબદારી સોપી હતી. અન્નક્ષેત્રમાં સાત દિવસમાં ભાવિકોએ ભોજન પ્રસાદ અને ચા નાસ્તાના પ્રસાદનો લાભ લીધો હતો. સહકાર ગ્રુપના સેવાને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ બિરદાવી હતી. વધુ વિગત મુજબ અંબાજી ખાતે ભાદરવી પુનમ મહામેળા-૨૦૨૫ અંતર્ગત યાત્રા ધામ વિકાસ બોર્ડ અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી દ્વારા ગબ્બર તળેટી ખાતે વિનામુલ્યે ભોજન વ્યવસ્થા માટે સતત બે વર્ષથી ટેન્ડર વગર વિનામૂલ્યે ભોજન વ્યવસ્થા માટે રાજકોટના સહકાર ગ્રુપના ધર્મેન્દ્રસિંહ ઝાલા (પીન્ટુભાઈ-ખાટડી)એ જવાબદારી સોંપવામાં આવી હતી. રાજકોટના સહકાર ગ્રુપ દ્વારા અંબાજી ખાતે સેવા કેમ્પમાં સાત દિવસ સુધી સવાર અને સાંજ ભોજન અને ચા નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી હતી. સેવા કેમ્પમાં યાત્રિકોને બન્ને ટાઈમ ભોજન પ્રસાદ અને ચા નાસ્તાનો લાભલીધો હતો.

ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ સહકાર ગ્રુપના સેવા કેમ્પની વ્યવસ્થાથી ખુબ પ્રભાવિત થયા હતા. માં અંબાના પરમ ભક્ત રાજકોટના સહકાર ગ્રુપના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ઝાલા (પીન્ટુભાઈ-ખાટડી)અને ટીમે સતત બીજા વર્ષે જવાબદારી નિભાવતા શ્રી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજી અને કલેક્ટર મિહિર પટેલ દ્વારા સહકાર ગ્રુપના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ઝાલા (પીન્ટુભાઈ-ખાટડી)નું સન્માન કરવામાં આવ્યું હતું.આ સેવા કેમ્પને સફળ બનાવા માટે સહકાર ગ્રુપના પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ઝાલા (પીન્ટુભાઈ ખટાડી) , અશોકભાઈ પટેલ (મવા), દીપકસિંહ જાડેજા(ખરેડી), નરેન્દ્રસિંહ જાડેજા(રાતૈયા).કર્મરાજસિંહ (અમદાવાદ). ઉમંગ કાપોપરા(અમદાવાદ), હિરેન પુજારા, અભિષેક અઢિયા(રાજકોટ), અજુનભાઈ, જયદીપભાઈ ધાધલ, વૃશાંગભાઈ મંત્રી, મનીષભાઈ મિસ્રી, મિતેશભાઈ(મુંબઈ), યુવરાજસિંહ(લીમડી), વીરેન્દ્રસિંહ વાઘેલા,જીતભાઈ જલારામ, અભિષેકકભાઈ (અમદાવાદ), મયંકભાઈ કોટક, યુવરાજસિંહ ઝાલા સહિતના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

## સતત બીજા વર્ષે સેવા આપનાર પ્રમુખ ધર્મેન્દ્રસિંહ ઝાલાનું ટ્રસ્ટ અને કલેકટર દ્વારા કરાયું સન્માન

# રણછોડદાસજી બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા મોતિયાના ઓપરેશન માટે વાંસદામાં નવી શાખાનો શુભારંભ કરાશે

**અબતક, રાજકોટ**

સદ્‌ગુરૂ ભગવાન રણછોડદાસજીબાપુનાં જીવન સિધ્ધાંત ''મૂજે ભૂલ જાના, પર નેત્રયજ્ઞ કો નહિ ભૂલના'' તથા ''મરીજ મેરે ભગવાન હૈ''નાં સિધ્ધાંતે સાર્થક કરીને સમગ્ર રાજ્ય તથા સમગ્ર ભારતભરમાં ગરીબ લોકોની સેવા માટે મફત આંખનાં મોતિયાના ઓપરેશનો કરવામાં આવે છે.આ સેવાનો લાભ ગરીબ, અભણ, આદિવાસી ભાઈઓ-બહેનો તથા બાળકો કે જેમને આંખનો મોતિયા શું હોય તથા આંખનું ઓપરેશન કેવી રીતે કરાવવું જેવી બાબતોની કશી જ ખબર નથી અને જેઓ બહુ જ અંતરીયાળ વિસ્તારોમાં, મફત આંખનાં મોતિયાનાં ઓપરેશનનો લાભ મળે અને પૈસાને અભાવે જીવનભર આંધળા ના થાય એ માટે વાંસદામાં, જિ.નવસારીમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ દ્વારા નવી શાખાનો તા.૦૨/૧૦/૨૫, ગુરૂવાર, વિજયાદશમીનાં શુભ દિવસથી શુભારંભ કરવામાં આવનાર છે. સમગ્ર ડાંગ જીલ્લાના ૩૧૧ આદીવાસી ગામ, વાપી, વલસાડ, નાસીક (મહારાષ્ટ્ર) તથા સમગ્ર સુરત શહેરનાં ગરીબ લોકોનાં મફત આંખના મોતિયાનાં ઓપરેશન કરવામાં આવશે.

આ નિઃશુલ્ક મોતિયાનાં ઓપરેશનનો લાભ ગરીબ આદીવાસી ભાઈ-બહેનોને મળે એ માટે વાંસદા, જિ.નવસારીમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ દ્વારા નવી શાખાનો શુભારંભ કરવામાં આવનાર છે. વધુ માહિતી માટે મો.નં.૯૫૮૬૩ ૦૮૧૭૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

## જળ સંચય માટે સમર્પિત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ આયોજીત

# ડો.કુમાર વિશ્વાસની જળકથામાં તન, મન, ધનથી જોડાવવા પ્રકૃત્તિપ્રેમીઓને સી.આર.પાટીલની હાંકલ

## રાજકોટના સેવાભાવી ઉદ્યોગપતિઓ સાથે કેન્દ્રીય જળશક્તિ મંત્રી પાટીલે યોજી ફળદાયી બેઠક

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પાણી બચાવ માટે કરેલા 'જળસંચય જનભાગીદારી'ના આહવાનનો ગીરગંગા પરિવાર ટ્રસ્ટે અદભુત પડઘો પાડ્યો છે. સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા થતા જળસંચય અભિયાનના કાર્યમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દેશભરમાં ટોચનું સ્થાન ધરાવે છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આગામી ડિસેમ્બર માસમાં રાજકોટમાં યોજાનાર કવિ- તત્વચિંતક ડો.કુમાર વિશ્વાસની ત્રણ દિવસની જળકથામાં તમામ નાગરિકોએ પોતાનું યોગદાન આપવું જોઈએ', તેમ કેન્દ્રીય કેબિનેટ જળશક્તિ મંત્રી સી. આર પાટીલે જણાવ્યું હતું.

કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલે ગત રવિવારે સર્કિટ હાઉસ ખાતે રાજકોટના ઉદ્યોગપતિઓ અને આગેવાનો સાથે મળેલી બેઠકમાં તેમણે નિર્દેશ કર્યો હતો કે, પ્રકૃત્તિ અને પર્યાવરણનું જતન કરીને સર્વ જીવોની રક્ષા તેમજ પરિવાર સાથે દેશની આર્થિક સમૃદ્ધિમાં વધારો કરવો હશે તો જળસંચય કરવું પડશે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયાએ જળસંચય માટે ખરા અર્થમાં વિરાટ કાર્ય કર્યું છે, જે અપેક્ષા કરતાં પણ વધારે છે. સાથે સાથે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર પણ જળસંચય સંદર્ભમાં ખૂબ જ જાગૃત છે, ચિંતિત છે અને કાર્યરત છે ત્યારે જનભાગીદારીથી થતા જળસંચયના કાર્યો જ જમીનમાં ઊંડા ગયેલા પાણીના તળને સપાટી પર લાવી શકાશે.

તેમણે બેઠકમાં ઉપસ્થિત ઉદ્યોગપતિઓને આગામી ૧૫, ૧૬ અને ૧૭ ડિસેમ્બરના રોજ દરરોજ રાત્રે ૮ થી ૧૨ દરમિયાન યોજાનાર વિખ્યાત કથાકાર ડો.કુમાર વિશ્વાસની -જલકથા : 'અપને અપને શ્યામ કી'માં તન, મન અને ધનથી જોડાવા માટે ઉદ્યોગપતિઓને આગ્રહપૂર્વક અપીલ કરી હતી.

કેન્દ્રીય મંત્રી અને ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલે રાજકોટના તેમના રોકાણ દરમિયાન ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા આયોજિત કુમાર વિશ્વાસની જલકથાની તૈયારીઓ અને આયોજનની પણ સમીક્ષા કરી હતી અને આ સંદર્ભમાં જ રાજકોટના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે બેઠક પણ કરી હતી.

સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી ઉદ્યોગપતિઓની બેઠકમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ સાથે પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને ગીરગંગાના માર્ગદર્શક મંડળના પ્રમુખ ડો.ભરતભાઈ બોધરા, મંત્રી ભાનુબેન બાબરીયા, ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા અને ઉદયભાઈ કાનગડ, મેયર નયનાબેન પેઢડીયા, જિલ્લા પંચાયતના પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ તેમજ સુજીતભાઈ ઉદાણી, દિલીપભાઈ લાડાણી, કમલનયનભાઈ સોજીત્રા, પરસોતમભાઈ કમાણી, અવધેશભાઈ કાનગડ, હરિસિંહ સુચરીયા, હરીશભાઈ લાખાણી, ભરતભાઈ ટીલવા, જેન્તીભાઈ સરધારા, લાખાભાઈ સખીયા, નિખીલભાઈ પટેલ, પ્રણવભાઈ ભાલારા, ચંદ્રકાંતભાઈ ભાલારા, ઘનશ્યામભાઈ હેરભા, કિરીટભાઈ આદ્રોજા, રાજુભાઈ ગોસ્વામી, અશોકભાઈ લશ્કરી, વસંતભાઈ લીંબાસીયા જગદીશભાઈ કોટડીયા ઉપસ્થિત રહ્યા હતા તેમજ ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખીયા, પ્રકૃત્તિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, રમેશભાઈ ઠક્કર, શૈલેશભાઈ જાની, ડો.દેવાંગીબેન મૈયડ, કૌશિકભાઈ સરધારા વગેરેએ જહેમત ઉઠાવી રહ્યા છે.

# સશક્ત ભારત સમાન સમાજ કાર્યક્રમમાં અનુસૂચિત જાતિના વિકાસ માટે મનોમંથન

## કોંગ્રેસ અનુસૂચિત જાતિ વિભાગના રાજેન્દ્ર પાલ ગૌતમ રહ્યા ખાસ ઉપસ્થિત



**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ અનુસૂચિત જાતિ વિભાગના ચેરમેન રાજેન્દ્ર પાલ ગૌતમના સ્વાગત સન્માન કાર્યક્રમમાં શહેર કોંગ્રેસ સમિતિના મંત્રી નરેશભાઈ પરમાર એ અનુસૂચિત સમાજના સામાજિક ઉધ્ધાર સંલગ્ન પ્રશ્નોની રજૂઆત કરી હતી, રવિવારના તારીખ ૧૪ના રોજ સાંજે વિરાણી હાઈસ્કુલ માં યોજાયેલ કાર્યક્રમમાં મહાનુભાવો ની ઉપસ્થિતિમાં અનુસૂચિત સમાજ ના વિકાસ માટેની ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઓબીસી પ્રમુખ મહેન્દ્ર રાજપુત, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ અનુસૂચિત જાતિ પ્રમુખ હિતેન્દ્રભાઈ પીઠડીયા સુરેશભાઈ બથવાર દિનેશભાઈ પરમાર ભરતભાઈ મકવાણા શાંતાબેન મકવાણા સહિતના આગેવાનોની હાજરીમાં અનુસૂદી જાતિ ને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી આ કાર્યક્રમમાં અનિલભાઈ વિંઝુડા અરવિંદભાઈ પૂછડિયા રમેશભાઈ રૈયા પરમાર જગદીશભાઈ સાગઠીયા હંસરાજભાઈ સાગઠીયા રમેશભાઈ વઘેરા પ્રવીણભાઈ ગોહિલ સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને ચર્ચામાં સહભાગી થયા હતા

# પ્રણવાનંદજી સંસ્કૃત્ત પ્રચાર ટ્રસ્ટની સંસ્કૃત્ત શ્લોક સ્પર્ધાના વિજેતાઓનું બહુમાન

**અબતક, રાજકોટ**

રાજકોટ સમસ્ત નાગર જ્ઞાતિ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ તથા પ્રણવાનંદજી સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સંસ્કૃત શ્લોક સ્પર્ધા યોજાઈ ગઈ. ત્રણ-ત્રણ વિજેતા ઘોષિત કરવામાં આવ્યા. ઈનામો સંસ્થા તરફથી અનુક્રમે રૂ.૫૦૧/-, રૂ.૩૦૧/-, રૂ.૨૦૧/- તથા પ્રણવાનંદજી સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટ તરફથી ધાર્મિક સંસ્કાર સંવર્ધન થાય એવા ઉમદા ઉદ્દેશ્યથી જ્ઞાનવર્ધક ચોપડીઓ એનાયત કરવામાં આવ્યાં હતા.

ગ્રુપ-૧ ૦૩થી ૦૮ વર્ષના સ્પર્ધકોમાં પ્રથમ કવચિત ચિન્મયભાઈ આચાર્ય, ગ્રુપ-૨ ૦૮થી ૧૫ વર્ષના સ્પર્ધકોમાં પ્રથમ ત્વિષા ચિંતનભાઈ ઓઝા વિજેતા થયા હતા. વડાલીયા ફૂડ્ઝ વતી દેવર્ષિભાઈ પાઠકે તરફથી તમામ આશરે ૩૦ સ્પર્ધકોને પ્રોત્સાહન રૂપે કીટ એનાયત કરવામાં આવી હતી.

વડીલ ટ્રસ્ટી મકરંદભાઈ વોરા, પ્રમુખ દેવાંગભાઈ મંકોડી, મંત્રી જલેંદુભાઈ જોષીપુરા, ટ્રસ્ટી યજ્ઞેશભાઈ માંકડ અને પ્રણવાનંદજી સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટના મંત્રી કૌશિકભાઈ છાયાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યુ કે આપણે આપણી સંસ્કૃતિ ટકાવવી હશે તો સંસ્કૃતનો અભ્યાસ જરૂરી છે. સંસ્કૃતએ દેવભાષા છે. અનેક ભાષાઓની જનની છે. ખજાનચી શૈલેષભાઈ વસાવડા અને ટ્રસ્ટીઓ નયનાબેન છાયા, જયોતિબેન અંજારિયા, યોગેશભાઈ વોરા વગેરે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી અને તમામ સ્પર્ધકોને ઉત્સાહભેર ભાગ લેવા માટે ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવ્યા હતા.

# રોટરી કલબ ઓફ પ્રાઈઝ દ્વારા શ્રેષ્ઠ પ્રોફેસરોનું મોમેન્ટ આપી સન્માન



**અબતક, રાજકોટ**

રાજકોટ શિક્ષક દિને નિમિત્તે રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમ, રાજકોટ દ્વારા શહેરના ૭ શ્રેષ્ઠ પ્રોફેસરોને સન્માનિત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓના કલ્યાણ માટે સતત પરિશ્રમ કરીને શિક્ષણ ક્ષેત્રે અભૂતપૂર્વ યોગદાન આપનારા આ પ્રોફેસરોને રોટરી પ્રાઈમે બિરદાવ્યા હતા.

વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ, વિકાસ માટે નવી તકો તથા સરકારની વિદ્યાર્થીલક્ષી યોજનાઓનો લાભ સુલભ બને તે માટે આ પ્રોફેસરો નિસ્વાર્થ સેવાભાવે દિવસ-રાત મહેનત કરી રહ્યા છે. તેમની આ સેવાભાવના પ્રતિભાનરૂપે રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમે મોમેન્ટો તથા સર્ટિફિકેટ સાથે ડો. આશિષ તન્ના - ડીન, સ્કૂલ ઑફ સાયન્સ, આર.કે. યુનિવર્સિટી,ડો. એ.એસ. પંડ્યા - પ્રિન્સિપાલ, ગવર્મેન્ટ પોલિટેકનિક,પ્રો. જીજ્ઞેશ રાઠોડ - આત્મીય યુનિવર્સિટી,

ડો. કે. જે. થેંકચન - પ્રિન્સિપાલ, ક્રિસ્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ,ડો. મધુ શુક્લા - એસોસિયેટ ડીન, એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, મારવાડી યુનિવર્સિટી,

ડો. નીરવ મણિયાર - એચઓડી, મિકેનિકલ એન્જિનિયરિંગ વિભાગ, ટટ૬ એન્જિનિયરિંગ કોલેજ અને ડો. પરેશ કોટક - પ્રિન્સિપાલનું સન્માન કરાયું હતું.

આ કાર્યક્રમ દરમિયાન રોટરી કલબ ઓફ રાજકોટ પ્રાઈમના પ્રેસિડેન્ટ નીહાર ચંદારાણા, સેક્રેટરી મેહુલ પરમાર, પ્રોજેક્ટ ચેર વિશાલ સરવૈયા તથા ૬૦ થી વધુ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ શિક્ષણ ક્ષેત્રે આ પ્રોફેસરોના યોગદાનને અભિનંદન પાઠવ્યા હતા.

# સ્વસ્થ નારી-સશક્ત પરિવારથી જ સમાજનો વિકાસ શક્યઃ મંત્રી ભાનુબેન બાબરિયા





## વડાપ્રધાનના જન્મદિવસે 'સ્વસ્થ નારી, સશક્ત પરિવાર' અભિયાનનો પ્રારંભઃ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાયો રક્તદાન અને સર્વ રોગ નિદાન કેમ્પ




તસવીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિવસની ઉજવણી નિમિત્તે, 'સ્વસ્થ નારી, સશકત પરિવાર' અભિયાનનો દેશવ્યાપી શુભારંભ કરવામાં આવ્યો. રાજકોટના રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં મહિલાઓ અને બાળકોના આરોગ્ય અને કલ્યાણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ પ્રસંગે, ગુજરાતના મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરીયાએ હાજરી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે સ્વસ્થ નારીથી જ સશકત પરિવાર અને સશક્ત પરિવારથી જ સમાજનો વિકાસ શક્ય છે.

કાર્યક્રમ દરમિયાન, રક્તદાન કેમ્પ અને સર્વ રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પહેલથી સમાજમાં આરોગ્ય અને સેવાભાવનાનું મહત્વ વધુ ઉજાગર થયું. આ અભિયાનનો મુખ્ય હેતુ મહિલાઓ અને પરિવારોને સ્વસ્થ, સશક્ત અને સમૃદ્ધ જીવન જીવવા માટે પ્રેરિત કરવાનો છે.

આ કાર્યક્રમમાં આરોગ્ય તપાસ, રક્તદાન અને સ્વસ્થ જીવનશૈલી અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું. શાળાઓ અને સ્થાનિક સંગઠનો દ્વારા પણ લોકોમાં જાગૃતિ લાવવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં સાંસદ રામભાઈ મોકરિયા, મંત્રી મુળુભાઈ દેરા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ભાજપ પ્રમુખ માધવ દવે, મેયર નયનાબેન પેઢડીયા અને કલેક્ટર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# વ્યસન મુક્ત ભારત તરફ યુવા શક્તિની દોડઃ રવિવારે 'નમો યુવા રન'

## 'અબતક'ની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ કાર્યક્રમની માહિતી આપીઃ ભાજપ યુવા મોરચા દ્વારા ભવ્ય આયોજન



તસવીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના ઉપપ્રમુખ અને રાજકોટ 'નમો યુવા મેરેથોન'ના ઈન્ચાર્જ હરેન્દ્રસિંહ ગોહિલ, ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવા, મહામંત્રી મિલન લીંબાશીયા, સહદેવ ડોડીયાની એક અખબારી યાદીમાં જણાવેલ છે કે દેશને વિકાસની નવી ઉંચાઈઓ તરફ લઈ જનાર પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ 'સેવા હી પરમો ધર્મ'ની ભાવનાથી સમાજના છેવાડાના માનવીના ઉધ્ધાર માટે વિવિધ લાભાર્થી યોજનાઓ થકી સતત લોકકલ્યાણના કાર્યો થઈ રહ્યા છે ત્યારે દર વર્ષે ૧૭ સપ્ટેમ્બરથી તા.૨ ઓક્ટોબર સુધી ભાજપ યુવા મોરચા દ્વારા વિવિધ સેવા અને સામાજિક કાર્યક્રમો દ્વારા 'સેવા પખવાડિયુ' ઉજવવામાં આવે છે. ત્યારે આ વર્ષે પણ રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાજી તથા રાષ્ટ્રીય યુવા મોરચાના અધ્યક્ષ તેજસ્વી સૂર્યાની પ્રેરણાથી અને પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો.પ્રશાંત કોરાટની આગેવાનીમાં ગુજરાતમાં 'સેવા પખવાડિયા' અંતર્ગત બ્લડ ડોનેશન કેમ્પ, મેરેથોન જેવા વિવિધ કાર્યક્રમો યોજાનાર છે તે અંતર્ગત ભાજપ દ્વારા એક જ સમયે દેશમાં ૭૫ સ્થળ પર મેરેથોન યોજાશે. જેમાં ગુજરાતમાં ૧૦ મેરેથોનનું આયોજન કરવામાં આવેલ છે, તે અંતર્ગત રાજકોટ ખાતે શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવેના માર્ગદર્શન અને શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ કિશન ટીલવાના નેતૃત્વમાં આગામી તા.૨૧-૯-૨૦૨૫ના રવીવારે સવારે ૬:૦૦ કલાકે કેન્દ્રીય અગ્રણીઓ, પ્રદેશ અગ્રણીઓ, શહેરના આગેવાનો તેમજ વિવિધ સામાજિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં 'નમો યુવા રન' મેરથોન-નશામુકત ભારત' અંતર્ગત યોજવામાં આવશે. જેમાં યુવાનોને 'નશામુકત ભારત' નો સંદેશ આપવામાં આવશે.

આ 'નશામુક્ત ભારત અંતર્ગત 'નમો યુવા રન' મેરેથોન બહુમાળી ભવનથી પ્રસ્થાન થઈ, પોલીસ હેડ ક્વાર્ટર સર્કલ, કિસાનપરા ચોક, જિલ્લા પંચાયત ચોક, બહુમાળી ચોક સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે સમાપન થશે. આ મેરેથોનમાં પાંચ હજારથી પણ વધુ સ્પર્ધકો ભાગ લેશે. ભાગ લેનાર સ્પર્ધકોને ટી-શર્ટ અને સર્ટીફીકેટ આપવામાં આવશે તેમજ મેરેથોનમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવેલ સ્પર્ધકને શીલ્ડ આપી સન્માનીત કરવામાં આવશે.

'અબતક'ની શુભેચ્છા મુલાકાતે આવેલા ગુજરાત પ્રદેશ યુવા મોરચાના ઉપાધ્યક્ષ હરેન્દ્રસિંહ ગોહિલ, રાજકોટ શહેર યુવા ભાજપ પ્રમુખ કિશન ટીલવા, મહામંત્રી સહદેવ ડોડીયા, જયકિશન ઝાલા, કિશન પટેલ, ધ્રુવ કાકડીયા, જય બોરીચા, સુનીલ ગોહેલ, વ્યોમ વ્યાસ, હાર્દિકભાઈ કુગશિયા, કાનાભાઈ સરેયાએ 'નમો યુવા મેરેથોન'માં રજીસ્ટ્રેશન માટે ઈચ્છુક યુવક-યુવતિઓને namoyuvarun.bjymgujarat.org ની મુલાકાત લેવા જણાવાયું છે.

### નમો યુવા રન માત્ર દોડ નહીં પરંતુ યુવાનોમાં દેશપ્રેમ જગાવતો મહોત્સવઃ કિશન ટીલવા

આ તકે કિશન ટીલવાએ જણાવેલ કે 'નમો યુવા રન' - નશામુક્ત ભારત'નો હેતુ યુવાશકિતને રાષ્ટ્રનિર્માણ માટે પ્રેરિત કરવાનો છે. દેશના પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના સપના સાકાર કરવા પ્રતિબધ્ધતા દર્શાવવી અને સ્વસ્થ આત્મનિર્ભર ભારતના સંકલ્પને મજબૂત કરવો છે. ત્યારે 'નમો યુવા રન' માત્ર દોડ નહી પરંતુ યુવાનોમાં દેશપ્રેમની લાગણી જગાવતો એક મહોત્સવ સાબિત થશે. યુવાનોની ઉર્જા એટલે રાષ્ટ્રની શક્તિ, પ્રધાનસેવક નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસે આ ઉર્જા એક અનોખા રૂપે ઝળહળતી જોવા મળશે. આ 'નમો યુવા રન' માત્ર એક કાર્યક્રમ જ નહી રહેતા યુવાશક્તિનો વ્યસનમુક્તિ તરફનો સંકલ્પ, સ્વસ્થ જીવનનો સંદેશ અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા તરફની દોડ બની રહેશે અને વિશાળ સંખ્યામાં યુવાનો 'ફિટ ઈન્ડીયા, હિટ ઈન્ડીયા' ના સંકલ્પને આગળ ધપાવવા ઉત્સાહપૂર્વક જોડાશે.

# આઈઓટી સંશોધનમાં નવી દિશાઃ વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજમાં બે દિવસીય નેશનલ કોન્ફરન્સ

## રીસેન્ટ ટ્રેન્ડસ એન્ડ ઈનોવેશન્સ ઈન આઈઓટી થીમ હેઠળ દેશભરના સંશોધકોના પેપર્સ રજૂ, એ.આઈ.સી.ટી.ઈ. અને આઈ.એસ.ટી.ઈ.ના નિષ્ણાંતો હાજર

### કોન્ફરન્સમાં એ.આઈ.સી.ટી.ઈ ના ચેરમેન પ્રો. ડો. ટી.જી. સીથારામ ખાસ માર્ગદર્શન આપશે



**અબતક, રાજકોટ**

વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં તા. ૧૯ અને ૨૦ સપ્ટેમ્બર દરમિયાન રીસેન્ટ ટ્રેન્ડસ એન્ડ ઈનોવેશન્સ ઈન આઈઓટી થીમ પર બે દિવસીય નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. આ કોન્ફરન્સ એ.આઈ.સી.ટી.ઈ. (ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન) અને આઈ.એસ.ટી.ઈ. (ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનિકલ એજ્યુકેશન) ના સહયોગથી યોજાઈ રહ્યું છે. કોન્ફરન્સમાં એ.આઈ.સી.ટી.ઈ ના ચેરમેન પ્રો. ડો. ટી.જી. સીથારામ, આઈ.એસ.ટી.ઈ. ગુજરાત સેકશનના ચેરમેન ડો. સચિન પરીખ, નિરમા યુનિવર્સિટીના ડાયરેક્ટર ડો. હિમાંશુ સોની, જીટીયુના આઈટી સેલના ડો. બી.વી. બુદ્ધદેવ અને નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના ડો. ઉજ્જ્વલ પટેલ હાજર રહીને માર્ગદર્શન આપશે. વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના પ્રિન્સિપાલ ડો. પીયુષભાઈ વણઝારા તેમજ કર્મચારીગણના જહેમત હેઠળ આ કોન્ફરન્સનું સફળ આયોજન થાય છે. ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુક્લ, ડો. સંજીવભંઈ ઓઝા, હર્ષલભાઈ માણીયાર, ડો. નરેન્દ્રભાઈ દવે અને ડો. નવીનભાઈ શેઠે પણ શુભેચ્છાઓ પાઠવી છે.

આ નેશનલ કોન્ફરન્સ એન્ટરપ્રેન્યોરશિપ અને ટેકનોલોજીના ક્ષેત્રમાં નવા વિચારો અને સંશોધનને પ્રોત્સાહન આપનાર મહત્વપૂર્ણ મંચ તરીકે ઊભી રહેવાની સંભાવના છે.

### નેશનલ કોન્ફરન્સ વિદ્યાર્થીઓ અને સંશોધકોને નવી ટેકનોલોજી સાથે પરિચય કરાવવાનો એક મંચઃ ડો. તેજસ પાટલીયા

અબતકની મુલાકાતમાં ડો. તેજસ પાટલીયાએ જણાવ્યું હતું કે,કોન્ફરન્સમાં દેશભરના સંશોધકોના પેપર્સ રજૂ થશે, જેમાં સ્માર્ટ હોમ ઓટોમેશન, હેલ્થ ટ્રેકિંગ ડિવાઈસ, એનર્જી મેનેજમેન્ટ, ડેટા-ડ્રીવન સિસ્ટમ્સ અને રીમોટ મોનિટરિંગ જેવા આઈઓટી સંબંધિત આધુનિક સંશોધનો પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. આ નેશનલ કોન્ફરન્સ વિદ્યાર્થીઓ અને સંશોધકોને નવી ટેકનોલોજી સાથે પરિચય કરાવવાનો એક મંચ છે. દેશભરના વિવિધ સંશોધકોના પેપર્સના પ્રસ્તુતિથી આઈઓટી ક્ષેત્રે નવી દિશાઓ પર ચર્ચા થશે અને ભાગ લેનારાઓને આધુનિક પ્રયોગો અને સંશોધન અંગે પ્રેરણા મળશે.

### વિદ્યાર્થીઓ અને સંશોધકોને આધુનિક ટેકનોલોજી સાથે સીધો સંપર્કઃ આચાર્ય ડો.પિયુષભાઈ વણઝારા

અબતકની શુભેચ્છા મુલાકાતમાં, એન્જિનિયરિંગ કોલેજના આચાર્ય ડો. પિયુષભાઈ વણઝારાએ જણાવ્યું હતું કે, વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજમાં આ નેશનલ કોન્ફરન્સ આયોજિત કરવું એ વિદ્યાર્થી અને સંશોધકો માટે ટેકનોલોજીના ક્ષેત્રમાં નવી દિશા પ્રદાન કરવા માટે એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. આઈઓટી સંબંધિત સંશોધનો રજૂ થવાથી વિદ્યાર્થીઓ અને સંશોધકોને આધુનિક ટેકનોલોજી સાથે સીધો સંપર્ક મળી શકે છે અને દેશભરના અન્ય સંશોધકો સાથે જ્ઞાનના અદલાબદલીનો અવસર મળશે.

# નરેન્દ્રભાઈના જન્મદિને આત્મીય યુનિ.માં અમૃત સન્માન યાત્રામાં જનમેદની ઉમટી

## અધ્યક્ષ ત્યાગવલ્લભસ્વામી, રાજયસભા સાંસદ રામભાઇ મોકરીયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિતના રાજકીય સામાજીક અગ્રણીઓ રહ્યા હાજર







**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ૭૫મા જન્મદિન નિમિત્તે આત્મીય યુનિવર્સિટી દ્વારા અમૃત સન્માન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આત્મીય યુનિવર્સિટીના અધ્યક્ષ ત્યાગ વલ્લભસ્વામી, રાજ્યસભા સાંસદ રામભાઈ મોકરિયા, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, રાજકોટ મહાનગરપાલિકાના સ્થાયી સમિતિના ચેરમેન જયમીનભાઈ ઠાકર, શહેર ભાજપ પૂર્વ પ્રમુખ મુકેશભાઈ દોશી ,શહેર ભાજપ ઉપપ્રમુખ રાજદીપસિંહ જાડેજા , યુવા ભાજપ પ્રમુખ કિશન ટીલવા, જેએમજે ગ્રુપના ચેરમેન મયુરધ્વજસિંહ જાડેજા સહિતના મહાનુભાવોએ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી અમૃત સન્માન યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે સાંસદ રામભાઈ મોકરિયાએ કહ્યું હતું કે, ''આ યાત્રા યુવા પેઢીને નશાની લતમાંથી મુક્ત થવાનો સંદેશ આપનારી છે. સ્વસ્થ ભારત માટે, ચેતનાવાન યુવા માટેનો આ સંકલ્પ છે. ભારતીય સંસ્કૃતિમાં સહિષ્ણુતા, કરુણા અને ભાઈચારાનાં તત્વ સહજ છે. આ યાત્રા એ મૂલ્યોની ઉજવણી છે. જે મોદીજીના નેતૃત્વમાં વૈશ્વિક બન્યાં છે! '''વસુધૈવ કુટુંબકમ્'-એ જીવનશૈલીછે. આ યાત્રા ભાઈચારા, સહઅસ્તિત્વ અને માનવતાનું પ્રતિનિધિત્વનો સંદેશ આપે છે. આજે નરેન્દ્રભાઈના પંચોતેરમાં જન્મદિને આપણે

(અનુ. આઠમા પાને)

### અમૃત સન્માન યાત્રા યુવા પેઢીને વ્યસનમુકત અને સશકત બનાવવાનો સંકલ્પઃ ત્યાગવલ્લભ સ્વામી



'અબતક' સાથેની વાતચીતમાં આત્મીય યુનિવર્સિટીના અધ્યક્ષ ત્યાગવલ્લભ સ્વામીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૭૫માં જન્મદિવસી ઉજવણીના ભાગરુપે યુવાનો દ્વારા અમૃત સન્માન યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ યાત્રાનો મુખ્ય હેતુ દેશના યુવાનોને વ્યસન મુકત અને ડ્રગ્સ મુકત સમાજ તરફ પ્રેરિત કરવાનો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૦૨ માં પેટા ચુંટણીમાં જીત મેળવીને રાજકીય સફરને શરુઆત કરી હતી અને ત્યારથી દેશ સેવા માટે કાર્યરત છે. આ યાત્રા દ્વારા નશાના દુષણોથી મુકત, સ્વચ્છ અને શકિતશાળી ભારતના નિર્માણનો સંદેશ ફેલાવીને યુવા પેઢીમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.




जीवेत शरदः शतम्

स्वभाव स्वच्छता - संस्कार स्वच्छता

सत्यमेव जयते
ગુજરાત સરકાર

17મી સપ્ટેમ્બરથી

# સ્વચ્છોત્સવ અને સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

## અભિયાનનો રાજ્યવ્યાપી શુભારંભ



## સ્વચ્છોત્સવ 2025

**17 સપ્ટેમ્બરથી 31મી ઓક્ટોબર** સુધી રાજ્યવ્યાપી સફાઇ અભિયાન

**ધાર્મિક** અને **પ્રવાસન સ્થળોની સફાઇ**

શહેરના તમામ **બાગ-બગીચાઓ, ફૂટપાથ અને ધોરીમાર્ગોની સફાઇ**

તમામ **રહેણાંક, વાણિજ્ય અને સ્લમ વિસ્તારોની સફાઇ**

શહેરના તમામ **જી.વી.પી. (ગાર્બેજ વલ્નરેબલ પોઇન્ટ્સ)** અને **સી.ટી.યુ. (ક્લિનલિનેસ ટાર્ગેટ યુનિટ)**ની સફાઇ

**સફાઇમિત્ર સુરક્ષા શિબિરનું** આયોજન

ભાગીદારી થકી **સ્વચ્છતાને પ્રોત્સાહન**



## સ્વસ્થ નારી, સશક્ત પરિવાર

**ગુજરાતમાં તા. 17 સપ્ટેમ્બર થી 02 ઓકટોબર 2025 સુધી** સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન ઉજવાશે

**17 સપ્ટેમ્બર થી 16 ઓક્ટોબર સુધી** 8મા પોષણ માહની ઉજવણી

**સહી પોષણ, દેશ રોશનના** મંત્ર સાથે રાજ્યવ્યાપી કાર્યક્રમ

17 સપ્ટેમ્બરે **અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિત 600 સ્થળે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું** પણ આયોજન

**માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી** મધ્યપ્રદેશથી કરાવશે સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ

**મહિલાઓના સ્વાસ્થ્ય અને પોષણ** આધારિત કાર્યક્રમોનું રાજ્યવ્યાપી આયોજન

જે પૈકી **10,849 સ્પેશિયાલિસ્ટ કેમ્પ** અને **1,30,188 સ્ક્રીનિંગ કેમ્પ** દ્વારા નાગરિકોને નિ:શુલ્ક આરોગ્ય સેવાઓનો લાભ અપાશે

રાજ્યમાં અંદાજે કુલ **1.41 લાખ કરતાં વધુ** હેલ્થ કેમ્પનું આયોજન

## સ્વચ્છતા અને નારી સશક્તિકરણ તરફ
## ગુજરાતની મક્કમ ગતિ



# નવલા નોરતાઃ શેરી ગરબાથી માંડી અર્વાચીન રાસોત્સવ માટે પોલીસે નિયમો જાહેર કર્યા

## ૧૨ વાગ્યાંના ટકોરે લાઉડ સ્પીકર બંધ, પૂરતી પાર્કિંગની વ્યવસ્થા, ક્રાઉડ મેનેજમેન્ટ અર્થે એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ પર સ્વયંસેવકની હાજરી ફરજીયાતઃ ભંગ બદલ કાર્યવાહી થશે

## ગરબા ગ્રાઉન્ડ, એન્ટ્રી-એકઝીટ પોઈન્ટ તીસરી આંખથી સજ્જ રાખવા ફરજીયાતઃ આયોજકે સીસીટીવીનું બેકઅપ રાખવું પડશે

**અબતક, રાજકોટ**

માં નવદુર્ગાની આરાધનાનો પર્વ એટલે નવરાત્રી. નવલા નોરતાની રાજકોટ, સૌરાષ્ટ્ર સહીત સમગ્ર દેશભરમાં અલગ અલગ ધાર્મિક રીત રિવાજો સાથે આરાધના કરી ભવ્ય ઉજવણી કરવામાં આવતી હોય છે. આગામી સોમવારથી માતાજીના આરાધનાનો પર્વ પ્રારંભ થઈ રહ્યો છે. ત્યારે માતાજીના પર્વમાં નવ દિવસ દરમિયાન રાસોત્સવ રાસ રમી માતાજીની આરાધના કરતા ખેલૈયાઓની સુરક્ષા માટે પોલીસે આગોતરી તૈયારી કરી છે. જેમાં શહેરમાં ૩૨ અર્વાચીન, ૭૩ પ્રાચીન અને ૫૭૩ શેરી ગરબાનું આયોજન થવા જઈ રહ્યું છે. જેમાં પોલીસ દ્વારા સરકારી ગાઈડ લાઈન મુજબ કડક નિયમો જાહેર કરવામાં આવ્યા છે. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયાના માર્ગદર્શન હેઠળ ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા દ્વારા નવરાત્રીના નિયમો અંગે જણાવ્યું હતું કે, રાજકોટ શહેરમાં ૩૨ અર્વાચીન, ૭૩ પ્રાચીન અને ૫૭૩ શેરી ગરબા મળી કુલ ૬૭૮ ગરબાનું આયોજન થવાનું છે. જેમાં શહેર પોલીસ દ્વારા હોમગાર્ડ અને એસઆરપી મળી કુલ ૧૦૦૦ થી વધુ જવાનો અલગ અલગ સ્થળોએ ફરજ બજાવી સુરક્ષા વ્યવસ્થા સંભાળશે. તેમજ ગરબા આયોજકો માટે સ્થળ પર એન્ટ્રી અને એક્ઝિટ ગેટ પર સીસીટીવી કેમેરા લગાવવાના રહેશે, જેમનું બેકઅપ ખાસ આયોજકે સાચવવાનું રહેશે. તેમજ પબ્લીક સેફટી એકટ જોગવાઈનું પણ પાલન કરવાનું રહેશે. ઉપરાંત ગરબાના સ્થળ પર પાર્કિંગ માટે પૂરતી વ્યવસ્થા કરવાની રહેશે. ઉપરાંત ખાસ હાઈકોર્ટે દ્વારા હાલમાં જ માઈક અને લાઉડ સ્પીકરના અવાજથી ફેલાતા ન્યુસન્સ મામલે ટકોર કરી છે, જેથી સરકારી ગાઈડ લાઈન મુજબના ડેસીબલની મર્યાદામાં વગાડવાના રહેશે તેમજ નિયત સમય રાત્રીના ૧૨ વાગ્યા સુધીમાં બંધ કરવાના રહેશે, નહિતર પોલીસ કાર્યવાહી કરશે. તેમજ આયોજકે ખાસ ધ્યાન રાખવાનું રહેશે કે, નવરાત્રીના આયોજનમાં સામાજિક-સાંપ્રદાયિક સ્થિતી બગડે નહીં તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે અને કોઈ ધાર્મિક ખલેલ ન પહોંચે તેની પણ તકેદારી રાખી ગરબાનું આયોજન કરવાનું રહેશે.ઉલ્લેખનીય છે કે, લાઉડ સ્પીકર મામલે હાઈકોર્ટના વલણ બાદ શહેર પોલીસ પણ એકશન મોડમાં આવી છે અને સરકારની ગાઈડ લાઈન મુજબ આયોજકોને લાઉડ સ્પીકર વગાડવા મામલે સૂચના આપાઈ છે. ત્યારે જનરલ દિવસોમાં રાત્રીના ૧૦ વાગ્યાથી સવારના છ વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડી શકાતુ નથી. જ્યારે નવરાત્રીના નવ દિવસ સહિત વર્ષમાં ૧૫ દિવસ રાત્રીના ૧૨ વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડી શકાય છે. જ્યારે હોલમાં થતાં આયોજનમાં નિયમ લાગુ પડતો નથી.

### રોમિયો બની છાકટાવેળા કર્યા તો શી ટીમ કાયદાનું ભાન કરાવશે

નવરાત્રીના આયોજનોમાં ખાસ દિકરીઓ ગરબે રમવા માટે અલગ અલગ જગ્યાએ જતી હોય છે. ત્યારે અસામાજિક તત્વો અને રોમિયોગીરી કરતાં શખ્સો પણ મેદાનમાં ઉતરી પડતાં હોય છે. જેથી પોલીસ દ્વારા દીકરીઓની સુરક્ષા માટે પણ ખાસ વ્યવસ્થા કરી છે અને શી ટીમ દરેક આયોજનમાં સાદા ડ્રેસમાં હાજર રહી અસામાજિક તત્વો- રોમિયો પર ખાસ નજર રાખી અને જો દીકરીઓને હેરાન કરશે તો તુરંત કાર્યવાહી પણ કરશે.

### અવાવરૂ વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરાશે

નવરાત્રિના નવ દિવસ દરેક પોલીસ સ્ટેશન વિસ્તારમાં સરકારી વાહનોમાં પોલીસ જવાનો સઘન પેટ્રોલિંગ કરતા રહેશે. તેમાં ખાસ બ્લાઈન્ડ પોસ્ટ જેવા કે અવાવરું જગ્યામાં રાત્રિના સમયે અઘટીત બનાવ ન બને તે માટે પણ તેવી જગ્યા પર ખાસ પોલીસ તહેનાત પણ કરવામાં આવશે. તેમજ પોલીસ દરેક આયોજન પર ફરીને ખાસ સુરક્ષાને લગત ધ્યાન રાખશે.

**૫૭૩ શેરી ગરબા, ૭૩ પ્રાચીન અને ૩૨ અર્વાચીન રાસોત્સવમાં એસઆરપી અને હોમગાર્ડ મળી કુલ ૧ હજાર જવાનો સુરક્ષા વ્યવસ્થામાં તૈનાત રહેશે**

# આનંદનગરમાં મહિલા રસોયા પર મકાન માલિકનો હુમલો

## નજીવી બાબતે થયેલી બોલાચાલીમાં છરીના ઘી ઝીંક્યા

**અબતક, રાજકોટ**

જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં આવેલ આનંદબાગ પાસે રસોઈ કામ કરતી મહિલા અને મકાન માલિક વચ્ચે માથાકૂટ થઈ હતી. કોઈ કારણોસર થયેલી બોલા ચાલીએ જોતજોતા ઉગ્ર રૂપ ધારણ કરી લીધું હતું અને વાત હથિયાર વડે હુમલા સુધી પહોંચી ગઈ હતી. આ સમગ્ર ઘટના બહાર આવતાની સાથે જે વિસ્તારમાં સોંપો પડી ગયો હતો. હિંસક સ્વરૂપ ધારણ કરનાર માથાકુટમાં મકાન માલિક પણ ઘાયલ થયો હતો. જે મામલે પોલીસમાં મકાનમાલિક સામે ગુન્હો નોંધાયો છે.

આ પ્રકરણની જાણવા મળતી પ્રાથમિક વિગત અનુસાર જામનગરના ગુલાબ નગરમાં આવેલ આદિત્ય પાર્ક, શ્યામ ટાવર-૦૨માં રહેતા ભાવેશભાઈ નામના ૪૮ વર્ષીય રીક્ષા ડ્રાઈવરે પટેલ કોલોની શેરી નં.૦૪ મા આવેલ સાવન એપાર્ટમેન્ટની બાજુમાં યોગીકૃપા મકાનમાં રહેતા મુકેશભાઈ ત્રીભુવનભાઈ અગ્રાવત સામે સીટી બી-ડિવિજન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.


જેમાં જણાવાયા અનુસાર ભાવેશભાઈના પત્ની ભાવનાબેન જે આરોપી મુકેશભાઈ ત્રીભુવનભાઈ અગ્રાવતના ઘરે રસોઈ કામ કરવા કરતા હોવાથી આસપાસ આરોપીના ઘરે રસોઈ કામ કરવા ગયા હતા. આ દરમ્યાન કોઈ પણ કારણોસર બંને વચ્ચે બોલાચાલી માથાકુટ થઈ હતી.

જે વેળાએ આક્રોશમાં આવી ગયેલા આરોપી મુકેશે ભાવનાબેન ઉપર છરી વડે હુમલો કરી દીધો હતો અને ગરદનના ભાગે તેમજ વાસાના ભાગે છરીના જીવલેણ ઘા મારતા તેણીને ગંભીર ઈજાઓ પહોચી હતી. જેને લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે ખસેડવામાં આવી છે.

સૂત્રોમાંથી જાણવા મળતી વિગત અનુસાર બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ભાવનાબેનની સ્થિતિ વધુ ગંભીર છે. કારણ કે તેમની ગળાની ધોરી નસ કપાઈ ગઈ છે. બંને દર્દીઓની સઘન સારવાર ચાલી રહી છે.

# ચેક રિટર્ન કેસમાં સજા વોરંટ નિકળ્યા બાદ ફરાર શખ્સને ઝડપી લેવાયો

## સાધુ વાસવાણી રોડ પર રહેતા જીગ્નેશ કિહલાને દબોચી લેતી નાસતા ફરતા સ્કોડ ઝોન-૨ ટીમ



**અબતક, રાજકોટ**

ચેક રિટર્નના કેસમાં સજા વોરંટ નીકળ્યા બાદ ભૂગર્ભમાં ઉતરી ગયેલ સાધુ વાસવાણી રોડના શખ્સને નાસતા ફરતા સ્કોડ ઝોન-૨ ટીમે ઝડપી પાડ્યો છે.

ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ દ્વારા કોર્ટના સજા વોરંટની અસરકારક બજવણી કરવા સુચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને નાસતા ફરતા સ્કોડ ઝોન-૨ પીએસઆઈ આર એચ ઝાલાની ટીમ સજા વોરંટની બજવણી કરવા પેટ્રોલિંગમાં હતી. દરમિયાન ખાનગી રાહે મળેલી સંયુક્ત હકીકતના આધારે નામદાર કોર્ટના નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ના સજાના વોરંટના આરોપી જીગ્નેશ રાણાભાઈ કિહલા (રહે કશ્યપનગર શેરી નંબર-૨, રાજ પેલેસ ચોક, સાધુવાસવાણી રોડ,રાજકોટ)ને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કામગીરીમાં નાસતા ફરતા સ્કોડ ઝોન-૨ પીએસઆઈ આર એચ ઝાલા, હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ઝાલા, અંકિતભાઈ નિમાવત, અનિલભાઈ જીલરીયા, કોન્સ્ટેબલ અમિનભાઈ ભલુર અને પ્રશાંતભાઈ ગજેરા રોકાયા હતા.

# કુવાડવા રોડ પર ભીમેશ્વર મહાદેવ નજીક અજાણ્યા વાહનની ઠોકરે ફિલરમેનનું મોત

## રોડ ક્રોસ કરતી વેળાએ રાજસ્થાની યુવકને કાળનો ભેંટોઃ બે સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવી

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ રાજકોટ-અમદાવાદ હાઈવે પર રાત્રિના હીટ એન્ડ રનની ઘટના બનવા પામી હતી. ભીમેશ્વર મહાદેવ મંદિર નજીક રોડ ક્રોસ કરી રહેલા યુવાનને અજાણ્યા વાહને હડફેટે લેતા યુવાનનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. મૂળ રાજસ્થાનનો વતની યુવાન અહીં કુવાડવા પાસે બલદેવ પેટ્રોલ પંપમાં નોકરી કરતો હતો. ઘરેથી મરઘી લેવા માટે નીકળ્યા બાદ અજાણ્યા વાહને હડફેટે લેતા તેનું મોત થયું હતું. બનાવ અંગે મૃતકના ભાઈની ફરિયાદ પરથી કુવાડવા રોડ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે. અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાના ધારેશ્વર પારદીના વતની અને હાલ કુવાડવા ગામે રહેતો નરેન્દ્રસિંહ હીરાસિંહ રાવત નામનો યુવાન ગઈકાલ રાત્રીના ચાલીને રાજકોટ અમદાવાદ નેશનલ હાઈવે પર ભીમેશ્વર મહાદેવ મંદિર સામે રોડ ક્રોસ કરતો હતો ત્યારે અજાણ્યા વાહને તેને હડફેટે લેતા તેને ગંભીર ઈજા પહોંચી હતી. દરમિયાન કોઈએ ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ ના ઈએમટીએ જોઈ તપાસી યુવાનને મૃત જાહેર કર્યો હતો. બનાવને લઇ કુવાડવા રોડ પોલીસને જાણ કરતા પોલીસે અહીં પહોંચી જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. અકસ્માતના બનાવની વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, મૂળ રાજસ્થાનનો વતની નરેન્દ્રસિંહ આઠ ભાઈ બહેનના પરિવારમાં વચેટ હતો યુવાને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. યુવાન બલદેવ પેટ્રોલિયમમાં દિવસની શિફ્ટમાં નોકરી કરતો હતો. ગઈકાલ રાત્રિના તે ઘરેથી મરઘી લેવા માટે નીકળ્યા બાદ અકસ્માત નડતા તેનું મોત થયું હતું. બનાવ અંગે યુવાનના મોટાભાઈ જગદીશ હરિસિંહ રાવત (ઉ.વ ૩૯) ની ફરિયાદ પરથી કુવાડવા રોડ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# રાજકોટ, જામનગર અને દાહોદમાં દારૂના આઠ ગુનામાં વોન્ટેડ રાજસ્થાની શખ્સ દબોચાયો

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય અને જામનગર, દાહોદમાં દારૂના ગુનામાં નાસતા ફરતા અને અગાઉ આઠ ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા રાજસ્થાની શખસને રાજકોટ એલસીબીની ટીમે ઝડપી લીધો હતો. આ ઉપરાંત નવસારી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં ફરાર અન્ય આરોપીને પણ ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જાણવા મળતી વિગતો મુજબ, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ અને રાજકોટ જિલ્લા પોલીસ વડા વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા અપાયેલી સૂચનાને પગલે એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરાની રાહબરી હેઠળ પીએસઆઈ એચ.સી. ગોહિલ અને આર.વી.ભીમાણીની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ રવિદેવભાઈ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, વકારભાઈ આરબ, રોહિતભાઈ બકોત્રા અને કોન્સ્ટેબલ પ્રકાશભાઈ પરમારને મળેલી બાતમીના આધારે શાપર વેરાવળ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના ગુનામાં ફરાર આરોપી અનિલ બુધારામ શાહુ બિશ્નોઈ (રહે. દાવલ વર્ણપુર તા. ચિતલવાના જી. સાંચોર, રાજસ્થાન) ને ઝડપી લઇ કાયદેસરની કાર્યવાહી કરી હતી. આરોપી અનિલ શાહુ સામે રાજકોટ ગ્રામ્ય, જામનગર અને દાહોદમાં મળી દારૂના કુલ આઠ ગુના નોંધાઈ ચૂક્યા છે. આરોપી છેલ્લા બે વર્ષથી નાસતો ફરતો હોવાનું માલુમ પડ્યું હતું.

અન્ય એક કામગીરીમાં નવસારી જિલ્લામાં નોંધાયેલા દારૂના ગુનામાં નાસતા ફરતા આરોપી શ્રવણ કુંભારામ પરિહાર (રહે. બાડમેર, રાજસ્થાન) ને ઝડપી લઇ શાપર વેરાવળ પોલીસ સ્ટેશન હવાલે કર્યો હતો.

# પોપટપરામાં વિદેશી દારૂની ડિલિવરી વેળાએ જ પોલીસ ત્રાટકીઃ રૂ.૬૬ હજારનો શરાબ કબ્જે

## બાંધકામ સાઈટ પર મજૂરી કરતો એમપીનો શ્રમિક તેના વતનમાંથી ૬૦ બોટલ લઈ આવ્યો'તો

### અમિત મકવાણા નામના બુટલેગરે દારૂનો જથ્થો મંગાવ્યો'તો, બંનેની ધરપકડ : પ્ર.નગર પોલીસની કાર્યવાહી



**અબતક, રાજકોટ**

શહેરના પોપટપરા વિસ્તારમાં વિદેશી દારૂ ભરેલ બાચકાની ડિલિવરી વેળાએ જ પ્ર.નગર પોલીસની ટીમ ત્રાટકી હતી અને રૂ. ૬૬ હજારનો દારૂ ઝડપી બુટલેગર અને એમપીના શ્રમિકની ધરપકડ કરી હતી.

દારૂના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વી આર વસાવા અને પીએસઆઈ જે એન ગમારાના માર્ગદર્શન હેઠળ દારૂ - જુગારની બદીને ડામવા હેડ કોન્સ્ટેબલ મયુરરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ તૌફીકભાઈ મંધરા, તૌફીકભાઈ જુણાચ, ચાપરાજભાઈ ખવડ સહિતના કર્મચારીઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે, પોપટપરા સ્મશાનની સામે જાહેર રોડ પર બે શખ્સો પ્લાસ્ટિકના બાચકા સાથે ઉભેલ છે, જે બાચકામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલનો જથ્થો છુપાવેલ છે. જે બાતમી મળતાની સાથે જ પ્ર.નગર પોલીસની ટીમ પોપટપરા સ્મશાન નજીક દોડી ગઈ હતી અને પ્લાસ્ટિકના બાચકામાંથી રૂ. ૬૬ હજારની કિંમતની દારૂની ૬૦ બોટલો કબ્જે કરી અમિત ઉર્ફે લાલો કાળુભાઈ મકવાણા (રહે. રેલનગર-૨, રાધિકા ડેરી સામે, અંકુર વિદ્યાલય પાછળ,રાજકોટ) અને શંકર મગનભાઈ સેમલિયા (રહે પોપટપરા સ્મશાન પાસે, રાજકોટ મૂળ રહે. જાંબુઆ, મધ્યપ્રદેશ)ની ધરપકડ કરાઈ હતી.

પ્ર.નગર પોલીસે રૂ. ૬૬ હજારનો દારૂ, મોબાઈલ મળી કુલ રૂ. ૭૧ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દરોડા અંગે પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર અમિત ઉર્ફે લાલ વિરુદ્ધ દારૂના ૧૪ ગુના નોંધાઈ ચૂકેલા છે. તેણે જ અહીં બાંધકામ સાઈટ પર મજૂરી કરતા શંકરને તેના વતન ખાતેથી દારૂ લઈ આવવા જણાવ્યું હતું. જેથી દારૂ લાવી ડિલિવરી આપવા જતાં બંને શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા.

# ઘંટેશ્વર નજીક જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

## ગાંધીગ્રામ પોલીસ દરોડો પાડી રૂપિયા ૧૧૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર નજીક ઘંટેશ્વર પાસે રેલ્વે પાટા પાસે જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોની ધરપકડ કરી ૧૧૪૦૦ નું મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ શહેરમાં દારૂ અને જુગારની બદી ડામી દેવા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા એ આપેલી સુચના ને પગલે ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ એસઆર મેઘાણી સહિતના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે જામનગર રોડ નજીક ઘંટેશ્વર પચીસ વારિયા ક્વાર્ટર નજીક રેલવે પાટા પાસે જાહેરમાં જુગાર રમાતો હોવાની હેડ કોન્સ્ટેબલ રોહિત દાન ગઢવી સબીરખાન મલેક અને રવિભાઈ ગઢવી સહિતના સ્ટાફને મળેલી બાતમીના આધારે દરોડો પાડી જુગાર રમતા સંજય જસા વાઘેલા મુકેશ રાજા ડાંગર ઘનશ્યામ નાનજી બુટીયા અને આકાશ સુનીલ વઢવાણિયા સહિત ચાર શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા ૧૧૪૦૦ નો મુદ્દા માલ કબજે કરી ધોરણ સરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# રાજકોટ-જામનગરમાં વાહન ચોરીને અંજામ આપતી બેલડી ઝબ્બેઃ ૧૦ બાઈક કબ્જે

## પોરબંદરનો જયમલ સુંડાવદરા અને કલ્યાણપુરનો લખમણ ખૂંટી લોક વગરના બાઈક મળ્યે કળા કરી નાખતા : વાહન ડાયરેક્ટ કરી ઉઠાવી જતાં

## ચોરાઉ વાહનો વેંચી રોકડી કરવા રાજકોટ આવેલી બેલડીને ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધાઃ પીએસઆઈ એ એસ ગરચરની ટીમને સફળતા



**અબતક, રાજકોટ**

રાજકોટ અને જામનગરમાંથી વાહનો ચોરતી પોરબંદર અને કલ્યાણપુરની બેલડીની રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે દબોચી લઈ રૂ.૨.૫૭ લાખના ચોરાઉ ૧૦ બાઈક કબ્જે કર્યા હતાં. બંને શખ્સો લોક વગરના બાઈક ડાયરેક્ટર કરી ચોરીને અંજામ આપતાં હોવાનું સામે આવ્યું છે.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, ડિસીપી (ક્રાઈમ) જગદીશ બાંગરવા, એસીપી (ક્રાઈમ) ભરત બસીયા દ્વારા રાજકોટ શહેરમા અલગ અલગ જગ્યાએ થયેલ ઘરફોડ ચોરીના ગુન્હાઓ તાત્કાલીક ડીટેક્ટ કરી આરોપીઓને પકડવાની આપેલ સુચનાથી ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર અને સી.એચ.જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ.એસ.ગરચર ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે એએસઆઈ સમીરભાઈ શેખ, અનિલ સોનારા કોન્સ્ટેબલ ધર્મરાજસિંહ રાણા, જીલુભાઈ ગરચર, મનીષભાઈ ચાવડાને મળેલ સંયુક્ત બાતમીના આધારે ચોરી કરેલ કુલ-૧૦ બાઈક સાથે જયમલ મુરૂ સુંડાવદરા (ઉ.વ. ૨૬, ધંધો ડ્રાઈવીંગ રહે-દેગામ, પોરબંદર) અને લખમણ અરભમ ખુંટી (ઉ.વ.૨૨, ધંધો ખેતીકામ રહે-ગામ-ખીરસરા, કલ્યાણપુર) ને પકડી પાડી રૂ.૨.૫૭ લાખના વાહનો કબ્જે કરી પૂછતાછ આદરી હતી. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે વાહન ચોરોએ રાજકોટ શહેરના તાલુકા પોલીસ મથક બી ડિવિઝન પોલીસ મથક અને ગાંધીગ્રામ પોલીસ મથક વિસ્તારમાંથી વાહનો ચોર્યા હતા ઉપરાંત જામનગરના અલગ અલગ સાત સ્થળોએથી પણ વાહન ચોરિયાની સામે આવતા રાજકોટના ત્રણ અને જામનગરના સાત વાહન ચોરીના ડિટેક્ટ થયા છે. બંને શખ્સો પાર્ક કરેલ લોક વગરના બાઈકને ચોરવાની મોડ્સ ઓપરેન્ડી ધરાવે છે.

ઉલ્લેખનીય છે કે, આરોપી જયમલ સુંડાવદરા સામે દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં દારૂ સહિતના છ થી વધુ ગુનાઓ નોંધાયેલ છે તેમજ આરોપી લખમણ ખૂંટી વિરુદ્ધ પણ દેવભૂમિ દ્વારકા અને પોરબંદર જિલ્લામાં છ જેટલા ગુના નોંધાયેલ હોવાનું સામે આવ્યું છે.

### તસ્કર બેલડી લખણની પુરીઃ દારૂ-જુગારના શોખ પુરા કરવા વાહન ચોરીને અંજામ આપતાં

ક્રાઈમ બ્રાન્ચની ટીમે પકડેલ વાહન ચોર બેલડીની પૂછતાછમાં સામે આવ્યું હતું કે, બંને શખ્સો દારૂ અને જુગારની કુટેવ ધરાવે છે. જે શોખ પૂરા કરવા માટે વાહન ચોરી કરતા હતા. તેઓ ચાર થી પાંચ ચાવીઓ સાથે રાખતા હતા જો ચાવીથી વાહન શરૂ થઈ જાય તો ઠીક છે, નહિતર ડાયરેક્ટ કરી ચોરી કરવાની ટેવ ધરાવતા હતા. તેઓ તમામ વાહનો ૧૦ થી ૧૨ હજારમાં વેચવાની પહેરવીમાં હતા ત્યારે જ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ત્રાટકી હતી અને દબોચાઈ ગયા હતા.

# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિને ગુજરાતમાં સેવાકાર્યોનો અમૃતોત્સવ

## વિશ્વના સૌથી મોટા ક્રિકેટ ગ્રાઉન્ડ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૧૨ કલાકનો મેગા રકતદાન કેમ્પ: એક લાખ લોકો કરશે મહાદાન

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આજે ૭૫મો જન્મદિવસ છે. ગુજરાત સહિત દેશભરમાં સેવા કાર્યો થકી જનનાયક, ૧૪ કરોડ ભારતીયોના હૃદય સમ્રાટ એવા નરેન્દ્રભાઈના જન્મદિનની સેવાત્સવ તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા ક્રિકેટ ગ્રાઉન્ડ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આજે ૧૨ કલાકનો મહારકતદાન કેમ્પ યોજાયો હતો જેમાં એક લાખથી વધુ લોકો રકતદાન કરી નરેન્દ્રભાઈના દીર્ઘાયુ માટે શુભકામનાં પાઠવશે.




માત્ર ગુજરાત જ કે ભારતીય જ નહી વિશ્વના ૭૫ દેશોમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિનની ઉજવણી કરવામાં આવી રહી છે. ૭૫૦૦થી વધુ સ્થળોએ મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં ૪૦૦૦થી વધુ બ્લડ બેંક, અને ૨૫ હજારથી વધુ લેખ ટેકિનશિયન સેવા યજ્ઞમાં જોડાયા છે. આજે રકતદાનનો મહાવિક્રમ અંકિત થશે.





આજે સ્વસ્થ નારી , સશક્ત પરિવાર અભિયાનનો રાષ્ટ્રવ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુજરાતમાં ૦૨ ઓકટોબર ૨૦૨૫ સુધી સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન ઉજવાશે

રાજ્યમાં અંદાજે કુલ ૧.૪૧ લાખ કરતાં વધુ હેલ્થ કેમ્પ યોજાશે જેમાં ૧૦,૮૪૯ સ્પેશ્યાલિસ્ટ કેમ્પ અને ૧,૩૦,૧૮૮ સ્ક્રીનીંગ કેમ્પ દ્વારા

(અનુ. આઠમા પાને)

### સ્વસ્થ નારી, સશક્ત પરિવાર અભિયાન, સફાઈ અભિયાનનો આરંભ: ૨ ઓકટોબર સુધી સેવા પખવાડીયું ઉજવાશે

# ટેકાના ભાવની ખરીદીમાં એરંડાનો સમાવેશ કરવા ગુજરાતની ભલામણ

## મગફળી, ચણા અને સોયાબીનની ખરીદીમાં ઉત્પાદનના ૨૫ ટકાની મર્યાદા વધારી ૫૦ ટકા કરવાનું પણ સુચન

**અબતક, રાજકોટ**

નવી દિલ્હી ખાતે ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણની અધ્યક્ષતા હેઠળ 'વન નેશન, વન એગ્રીકલ્ચર, વન ટીમ'ની થીમ પર નેશનલ કોન્ફરન્સ ઓન એગ્રીકલ્ચર ફોર રબી કેમ્પઈન-૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ સહિત કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સહભાગી થયા હતા.

આ સંમેલનમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણે જણાવ્યું હતું કે, આગામી ૩ ઓકટોબરથી ૧૮ ઓકટોબર દરમિયાન રાષ્ટ્રવ્યાપી વિકસિત રવિ કૃષિ સંકલ્પ અભિયાન યોજાશે. જે દેશના ખેડૂતોની જમીનનું સ્વાસ્થ્ય જાળવીને ખેત ઉત્પાદકતા વધારવા તેમજ પ્રાકૃતિક કૃષિને વેગ આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું પૂરવાર થશે.

આ કોન્ફરન્સમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે ગુજરાતના કૃષિ ક્ષેત્રની વર્તમાન સ્થિતિ અને રવી પાકના વિવિધ અંદાજો રજૂ કર્યા હતા. સાથે જ, ગુજરાતમાં આ વર્ષે થયેલા કૃષિ વિકાસ, પાકની સ્થિતિ અને રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા મહત્વના પગલાં પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ કોન્ફરન્સમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં આ વર્ષે સારો વરસાદ થયો હોવાથી અત્યાર સુધીમાં સામાન્ય વાવેતર વિસ્તારની દ્રષ્ટીએ ૯૭ ટકા વિસ્તારમાં વાવણી પૂર્ણ થઈ છે. જ્યારે, બાકીના વિસ્તારમાં એરંડા અને તમાકુનું વાવેતર ચાલી રહ્યું છે. સમગ્ર રાજ્યમાં પાકની સ્થિતિ એકંદરે સારી છે અને આ વર્ષે પણ સારા ઉત્પાદનની અપેક્ષા છે. આ ઉપરાંત સારા વરસાદના પરિણામે રાજયના તમામ જળાશયો સંપૂર્ણ ભરાયા છે. જેના કારણે રવિ અને ઉનાળુ પાકનું સારું વાવેતર થવાની અને સારું ઉત્પાદન મળવાની આશા છે.

ભારત સરકારને સૂચન કરતા કહ્યું હતું કે, પ્રમાણિત બીજ કૃષિ માટે ખૂબ જ જરૂરી છે. ગુજરાતમાં ખરીફ-૨૦૨૫ સીઝનથી સાથી પોર્ટલ પર સર્ટિફિકેશનની પ્રક્રિયા સફળતાપૂર્વક શરૂ કરાઈ છે, જેમાં અત્યાર સુધી ૮૫ હજાર હેક્ટરથી વધુ વિસ્તારનું રજિસ્ટ્રેશન થયું છે. બીજનું રિવેલીડેશન ઓછામાં ઓછું બે વાર કરવાની અને રિવેલીડેશન માટે બીજ ટેસ્ટિંગ સરકારી કે માન્યતા પ્રાપ્ત લેબમાં જ કરવાની મંજૂરી આપવા વિનંતી કરી હતી.

આ ઉપરાંત તેમણે ખાતર વિતરણ સંસ્થાઓને પીઓએસ મશીનને બદલે ડેસ્કટોપ કોમ્પ્યુટર અને થમ્બ સ્કેનર પૂરા પાડવા માટે સૂચન કર્યું હતું, જેથી ખાતરનું વિતરણ ઝડપી અને સરળ બની શકે. આ કોમ્પ્યુટરનો ઉપયોગ અન્ય સરકારી યોજનાઓ માટે પણ થઈ શકે છે. નેટવર્ક ન હોય ત્યારે ઓફલાઈન ડેટા એન્ટ્રી કરવાની સુવિધા વિકસાવવા માટે પણ મંત્રીએ અનુરોધ કર્યો હતો.


ટેકાના ભાવે ખરીદી અંગે સૂચન કરતા મંત્રીએ કહ્યું હતું કે, ભારતમાં સૌથી વધુ એટલે કે, ૮૦ ટકા એરંડાનું ઉત્પાદન ગુજરાતમાં થાય છે. સીઝન દરમિયાન ઘણીવાર એરંડાના બજાર ભાવ ઓછા હોવાથી ખેડૂતોને આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવે છે. જેથી કૃષિ ક્ષેત્ર અને આર્થિક દ્રષ્ટીએ મહત્વપૂર્ણ એરંડાના પાકને લઘુત્તમ ટેકાના ભાવની યોજનામાં સામેલ કરવા માટે ભારત સરકારને ભલામણ કરી હતી.

વધુમાં, મગફળી, ચણા અને સોયાબીન પાકના ઉત્પાદનના ૨૫

(અનુ. આઠમા પાને)

# તૂટેલા રોડની યાદી તૈયાર કરી કસૂરવાર કોન્ટ્રાકટરો સામે કાર્યવાહી કરાશે

## વરસાદને કારણે ખેતીના પાક-વાવેતરનું ધોવાણ કે ખેતીની જમીનનું ધોવાણ થયું છે ત્યાં તાત્કાલિક સર્વે પૂરો કરીને ખેડૂતોને ઝડપભેર સહાય આપવા મુખ્યમંત્રીની સૂચના: મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રીએ મુખ્યત્ત્વે પાંચ મુદ્દે સમીક્ષા કરી તાકીદ અને આદેશ કર્યા



**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આજે જન્મ દિવસ છે અને તે નિમિત્તે રાજ્યભરમાં સંખ્યાબંધ પ્રજાહિતના કાર્યક્રમોનું આયોજન કરાયું છે ત્યારે તેમાં વ્યસ્તતાને કારણે સામાન્ય રીતે દર બુધવારે મળતી રાજ્ય મંત્રીમંડળ (કેબિનેટ)ની બેઠક મંગળવારની સવારે ૮ વાગ્યે યોજવામાં આવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયેલી મંત્રીમંડળની આ બેઠકમાં મુખ્યત્ત્વે ૫ મુદ્દા પર ચર્ચા કરવામાં આવી હતી. જેમાં રાજ્યમાં ભારે વરસાદને કારણે તૂટી ગયેલા માર્ગો-રસ્તાઓની વિગતવાર ચર્ચા, એમાંથી ક્યા માર્ગો ખાનગી કોન્ટ્રાક્ટરોએ બનાવ્યા છે, ક્યા માર્ગ-મકાન વિભાગ કે સરકારી તંત્ર હસ્તક બનાવાયા છે ?, આવા તૂટી ગયેલા નાના-મોટા રસ્તા ક્યારે બન્યાં હતા ? જે પૈકી છેલ્લા એક વર્ષમાં બનેલા અને તૂટી ગયેલા રસ્તાઓને બનાવનારાઓની યાદી તૈયાર કરી તેમને તે રસ્તા ફરી બનાવવાનો આદેશ અને તેમને બ્લેક લિસ્ટ કરવાની તાકીદ, વરસાદને કારણે ખેતીના પાક-વાવેતરનું ધોવાણ કે ખેતીની જમીનનું ધોવાણ થયું છે ત્યાં તાત્કાલિક સર્વે પૂરો કરીને ખેડૂતોને ઝડપભેર સહાય આપવા જેવા મુદ્દાનો સમાવેશ થાય છે.આમ તો, છેલ્લા પાંચેક કેબિનેટની બેઠકમાં મુખ્યમંત્રી દ્વારા વરસાદને કારણે ગ્રામ, તાલુકા, જિલ્લા કે રાજ્ય કક્ષાએ તૂટેલા માર્ગોની ચર્ચા કરાતી જ રહી છે પરંતુ ૧૬મીની આ બેઠકમાં મુખ્યમંત્રીના તેવર બદલાયેલા



હતા. તેમણે તૂટેલા માર્ગોની વિગતવાર સમીક્ષા કરી હતી. સાથોસાથે આવા કોન્ટ્રાક્ટરોને એક જ વર્ષમાં તૂટી ગયેલા રોડ-રસ્તા ફરીથી બનાવી આપવાની સૂચના આપી હતી. મુખ્યમંત્રીએ માર્ગ-મકાન વિભાગ કે તંત્ર દ્વારા બનાવાયેલા રોડ-રસ્તા પણ જો છેલ્લા એક વર્ષ દરમ્યાન તૂટ્યા હોય તો તેવા કિસ્સાઓમાં પણ પગલાં ભરવાનો આદેશ જારી કર્યો હતો.તાજેતરમાં ચોમાસા દરમ્યાન ઘણા જિલ્લાઓ - તાલુકાઓમાં ભારેથી અતિભારે વરસાદને કારણે કાંતો વાવેતર કે ઉભા પાકને નુકસાન થયું છે. કેટલાક વિસ્તારોમાં તો વરસાદના પાણી ભરાઈ રહેવાના કારણે ખેતીની ફળદ્રુપ જમીનનું ધોવાણ થયું છે. આ ઉપરાંત વરસાદને કારણે બાગાયતી પાકોને પણ નુકશાન થયું છે ત્યારે મંત્રીમંડળની બેઠકમાં આવા ખેતી ક્ષેત્રે થયેલી નુકશાનીનો તાત્કાલિક સર્વે પૂરો કરીને અસરગ્રસ્ત ખેડૂતોને નિયમાનુસાર તેનું વળતર ચૂકવવાની પણ સૂચના આપવામાં આવી હતી.

# સૌરાષ્ટ્રના ૧૪૧ ડેમોમાંથી ૭૬ છલોછલ

## રાજ્યના ૧૧૧ જળાશયોમાં ૧૦૦ ટકાથી વધુ જળસ્તર, ૧૪૫ જળાશયો હાઈએલર્ટ હેઠળ

**અબતક, રાજકોટ**

ચોમાસુ હવે વિદાય ભણી રહ્યું છે ત્યારે રાજ્યના ૨૦૬ જળાશયોમાં હાલ સરેરાશ જળસ્તર ૯૧ટકા છે જ્યારે ૧૧૧ જળાશયોમાં ૧૦૦ ટકાથી વધુ જળસ્તર છે. હાલ ૧૪૫ જળાશયો હાઈએલર્ટ હેઠળ છે.

હાલ જે મુખ્ય જળાશયોમાં જળસ્તર ૧૦૦ ટકાથી વધુ છે તેમાં અરવલ્લીમાંથી હાથમતી, ભાવનગરમાંથી શેત્રુંજી, મોરબીમાં મચ્છુ-૧, મચ્છુ-૨, અમરેલીના ધાતરવાડી, છોટા ઉદેપુરના રામી, જામનગરના વાઘોડિયા, કચ્છના કંકાવટી-નિરૂણાનો સમાવેશ થાય છે. ૧૪૫ જળાશયોમાં જળસ્તર ૯૦ ટકાથી વધુ હોવાથી હાઈએલર્ટ, ૧૨ જળાશયોમાં જળસ્તર ૮૦ ટકાથી ૯૦ ટકા વચ્ચે હોવાથી એલર્ટ, ૧૭ જળાશયોમાં જળસ્તર ૭૦ ટકાથી ૮૦ ટકા વચ્ચે હોવાથી વોર્નિંગ હેઠળ મૂકવામાં આવેલા છે. ૭૦ ટકાથી ઓછું જળસ્તર હોય તેવા કુલ ૩૨ જળાશયો છે.

રીજિયન પ્રમાણે જોવામાં આવે તો સૌરાષ્ટ્રના ૧૪૧માંથી ૭૬, કચ્છના ૨૦માંથી ૧૩, દક્ષિણ ગુજરાતના ૧૩માંથી ૯ જળાશયો સંપૂર્ણ ભરાયેલા છે. ગુજરાતની જીવાદોરી સરદાર સરોવર ૯૨.૪૭ ટકા જેટલું જળસ્તર ધરાવે છે.



### ૨૪ કલાકમાં ૨૦ તાલુકામાં મેઘમહેર વલસાડના કપરાડામાં અઢી ઈંચ

પશ્ચિમ રાજસ્થાનના કેટલાક ભાગોમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. સાથે જ પંજાબ અને ગુજરાતના કેટલાક ભાગોમાંથી ચોમાસું બે દિવસમાં વિદાય લે એ પ્રકારનું અનુકૂળ વાતાવરણ સર્જાયું હોવાનું હવામાન વિભાગનું અનુમાન છે. ચોમાસાની વિદાય વચ્ચે બંગાળની ખાડીમાંથી સક્રિય થઈને આગળ વધેલું લો પ્રેશર મહારાષ્ટ્રમાં ધબધબાટી બોલાવી રહ્યું છે. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ વરસાદ વરસી રહ્યો છે. લો પ્રેશર હાલ મધ્ય મહારાષ્ટ્રમાં સક્રિય છે. જેની અસર ગુજરાતમાં પણ જોવા મળી શકે છે. ઉપરાંત બંગાળની ખાડીમાં હાલ નવું એક સર્ક્યુલેશન પણ સક્રિય થયું છે. હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં હાલ દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં ૧૮ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરાઈ છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં ૨૦ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં વલસાડના કપરાડામાં ૬૨ મીમી, તાપીના વ્યારામાં ૩૭ મીમી , નવસારીમાં ૩૧ મીમી અને તાપીના વાલોદમા ૨૪ મીમી વરસાદ વરસ્યો છે.

# ૧૦૮ ઈમરજન્સી સેવામાં અત્યાર સુધી રેકોર્ડબ્રેક ૧.૮૧ કરોડથી વધુ કોલ

## આરોગ્ય સંજીવની-મોબાઈલ હેલ્થ યુનિટનો ૧.૯૮ કરોડથી વધુ નાગરિકોએ લીધો લાભ: ૧૮૧ મહિલા હેલ્પલાઈન દ્વારા ૧૬.૯૫ લાખથી વધુ કોલ એટેન્ડ કરાયા




**અબતક, રાજકોટ**

જ્યારે સમયની સોય અટકી જાય, આશાનો દોર તૂટી જાય ત્યારે ૧૦૮ એક નામ નહિ, પણ એક સંજીવની, એક આશ્વાસન, એક જીવનદીપ બનીને નાગરીકોના વ્હારે આવે છે. કટોકટીની પરિસ્થિતિમાં જરૂરિયાતમંદ નાગરીકો માટે ૧૦૮ સહારો બની છે.

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૦૭માં શરૂ કરાયેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવાનું માળખું આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતના તમામ જિલ્લાના શહેરો, તાલુકા અને છેવાડાના ગામ સુધી આજે ૧૦૮ ઈમરજન્સી સેવા ૨૪x૭ વિનામૂલ્યે ઉપલબ્ધ થઈ રહી છે, જે ગુજરાતના નાગરિકો માટે આશિર્વાદ સમાન છે.

ગુજરાતમાં આરોગ્ય સેવા ક્ષેત્રે ૧૦૮ ઈમરજન્સી સેવા શરુ થઈ ત્યારથી ઓગસ્ટ-૨૦૨૫ સુધીમાં રેકોર્ડ બ્રેક કુલ ૧.૮૧ કરોડથી વધુ ઈમરજન્સી કોલ સફળતાપૂર્વક એટેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ૫૯.૦૭ લાખથી વધુ પ્રસૂતિ સંબંધિત ઈમરજન્સી અને માર્ગ અકસ્માતના કિસ્સામાં ૨૨.૦૫ લાખથી વધુ ઈમરજન્સી સેવાઓ આપવામાં આવી છે. જીવન મરણનો સવાલ હોય તેવા આપાતકાલીન સ્થિતિમાં અત્યારસુધીમાં કુલ ૧૭ લાખથી વધુ લોકોના જીવ બચાવવામાં આવ્યા છે, તેમજ એમ્બ્યુલન્સમાં અને જે તે સ્થળ ઉપર કુલ ૧.૫૩ લાખથી વધુ સફળ પ્રસૂતિ કરાવવામાં આવી છે.

૧૦૮ ઈમરજન્સી સેવા ઉપરાંત ગુજરાતમાં અન્ય વિવિધ ઈમરજન્સી સેવાઓ પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જે અંતર્ગત વર્ષ ૨૦૧૨થી કાર્યરત ૪૩૪ જેટલી ખિલખિલાટ વાનનો ૧.૩૦ કરોડથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો છે. આરોગ્ય સંજીવની-મોબાઈલ હેલ્થ યુનિટમાં કાર્યરત ૧૦૩ વાન થકી ૧.૯૮ કરોડથી વધુ નાગરિકોએ લાભ લીધો છે. વર્ષ

(અનુ. આઠમા પાને)

શ્રધ્ધાંજલિ સભા



શ્રી ચંદ્રકાંતભાઈ હરસુખલાલ કોટિયા
સ્વ.તા.૧૩-૯-૨૦૨૫, શનિવાર

જય જિનેન્દ્ર...
શબ્દો નિષ્ફળ બની જાય છે ત્યારે, મૌન હૃદયની ભાષા બોલે છે,
રાજકોટનાં વતની શ્રી ચંદ્રકાંતભાઈ હરસુખલાલ કોટિયા ઉ.વ.૮૧
તા.૧૩-૯-૨૦૨૫ ને શનિવારનાં રોજ અરિહંતશરણ પામેલ છે.

તેમનું જીવન એક અદ્દભુત કાવ્ય સમાન હતું. સાદગી ની સુગંધ, સેવાભાવની ગંગા અને સ્નેહની અનંત ઝરણાધારા, પરિવાર, સગા-સ્નેહી અને સ્વજનો માટે તેઓ વટવૃક્ષ જેવા હતા. જેની છાયામાં સુરક્ષા, શકિત અને સ્નેહનો અવિરત આશિર્વાદ મળતો રહયો. આ વિયોગે હૃદયમાં જે ખાલીપો રચ્યો છે, તે કયારેય પુરાઈ શકે તેમ નથી. તેમની યાદો ચિરંજીવ પ્રકાશ સમાન અમને માર્ગદર્શન આપતી રહેશે.

શ્રધ્ધાંજલિ સભા
તા.૧૮-૯-૨૦૨૫ ગુરુવારે બપોરે ૪ થી ૬ કલાકે
શ્રી સ્વામીનારાયણ મંદિર-BAPS, પ્રમુખ સ્વામી સભા ગૃહ
પ્રવેશ ગેઈટ નં.૫, પાર્કિંગ ગેઈટ નં.૧ અને ૮,
કાલાવડ રોડ, રાજકોટ

કોટિયા પરિવાર તથા પ્રોજેકટ 'લાઈફ',
લાઈફ બ્લડ સેન્ટર અને જયશ્રી વ્યાપાર લિમિટેડ પરિવાર
savelife@999life.org